

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



HRI ATMANAND PRAKASH



તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ

પુસ્તક ૫૩
અંક ૧૧-૧૨ મો

પ્રકાશક :-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

જેઠ-અશાડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. શ્રી વિમલજિન સ્તવન ... ... ... ... ... | ( પાદરાકર ) | ૧૬૧ |
| ૨. કામવાસનાનો દારુણ અંજામ ... ... | ( મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી ) | ૧૬૨ |
| ૩. નવનિધાન નવ સ્તવનો ... ... ... | ( શ્રી હીરાલાલ રસિકદાસ કાપડીયા ) | ૧૬૫ |
| ૪. સમાજ-સ્વપ્નની આગાહી ... ... ... | ( શ્રી પ્રાણજીવનદાસ હ. ગાંધી ) | ૧૬૭ |
| ૫. જીવન ... ... ... ... ... ... | ( અમરચંદ માવજી શાહ ) | ૧૭૧ |
| ૬. જીવન-સૌંદર્ય ... ... ... ... ... | ( અનુ૰ વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૧૭૪ |
| ૭. કાગળનાં ફૂલ ... ... ... ... | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૧૭૬ |
| ૮. ધર્મવીર કુમારપાળ ... ... ... ... | ( કાંતિલાલ જ. દોશી ) | ૧૭૭ |
| ૯. શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇનું પ્રવચન... ... ... ... ... ... | | ૧૮૭ |
| ૧૦. સેવાવ્રત ... ... ... ... | ( ભવાનભાઇ પ્રાગજીભાઇ સંઘવી ) | ૧૯૦ |
| ૧૧. વાર્ષિક અનુક્રમણિકા ... ... ... ... .. ... ... | | ૧૯૪ |
| ૧૨. પુસ્તકોની પહોંચ... ... ... ... ... ... ... ... | | ૧૯૬ |


## " શ્રી આત્માનંદ પ્રકાશ " માસિક અંગે નિવેદન

આ વખતનો જ્યેષ્ઠ તથા અશાડ માસનો અગિયારમો તથા બારમો અંક સંયુક્ત બહાર પાડવામાં આવ્યો છે અને " શ્રી આત્માનંદ પ્રકાશ "નું ત્રેપનમું વર્ષ ગુરુ-કૃપાથી અશાડમાં પૂરું થાય છે.

આપ સર્વ જાણો છો કે, શ્રી આત્માનંદ પ્રકાશે સમાજનાં ધાર્મિક, નૈતિક અને સામાજિક ક્ષેત્રમાં, પોતાની મર્યાદામાં રહીને યથાશક્તિ સેવા બજાવી છે. અમો અમારું મૂલ્યાંકન આપમેળે કરીએ તે ઉચિત નથી છતાં પણ " પ્રકાશ "ને વધુ સમૃદ્ધ અને રસિક બનાવવાની અમારી અભિલાષા અને પ્રયત્ન છે.

વાર્ષિક હિસાબી સગવડતાને અંગે શ્રી આત્માનંદ પ્રકાશનું વર્ષ નવા વર્ષથી બદલવાનું અમે ઉચિત ધાર્યું છે અને એટલે ચોપનમા પુસ્તકનો પ્રથમ અંક શ્રાવણ માસને બદલે ૨૦૧૩ના કાર્તિક માસમાં પ્રગટ થશે એટલે હવેથી માસીકનું વરસ કાર્તિકથી આસો સુધીનું નિર્ણીત કરવામાં આવ્યું છે.

ગ્રાહક બંધુઓને જણાવવાનું કે, તેમણે પોતાનું સં. ૨૦૧૩ નું લવાજમ અશાડ માસની આખર સુધીમાં મોકલી આપવું. આપના તરફથી જો લવાજમ સમયસર નહિ મળે તો સં. ૨૦૧૩ નું એટલે કે " શ્રી આત્માનંદ પ્રકાશ "ના ચોપનમા વર્ષનું લવાજમ વસુલ કરવા માટે ઐતિહાસિક ભેટ-પુસ્તક શ્રાવણ માસમાં રૂા. ૩-૮-૦ ના વી. પી. થી આપના તરફ રવાના કરવામાં આવશે, જે સ્વીકારી લેવા વિજ્ઞપ્તિ છે. દરમિયાનમાં જેમને ગ્રાહક તરીકે ન રહેવું હોય તેમણે અમને તરત લખી જણાવવું, જેથી વી. પી. નો ખોટો ખર્ચ ન થાય.

આ અંક પ્રસિદ્ધ થયા પછી લાઇફ મેમ્બરો, પેટ્રનો તેમજ ગ્રાહક બંધુઓએ ત્રણ માસ સુધી શાંતિ રાખી અંક કેમ મળ્યો નથી ? કે કેમ પ્રગટ થયો નથી ? તે માટે પૂછપરછ ન કરવા વિનંતિ છે.

તંત્રીમંડળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર
# ૫૯ મા વર્ષનો રિપોર્ટ

[ સં. ૨૦૧૧ ના કાર્તિક શુદિ ૧ થી આસો વદિ ૦)) સુધી ]

પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસ પછી, માત્ર પચીસમા મંગળ દિવસે, એટલે વિ. સં. ૧૯૫૨ ના દ્વિતીય જેઠ શુદિ બીજના રોજ, પૂજ્યપાદ ગુરુદેવના પુનીત નામાભિધાનથી ગુરુભક્તિ નિમિત્તે આ સભાની સ્થાપના કરવામાં આવી, જે ગુરુદેવની પરમકૃપાથી દિવસાનુદિવસ પોતાનો વિકાસ સાધતી યશસ્વી જીવનયાત્રાનું ૫૯ મું વર્ષ સમાપ્ત કરી ૬૦ મા વરસમાં પ્રવેશ કરે છે. કોઇ પણ સંસ્થાનું આટલું લાંબું આયુષ્ય એ તેના ગારવનો પ્રસંગ છે. અમો પણ આ પ્રસંગે અમારો હર્ષ વ્યક્ત કરી ૫૯ મા વરસની કાર્યવાહી અને હિસાબ આપની સમક્ષ રજૂ કરવા રજા લઇએ છીએ.

**ઉદ્દેશ**—જૈનશાસ્ત્રો અને સાહિત્યનો ફેલાવો, જૈન તેમજ જૈનેતરોમાં, ભારત તેમજ પરદેશમાં થાય તથા સમાજમાં જ્ઞાન તથા ધાર્મિક અને વ્યાવહારિક કેળવણી વધે તે આ સંસ્થાનો ઉદ્દેશ છે અને આ ઉદ્દેશ સફળ કરવા તેને લગતી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવી તે આ સંસ્થાનું કાર્યક્ષેત્ર છે.

**સભ્યોના પ્રકારો**—

એકવીશ વર્ષની ઉંમર પૂરી કરી હોય તેવી કોઇ પણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વ્યક્તિ ( પુરુષ અથવા સ્ત્રી ) અથવા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સંસ્થા કે જ્ઞાનભંડાર નીચે મુજબ આ સંસ્થાના સભ્ય થઇ શકશે.

( ૧ ) આ સંસ્થાને એકી સાથે રૂા. ૫૦૧) કે તેથી વધારે રકમ આપનાર આ સંસ્થાના **આશ્રયદાતા** ( Patron ) ગણાશે.

**નોંધ**—સંઘ, સંસ્થા કે જ્ઞાનભંડાર આશ્રયદાતા થઇ શકશે નહીં.

( ૨ ) આ સંસ્થાને એકી સાથે રૂા. ૧૦૧) થી ૫૦૦) સુધીની રકમ આપનાર આ સંસ્થાના **આજીવન સભ્ય** ( Life member ) ગણાશે.

**નોંધ**:—કોઇ પણ સંઘ આજીવન સભ્ય થઇ શકશે નહીં. જાહેર જ્ઞાનભંડારને કે સંસ્થાને વ્યવસ્થાપક સમિતિની મંજૂરી લઇને આજીવન સભ્ય કરી શકાશે.

( ૩ ) આ સંસ્થાને વાર્ષિક રૂા. ૫) નું લવાજમ ભરનાર **સામાન્ય સભ્ય** ( ordinary member ) ગણાશે.

**સભાના સભાસદો**—

સં. ૨૦૧૧ની આખર સુધીમાં નોંધાએલ સભાના સભ્યોનો વિચાર કરતા અમારે કહેવું જોઇએ કે સભા તરફથી ઉચ્ચ કોટીનું જે સાહિત્ય–પ્રકાશન થઇ રહ્યું છે અને તે કાર્યમાં આપણા પૂજ્યપાદ વિદ્વદ્મુનિવર્યો તેમજ વિદ્વાન્ ગૃહસ્થોનો જે સાથ મળી રહ્યો છે તેના પરિણામે સભા તરફ સૌનો સદ્ભાવ વધતો રહ્યો છે અને સભાના સભ્યગણમાં પણ સારો ઉમેરો થઇ રહ્યો છે. આપણે વધુ ખુશી થવા જેવું તો એ છે કે સભાના માનનીય પેટ્રનો, પ્રથમ વર્ગના આજીવન સભ્યો વગેરે જે આજ સુધીમાં નોંધાયા છે તે હિન્દભરના જુદા જુદા સ્થળોમાંથી નોંધાયા છે, એટલે આ સંસ્થાને સારાએ ભારતવર્ષે પોતાની માની લીધી છે. શિક્ષિત બ્હેનોએ પણ આ સભાના સભાસદ બની પોતાનો સાથ નોંધાવ્યો છે. આ દરેક હકીકત સભા માટે આનંદ અને ગૌરવના પ્રસંગ સમાન ગણાય.

**સં. ૨૦૧૧ ની આખરે આ સભામાં નીચે પ્રમાણે સભ્યો નોંધાએલ છે**:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| પેટ્રનો | ૬૪ | પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો | ૫૬૧ |
| બીજા વર્ગના લાઇફ મેમ્બરો | ૧૦૩ | ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો | ૫ |
| વાર્ષિક સભાસદો | ૧૨ | કુલ સભાસદો | ૭૪૫ |

**નોંધ —આમાંથી બીજા તથા ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરોનો વર્ગ કમી કરવામાં આવ્યો છે.**

**સાહિત્ય-વિષયક પ્રવૃત્તિ—**

સભાની મુખ્ય પ્રવૃત્તિ જૈન શાસ્ત્રો અને સાહિત્યના પ્રચારની છે, અને આ પ્રવૃત્તિને (૧) આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા (૨) શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા અને (૩) શ્રી આત્માનંદ જૈન શતાબ્દિ સીરીઝ આમ ત્રણ વિભાગમાં વહેંચવામાં આવેલ છે, તેના પ્રકાશનની વિગત નીચે પ્રમાણે છે.

**૧. આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા:**—પૂર્વાચાર્યોકૃત તાત્ત્વિક સાહિત્યના પ્રકાશન અંગે સં. ૧૯૬૬ માં આ ગ્રંથમાળા શરૂ કરવામાં આવી અને જુદા જુદા વિષયોને લગતા આજ સુધીમાં ૯૧ કીંમતી ગ્રંથો પ્રગટ કરવામાં આવ્યા છે અને પૂજ્ય સાધુ-સાધ્વીજીઓ, જૈન-જૈનેતર વિદ્વાનો, જ્ઞાનભંડારો તેમજ અમેરીકા, બ્રિટન, ચીન, જાપાન અને ટિબેટના સરકારી નામાંકિત ગ્રંથાલયોને રૂા. ૩૪૪૨૫)ની કિંમતના ગ્રંથો ભેટ તરીકે આપવામાં આવ્યા છે. તત્ત્વપ્રેમીઓની દુનિયામાં આ સાહિત્ય ઘણું ઉપયોગી અને પ્રશંસનીય લેખાયું છે.

હાલમાં આગમપ્રભાકર મુનિ મહારાજશ્રી **પુણ્યવિજયજી મહારાજ**ની પ્રેરણા અને સહકારથી મુનિ મહારાજશ્રી **ભુવનવિજયજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન મુનિ મહારાજશ્રી **જંબૂવિજયજી** મહારાજ દશ વર્ષથી અવિરત શ્રમ લઇને દર્શનશાસ્ત્રનો મહાન્ ગ્રંથ '**દ્વાદશ નયચક્ર**' તૈયાર કરી રહ્યા છે. ભારતીય દર્શનશાસ્ત્રના સાહિત્યમાં આ ગ્રંથ મહામૂલ્યવાન અને પ્રમાણભૂત ગણાય છે. ગ્રંથ ઘણો મોટો હોવાથી તે ત્રણ ભાગમાં ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે. તેનો પ્રથમ ભાગ તૈયાર થવા આવ્યો છે જે ટૂંક સમયમાં પ્રગટ કરવામાં આવશે. આ મૂલ્યવાન સાહિત્યસર્જન માટે સભા ઉભય પૂ. મુનિવર્યોની અત્યંત આભારી છે.

**(૨) શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા :** પૂર્વાચાર્યોકૃત ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર, ઐતિહાસિક અને ધાર્મિક કથાનકો વગેરે વિધ-વિધ પ્રકારનું સાહિત્ય આ ગ્રંથમાળા દ્વારા સીરીઝ તરીકે તેમ જ સ્વતંત્ર પ્રકાશન તરીકે પ્રગટ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં આ ગ્રંથમાળામાં ૯૧ પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે અને તે આ સભાના પેટ્રન તથા આજીવન સભ્યને ધોરણ મુજબ ભેટ આપવામાં આવે છે. સં. ૨૦૦૩થી સં. ૨૦૦૯ સુધીમાં રૂા. ૩૪,૭૫૮)ના પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે.

આ રીતે સભાસદ બન્ધુઓને અપાતા ભેટ પુસ્તકોથી સભાસદ બન્ધુઓને ત્યાં સંસ્કારી-સાહિત્યનું એક નાનું પુસ્તકાલય બની ગયું છે, જે ઘરના આબાલ-વૃદ્ધોને નિરંતર સંસ્કાર અને સંસ્કૃતિનું ઉચ્ચ પ્રેરણામૃત પાઇ રહેલ છે. આમ સભાના સભાસદો જ્ઞાનવૃદ્ધિનો આત્મિક લાભ મેળવી શકતા હોવાથી સભાના સભ્યોની સંખ્યા દિનપ્રતિદિન વધતી રહેલ છે.

અમારી અભિલાષા તો હજુ પણ લોકભોગ્ય સાહિત્ય પ્રગટ કરવાની અને સભાસદોને તે ભેટ આપવાની છે, પરંતુ સંયોગો જોઇએ તેવા અનુકૂળ ન હોવાથી અમારી પ્રકાશન પ્રવૃત્તિ જરા મંદ પડી છે. તે પ્રવૃત્તિને વેગવાન બનાવવા અમારા બનતા પ્રયાસો ચાલુ છે. ઉદારદિલ સાહિત્યપ્રેમીઓએ અમારી આ પ્રવૃત્તિને આજસુધી વેગ આપ્યો છે તેમ આપતા રહે તેવી આ તકે અમારી નમ્ર વિનતિ છે.

શેઠ પરશોત્તમદાસ નાગરદાસના પુત્રી કમળાબેનના ટ્રસ્ટમાંથી શેઠ મનુભાઇ લાલભાઇ હસ્તક આર્થિક મદદ મળતાં હાલમાં "**કથારત્નકોષ**" ભાગ બીજાનું પ્રકાશન તૈયાર થવા આવ્યું છે. તે તેમ જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાક્ષિણ્યદિપક પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન કવિકુલતિલક મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજશ્રીએ લખેલ "આર્હતધર્મપ્રકાશ" આમ બે પુસ્તકો સભાસદ બન્ધુઓને ભેટ આપવામાં આવશે.

(૩) **જૈન આત્માનંદ શતાબ્દિ સિરીઝ :** આ ગ્રંથમાળાના 'શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ' ચરિત્રના મૂળ ચાર પર્વો પ્રતાકારે તથા પુસ્તકાકારે પ્રગટ કરવામાં આવ્યા છે. પાંચમા પર્વથી પ્રગટ કરવાની વિચારણા ચાલે છે. યોગ્ય સહાય મળ્યે તે શરૂ કરવામાં આવશે.

**અન્ય પ્રકાશનો:—**

સ્વ. આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજનો આ સભા ઉપર અત્યંત ઉપકાર હતો. તેઓશ્રીએ લખેલ તાત્ત્વિક લેખોનો એક મહાન્ ગ્રંથ "**જ્ઞાનપ્રદીપ**" ના નામે તૈયાર થઇ ગયો છે, જે ટૂંક સમયમાં પ્રગટ થશે. પાલનપુરના સંઘ તરફથી આ ગ્રંથ પ્રકાશન માટે પૂરેપૂરી આર્થિક સહાય આપવામાં આવેલ છે જે બદલ સભા તેમની આભારી છે.

આ ઉપરાંત આ સભાના માનનીય મંત્રી સ્વ. **શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી**ના સ્મારકરૂપે એક ગ્રંથ પ્રગટ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે, તેના સંકલનનો વિચાર ચાલી રહ્યો છે. સદ્‌ગતની સાહિત્યોપાસનાને શોભતું ધાર્મિક સુંદર પ્રકાશન કરવાની અમારી મંગળ ભાવના છે.

લોકભોગ્ય દૃષ્ટિએ અન્ય પ્રકાશનો કરવાની ઉમેદ પણ અમો સેવી રહ્યા છીએ. શ્રીમંતો અને વિદ્વાનોનો સહકાર મળી જતાં તે મૂર્તસ્વરૂપ લેતી આવશે.

**અન્ય પ્રવૃત્તિ—**

**શ્રી આત્મારામજી ફ્રી લાયબ્રેરી :** સભા હસ્તક એક વિશાળ લાયબ્રેરી સ્થાપવામાં આવેલ છે. તેમાં જૈનધર્મ અને નીતિ તથા અભ્યાસને અંગે રૂા. ૧૯,૭૯૨ ની કીંમતના કુલ ૧૨૨૭૪ પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેમજ શ્રી ભક્તિવિજયજી મહારાજ, શ્રી લબ્ધિવિજયજી મહારાજનો સભા હસ્તક પ્રાપ્ત થએલ પ્રાચીન હસ્તલિખિત મૂલ્યવાન પ્રતોનો એક અમૂલ્ય સંગ્રહ ખાસ સુરક્ષિત જ્ઞાન-મંદિર બંધાવી લોખંડના કબાટોમાં વ્યવસ્થિત રીતે રાખવામાં આવ્યો છે. આ સંગ્રહનો યોગ્ય ઉપયોગ પણ થઇ રહ્યો છે.

જૈન-જૈનેતર સામયિકો ધરાવતું એક વાંચનાલય સભાના વિશાળ ખંડમાં ચાલુ છે.

**શ્રી આત્માનંદ પ્રકાશ :** સભાના મુખપત્ર તરીકે ૫૩ વરસથી આ માસિક પ્રગટ કરવામાં આવે છે જે સભાના સભાસદોને ભેટ અને વાર્ષિક ગ્રાહકોને માત્ર રૂા. ત્રણના લવાજમથી આપવામાં આવે છે, તે ઉપરાંત ગ્રાહકોને એક ભેટ પુસ્તક પણ આપવામાં આવે છે.

**શિક્ષણ અને રાહતના ખાતાઓ :** સભા સાહિત્યોદ્ધાર ઉપરાંત શિક્ષણપ્રચાર અને રાહતકાર્યને અંગે પણ રસ ધરાવે છે અને હાલમાં સભા હસ્તક નીચેના ખાતાઓ ચાલુ છે.

આ સભાએ સભાસદો દ્વારા ઉદ્‌ભવિત કરેલું પ્રાતઃસ્મરણીય પ્રવર્તક મુનિરાજશ્રી **કાન્તિવિજયજી મહારાજ સ્મારક કેળવણી** ફંડના વ્યાજમાંથી સભાએ કરેલ ઠરાવ મુજબ તેમજ સભાને સ્વ. શેઠ **દેવચંદ દામજીએ** સુપ્રત કરેલ રકમના વ્યાજમાંથી ભાવનગરમાં મેટ્રિકમાં પ્રથમ તેમજ દ્વિતીય નંબરે પાસ થનાર શ્વે. મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીને પ્રવર્તકશ્રીની સ્વર્ગવાસતિથિ અષાડ શુદ ૧૦ ના રોજ જાહેર મેળાવડો યોજીને ચંદ્રકો આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. તેની વ્યવસ્થા આવતા વરસથી શરૂ કરવાની ભાવના છે.

તદ્દુપરાંત **શ્રી મૂળચંદભાઇ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કેળવણી** ફંડના વ્યાજમાંથી તેમજ **સભાના પોતાના તરફથી** બંને પ્રકારની કેળવણીના ઉત્તેજનાર્થે સ્કોલરશિપો, પુસ્તકો વગેરે જૈન વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ આપવામાં આવે છે.

તેમજ **અત્રે** ચાલતી **શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન સામાયિકશાળાને** રૂા. ૨૦) તથા **શ્રી ઉજમબાઈ જૈન કન્યાશાળાને** રૂા. **૧૨૫)** પ્રતિવર્ષ ભેટ તરીકે આપવામાં આવે છે.

**શ્રી ખોડીદાસ ધરમચંદ જૈન બંધુઓ માટેનું રાહત ફંડ** તેમજ ભારત આઝાદ થયું તેની ખુશાલી નિમિત્તે **આઝાદ દિને** સભાએ અલગ મૂકેલ રૂા. **૧૦૦૦**)ના વ્યાજમાંથી જરૂરિયાતવાળા જૈન બંધુઓને રાહત આપવામાં આવે છે. આજના યુગમાં "રાહત" કાર્ય જરૂરી અને આવશ્યક બન્યું છે તો આ ફંડ વધારી આપણા સ્વામીભાઈઓને વધુ રાહત કેમ આપી શકાય તેવી જાતનો સભાનો પ્રયાસ શરૂ છે. સખાવતી અને ઉદારશીલ જૈન બંધુઓનું અમે આ પરત્વે ધ્યાન ખેંચીએ છીએ.

**મહોત્સવો—**

આ સભાનો વાર્ષિક સ્થાપનાદિન–જેઠ શુદિ **૨** ના શુભ દિનની ઉજવણી અંગે **વોરા હઠીસંગભાઈ ઝવેરચંદે** પોતાની સભાને હૈયાતિમાં સભાને આપેલ રૂા. **૧૦૦૦)** રકમનું વ્યાજ અને પોતે કહી ગયેલ બાકીની રકમનું રૂા. **૧૫૦૦**નું વ્યાજ, જે તેમના ધર્મપત્ની **શ્રી હેમકુંવર** બહેન દરવર્ષે આપે છે તે, આ બંને વ્યાજની રકમવડે થોડા વર્ષોથી અહીંને બદલે તળાજા તીર્થે જઈને સ્થાપના–મહોત્સવ ઉજવવામાં આવે છે. વોરા હઠીસંગભાઈએ બાકીની આપવા કહેલ રકમ તેઓશ્રીના ધર્મપત્નીએ સભાને હાલ આપી દેવા જણાવેલ છે. આ રકમથી તીર્થયાત્રા થવા સાથે દેવગુરુભક્તિ વગેરેનો સભાસદ બંધુઓને લાભ મળતો હોવાથી આત્મકલ્યાણમાં વૃદ્ધિ થાય છે.

**આનંદ મેળાપ**—દર બેસતા વર્ષે આ સભાના કાયમી પ્રમુખ શેઠ **શ્રીયુત ગુલાબચંદ આણંદજીએ** આપેલ રકમના વ્યાજમાંથી ઠરાવ મુજબ સભાસદોને દૂધપાર્ટી આપવામાં આવે છે અને મેમ્બરો તરફથી જ્ઞાનપૂજન પણ થાય છે.

**જ્ઞાનપૂજન**—દરવર્ષે કાર્તિક શુદ ૫ (જ્ઞાનપંચમી)ના રોજ સભાના મકાનમાં જ્ઞાન પધરાવી પૂજન વગેરે કરી જ્ઞાનભક્તિ કરવામાં આવે છે

**દેવગુરુભક્તિ અને ગુરુજયંતિઓ**—પ્રાતઃસ્મરણીય **શ્રી આત્મારામજી** મહારાજશ્રીની જન્મતિથિ ચૈત્ર શુદ ૧ ના રોજ હોવાથી તે દિવસે દરવર્ષે સભાસદ બંધુઓ પવિત્ર ગિરિરાજ **શ્રી શત્રુંજય** તીર્થે જઈ, પૂજ્ય આચાર્ય મહારાજશ્રી આત્મારામજીની મૂર્તિ પાસે સિંહાસનમાં પ્રભુ પધરાવી તેમની પાસે પૂજા વગેરે ધાર્મિક કાર્યો કરી, સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવે છે. સભા માટે આ અપૂર્વ ભક્તિ–પ્રસંગ છે. ગુરુભક્તિના આ ઉત્તમ પ્રસંગ માટે ગુરુભક્ત ઉદારદિલ શેઠ **સાકરચંદ મોતીલાલ મૂળજીભાઈએ** એક રકમ સભાને સુપ્રત કરી છે, તેના વ્યાજમાંથી ખર્ચ થાય છે.

દર વર્ષે માગશર વદિ છઠ્ઠના રોજ પ્રાતઃસ્મરણીય **શ્રી મૂળચંદજી મહારાજની** તેમજ આસો શુદિ ૧૦ ના રોજ તેઓશ્રીના સુશિષ્ય શાન્તમૂર્તિ આ. **શ્રી વિજયકમલસૂરીશ્વરજી** મહારાજશ્રીની સ્વર્ગવાસ જયંતિઓ માટે થયેલ ફંડના વ્યાજમાંથી ઉપરોક્ત દિવસોએ દેવગુરુની ભક્તિપૂર્વક જયંતિઓ ઉજવવામાં આવે છે.

**દિલગીરી—**

સભાના સ્થાપનકાળથી તેના વિકાસમાં રસ લઈ રહેલા પચાસ વરસથી સભાના 'આત્મા' બનીને સભાને ઉન્નતિના પંથે લઈ જવામાં અપૂર્વ ભોગ આપનાર આ સભાના માનનીય મંત્રી શ્રીયુત **વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીના** સં. **૨૦૧૧** ના શ્રાવણ વદ ૧ ના થયેલ દુઃખદ અવસાનની નોંધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેતા સભાને એક સતત સેવાભાવી કાર્યકરની પડેલ ખોટ માટે અમો અમારી દિલગીરી વ્યકત કરીએ છીએ. શ્રીયુત વલ્લભદાસભાઈ આ સભાના આત્મા સમાન હતા. સેવાભાવથી જ તેઓશ્રીનું જીવન રંગાએલ હતું અને સભાને માટે તેઓ ઝઝુમ્યા તેમ અન્ય સંસ્થાઓ વગેરેમાં પણ તેઓશ્રીની સેવા નોંધપાત્ર હતી. તેઓશ્રીના જીવન-કાર્યોનો પરિચય આપતો "શ્રી આત્માનંદ પ્રકાશ"નો એક ખાસ અંક પ્રગટ કરવામાં આવ્યો હતો.

સભા તરફથી તેઓશ્રીની સેવાના સન્માનરૂપે સભાના હોલમાં સદ્‌ગતનું એક તૈલ-ચિત્ર ખુલ્લું મૂકવાનો અને લોકભોગ્ય એક ધાર્મિક ગ્રંથ તેઓશ્રીના સ્મારકરૂપે પ્રગટ કરવા માટે સભા તરફથી રૂા. પાંચ હજાર આપવાનો ઠરાવ કરવામાં આવેલ તેમજ આ કાર્યના સમર્થનમાં શુભેચ્છકો તરફથી એક સ્મારક ફંડ રૂા. ૨૪૧૯નું કરવામાં આવેલ છે. સદ્‌ગતની સેવાના સ્મારકરૂપે કરવા ધારેલ આ બન્ને કાર્ય આગામી વર્ષમાં પહેલી તકે કરવાની અમારી ભાવના છે.

**આભારદર્શન:—**

સભાનો વિકાસ તો અનેક વિદ્વાન મુનિવર્યો, વિદ્વાનો, શ્રીમંતો અને દાનવીરોના સહકારને આભારી છે. કોઇએ પોતાની વિદ્વત્તાનો સતત લાભ આપી સભાની સાહિત્ય-પ્રકાશન પ્રવૃત્તિને દીપાવી છે તો કોઇએ પોતાની સુકમાઇનો દાનપ્રવાહ સભા તરફ વહેતો રાખી સભાના કાર્યને વેગ આપ્યો છે. એ સૌનો વ્યકિતગત જુદો જુદો આભાર ન માનતાં સમગ્ર રીતે અમો આ તકે આભાર માનીએ છીએ. એમ છતાં આ સભાના સાહિત્ય-પ્રકાશનના ગૌરવમાં ઓર વધારો કરી રહેલા અને સભાના અભ્યુદય માટે સતત ચિંતન સેવી રહેલા આગમ-પ્રભાકર મુનિવર્ય **શ્રી પુણ્યવિજયજી** મહારાજ, મુનિવર્ય **શ્રી જંબુવિજયજી** મહારાજ, આદિનો આભાર માન્યા વિના અમો રહી શકતા નથી. ઇચ્છીએ કે તેઓશ્રીની પ્રેરણા અને સહકારથી અનેક શુભ પ્રવૃત્તિઓ કરવા માટે સભા ભાગ્યશાળી બનો.

સભાના સાહિત્ય પ્રકાશન અને સંચાલન અંગે સુંદર સહકાર આપી રહેલ આ સભાના ઉપ-પ્રમુખ શ્રીયુત ફતેહચંદ ઝવેરભાઈની સેવાની અત્રે નોંધ લઇએ છીએ અને સભાની કાર્યવાહીમાં નિરંતર રસ લઇ રહેલ અને તમામ કાર્યમાં સુંદર ભોગ આપી રહેલ આ સભાના ઉપપ્રમુખ, મહિલા કૉલેજના ઓનરરી પ્રિન્સિપાલ શ્રીયુત ખીમચંદ ચાંપશીભાઇ શાહ એમ. એ. ની સભા પરત્વેની સેવાની નોંધ લીધા વિના અમો રહી શકતા નથી.

**અભિલાષા અને મનોરથો—**

જૈન સમાજના શ્રદ્ધાળુ શ્રીમંત બંધુઓ, સાહિત્યપ્રિય અને વિચારશીલ બંધુઓ આ રિપોર્ટ વાંચી, સભાની પ્રશસ્ત અને પ્રગતિશીલ પ્રવૃત્તિથી વાકેફ થઇ કાર્યવાહકોની આ કલ્યાણકારી કાર્યવાહીમાં જોડાઇને ઉપર્યુક્ત રત્નત્રયીની ભક્તિ કરવાપૂર્વક જે જે અનુકરણીય અને આત્મહિતકર જણાય તે તે ગ્રહણ કરે તેમ અંતઃકરણપૂર્વક ઇચ્છીએ છીએ. ક્રમબદ્ધ વિકાસ સાધતી આ સભાને નજીકના જ ભવિષ્યમાં "**હીરક મહોત્સવ**" ઉજવવાની સુભાગી તક પ્રાપ્ત થશે, તે આપ સર્વની સ્નેહભરી અમીદૃષ્ટિનું જ પરિણામ અમો માનીએ છીએ અને આ સભાએ સાહિત્ય ક્ષેત્રમાં જે દેશ-પરદેશમાં અપૂર્વ નામના પ્રાપ્ત કરી છે તેમાં પ્રતિદિન સવિશેષ પ્રગતિ થાય એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

સં. ૨૦૧૨, અષાડ શુ. ૧૫
તા. ૨૨-૭-૫૬

**શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ**
**શાહ જાદવજી ઝવેરભાઈ**
સેક્રેટરીઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સંવત ૨૦૧૧ ના આસો વદી અમાસના રોજ

### આવક.

**શ્રી જ્ઞાનખાતે :**

| | | |
|---|---|---|
| વ્યાજ. | ૭૦૯– ૦–૬ | |
| પુસ્તક વેચાણનો નફો. | ૧,૨૩૬–૧૨–૦ | |
| પરચુરણ આવક. | ૧૪૯– ૦–૦ | |
| | | ૨૦૯૪–૧૨–૬ |

**મેમ્બરશીપખાતે :**

| | | |
|---|---|---|
| વાર્ષિક મેમ્બર ફી. | ૬૦– ૦–૦ | |
| લાઈફ મેમ્બરો–પેટ્રનનું વ્યાજ. | ૨,૫૩૧– ૦–૦ | |
| પરચુરણ આવક. | ૯– ૦–૦ | |
| | | ૨,૬૦૦–૦–૦ |

| | |
|---|---|
| **શ્રી જ્ઞાનખાતે તૂટના :** | ૭૭૮– ૩–૦ |
| **શ્રી મેમ્બરશીપખાતે તૂટના :** | ૫૦૦– ૦–૦ |
| **શ્રી નીભાવ ફંડખાતે તૂટના :** | ૫૧૧– ૧–૬ |
| | ૧૭૮૯ –૪–૬ |
| કુલ રૂપીઆ. | ૬૪૮૪–૧–૦ |

---

તા. ક.

ભાડાની આવક મકાનખાતે જમે છે અને વ્યાજ તેમાં ઉધર્યું છે તે ઓડીટરની સલાહ મુજબ હવેથી બંધ થશે.

હવેથી વ્યાજની આવક સાધારણખાતે થશે–તે જ ગણાશે.

| | |
|---|---|
| આત્માનંદ ભવન ભાડું. | ૯૪૭ |
| પુન્ય ભવન ભાડું. | ૧૧૬૩॥ |
| જ્ઞાનમંદિર ભાડું. | ૩૦૦ |
| | ૨૪૧૦॥ |

---

રાજકોટ, તા. ૨૩–૬–૫૬.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા—ભાવનગર

## પૂરા થતા વર્ષનો આવક-ખર્ચનો હિસાબ.

### ખર્ચ.

**શ્રી જ્ઞાનખાતે :**

| | | |
|---|---|---|
| પગાર. લાઇબ્રેરી માટે | ૬૫- ૦-૦ | |
| વીમાખાતે. બુકો, ડેડસ્ટોક | ૧૨૭- ૮-૦ | |
| ન્યુસ પેપરખાતે. | ૨૭૩- ૧-૬ | |
| લાયબ્રેરીખાતે. | ૩૫૭- ૨-૦ | |
| ટપાલ ખર્ચ | ૪૧- ૧-૦ | |
| જાહેર ખબરખાતે. | ૧૩- ૦-૦ | |
| છપાઇ ખર્ચ. | ૨૨૮- ૩-૦ | |
| પરચુરણ ખર્ચ. | ૧૩૪- ૫-૬ | |
| કસરખાતે. | ૧૦૩- ૪-૬ | |
| આત્માનંદ પ્રકાશખાતે પુ. ૫૨ તૂટના. | ૧૨૦૪-૧૨-૦ | |
| ઉજમબાઇ કન્યાશાળાને બે વર્ષની મદદના. | ૨૫૦- ૦-૦ | |
| વૃદ્ધિચંદ્રજી સામાયિકશાળાને મદદના. | ૨૦- ૦-૦ | |
| | | ૨,૮૭૨-૧૫-૬ |

**શ્રી મેમ્બરશીપખાતે :**

| | | |
|---|---|---|
| પગારખાતે. | ૧,૭૧૯- ૦-૦ | |
| બંધારણ પ્રીન્ટીંગખાતે. | ૧૭૪- ૦-૦ | |
| સ્ટેશનરીખાતે. | ૨૩- ૯-૦ | |
| વીજળીબત્તીખાતે. | ૫૭- ૦-૦ | |
| પરચુરણ ખર્ચ. | ૫૫૮- ૩-૦ | |
| ટેબલ ફેન ખરીદ ખાતે. | ૧૫૧- ૦-૦ | |
| જયંતી ખાતાઓમાં તૂટના. | ૭૮-૧૧-૬ | |
| આત્માનંદ પ્રકાશખાતે મેમ્બરોને ભેટ. | ૮૪૯-૧૦-૦ | |
| | | ૩,૬૧૧-૧-૬ |
| | કુલ રૂપીઆ. | ૬૪૮૪-૧-૦ |

અમારા રિપોર્ટ પ્રમાણે

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સંવત ૨૦૧૧ ના આસો વદી

### ફંડ તથા દેવું.

**શ્રી નીભાવ ફંડ ખાતે :**

| | | |
|---|---|---|
| ગયા વર્ષના સરવૈયા મુજબ : | ૨,૮૯૦– ૦–૦ | |
| **ઉમેરો :** | | |
| મેમ્બરશીપ ફંડ ખાતેથી પેટ્રન–<br>લાઈફ મેમ્બરના સ્વર્ગવાસનો હવાલો : | ૭૨૫– ૦–૦ | |
| વ્યાજ | ૯૩–૧૨–૦ | |
| | ૩,૭૦૮–૧૨–૦ | |
| બાદ: ખરચખાતે તૂટના મેમ્બરશીપ ખાતેથી : | ૫૧૧– ૧–૬ | |
| | | ૩,૧૯૭–૧૦–૬ |

**શ્રી ફંડ ખાતે**

| | | |
|---|---|---|
| પેટ્રન–લાઇફ મેમ્બરશીપ ફંડ : | ૭૭,૩૩૦– ૦–૦ | |
| ગુજરાતી સીરીઝ ખાતે : | ૩૫,૬૫૧– ૦–૦ | |
| જયંતી ફંડ ખાતે : | ૧૩,૭૪૧– ૪–૦ | |
| જ્ઞાનખાતે પુસ્તકો છપાવવા માટે : | ૫,૯૯૩–૧૨–૧ | |
| પરચુરણ ફંડ ખાતે : | ૯,૨૧૧– ૭–૩ | ૧,૪૧,૯૩૨–૭–૯ |

**શ્રી દેવું :**

| | | |
|---|---|---|
| જુદા જુદા આસામી તથા સંસ્થાઓનું : | ૮,૮૧૮–૨–૬ | |
| ૨૦૬૧–૦–૦ શ્રી વલ્લભદાસ સ્મારક ફંડ. | | |
| ૩૫૦૦–૦–૦ જ્ઞાનપ્રદીપ ખાતે. | | |
| ૩૨૫૭–૨–૬ બીજા ખાતાઓ. | | |
| ૮૮૧૮–૨–૬ | | |
| લાઇબ્રેરીના ડીપોઝીટ : | ૯૫–૦–૦ | ૮,૯૧૩–૨–૬ |
| | કુલ રૂપીઆ : | ૧,૫૪,૦૪૩–૪–૯ |

અમોએ ઉપરનું શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરનું સંવત ૨૦૧૧ ના આસો વદી અમાસ રોજનું સરવૈયું તથા તેજ દિવસે પૂરા થતાં વર્ષનો જ્ઞાન ખાતાનો તથા મેમ્બરશીપ ખાતાનો હિસાબ તપાસ્યો છે અને તે અમારા જુદા રિપોર્ટને આધીન રહીને ખરો માલૂમ પડ્યો છે.

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

રાજકોટ, તા : ૨૩–૬–૫૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા, ભાવનગર.

## અમાસના રોજનું સરવૈયું.

### મિલ્કત તથા લ્હેણું.

| | | |
|---|---|---|
| **શ્રી જ્ઞાન ખાતે :** | | |
| વેચાણ પુસ્તક સ્ટોક : | ૨૬૨૧૦– ૦–૦ | |
| પુસ્તકો તૈયાર કરવામાં થએલ ખર્ચ : | ૮,૧૧૭– ૧–૯ | |
| જ્ઞાન ખાતે તૂટના : | ૭૫૯–૧૧–૦ | ૩૫,૦૮૬–૧૨–૯ |
| **શ્રી ત્રણ મકાન ખાતે :** | | ૮૭,૪૭૯– ૬–૦ |
| **શ્રી ઇન્વેસ્ટમેન્ટ ખાતે :** | | |
| ભાવનગર સ્ટેટ ટ્રેઝરી બોન્ડમાં : | ૧૦,૦૦૦– ૦–૦ | |
| મહાલક્ષ્મી મીલના શેરમાં : | ૨૦૦– ૦–૦ | ૧૦,૨૦૦– ૦–૦ |
| **શ્રી લેણું :** | | |
| લોન અનસીકયોર્ડ : | ૩,૫૦૦– ૦–૦ | |
| એડવાન્સીસ : | ૪,૬૨૩–૧૩–૦ | |
| બુકસેલર્સ પાસે : | ૯૧૫–૧૦–૬ | |
| મેમ્બર્સ પાસે : | ૬૦– ૦–૦ | |
| ડીપોઝીટ ઇલેકટ્રીક કું. : | ૩૦– ૦–૦ | |
| પરચુરણ લેણા : | ૯૩૫–૧૪–૦ | ૧૦,૦૬૫– ૫–૬ |
| **શ્રી બેંકમાં તથા શ્રી રોકડ પુરાંત :** | | |
| બેંકોમાં ફીકસ ડીપોઝીટમાં : | ૬,૫૦૦– ૦–૦ | |
| બેંકોમાં સેવીંગ્સ ખાતામાં : | ૨,૦૬૯– ૦–૦ | |
| બેંકોમાં કરન્ટ ખાતામાં : | ૧,૯૩૯– ૯–૯ | |
| એ. બી. સી. બેંક : | ૪૨૨–૧૩–૬ | |
| પોસ્ટલ સ્ટેમ્પસ : | ૮૯– ૦–૦ | |
| શ્રી રોકડ પુરાંત : | ૧૩૬– ૪–૦ | ૧૧,૧૫૬–૧૧–૩ |
| **શ્રી સરવૈયા તફાવતનાં :** જે ૨૦૧૨ માં માંડી વળાશે. | | ૫૫– ૧–૩ |
| | | ૧,૫૪,૦૪૩–૪–૯ |

ગુલાબચંદ આણંદજી કાપડીયા (પ્રમુખ)
વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ } મંત્રીઓ
જાદવજી ઝવેરભાઈ શાહ }
રમણલાલ અમૃતલાલ શેઠ ટ્રેઝરર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને
## ( સં. ૧૯૫૯ થી સં. ૨૦૧૧ ની સાલ સુધીમાં )
## આપેલી ભેટની બુકો

| નંબર | પુસ્તકનું નામ | સાલ |
|---|---|---|
| ૧-૨ | શ્રી નવતત્ત્વનો સુંદર બોધ. | ૧૯૫૯-૬૦ |
| ૩ | શ્રી જીવવિચાર વૃત્તિ. | ૧૯૬૧ |
| ૪ | શ્રી જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર. | ૧૯૬૨ |
| ૫ | શ્રી દંડક વિચાર વૃત્તિ. | ૧૯૬૩ |
| ૬ | શ્રી નયમાર્ગદર્શક. | ૧૯૬૪ |
| ૭ | શ્રી મોક્ષપદસોપાન. | ૧૯૬૫ |
| ૮ | શ્રી જૈન તત્ત્વસાર. | ૧૯૬૬ |
| ૯ | શ્રી શ્રાવક કલ્પતરુ. | ૧૯૬૭ |
| ૧૦ | શ્રી ધ્યાનવિચાર. | ૧૯૬૮ |
| ૧૧ | શ્રી જંબૂસ્વામી ચરિત્ર. | ૧૯૬૯ |
| ૧૨ | શ્રી જૈન ગ્રંથ ગાઇડ | ૧૯૭૦ |
| ૧૩ | શ્રી ચંપકમાળા ચરિત્ર. | ૧૯૭૧ |
| ૧૪ | શ્રી અનુયોગદ્વાર સૂત્ર (અનુવાદ) | ૧૯૭૨ |
| ૧૫ | શ્રી ગુરુગુણમાળા અને સમયસાર પ્રકરણ. | ૧૯૭૩ |
| ૧૬ | શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ. | ૧૯૭૪ |
| ૧૭ | શ્રી દેવભક્તિમાળા. | ૧૯૭૫ |
| ૧૮ | શ્રી ઉપદેશસપ્તતિકા. | ૧૯૭૬ |
| ૧૯ | શ્રી સંબોધસપ્તતિકા. | ૧૯૭૭ |
| ૨૦ | શ્રી સુમુખનૃપાદિધર્મપ્રભાવકોની કથા. | ૧૯૭૮ |
| ૨૧-૨૨ | શ્રી આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ ૧ લો. | ૧૯૭૯-૮૦ |
| ૨૩-૨૪ | શ્રી ધર્મરત્ન પ્રકરણ. | ૧૯૮૧-૮૨ |
| ૨૫-૨૬ | શ્રી જૈન નરરત્ન ભામાશાહ ( સચિત્ર ) | ૧૯૮૩-૮૪ |
| ૨૭-૨૮ | શ્રી સુકૃતસાગર યાને માંડવગઢનો મહામંત્રીશ્વર. | ૧૯૮૫-૮૬ |
| ૨૯-૩૦ | શ્રી ધર્મપરીક્ષા. | ૧૯૮૭-૮૮ |
| ૩૧-૩૨ | શ્રી જૈન ધર્મ-વિજ્ઞાન તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ. | ૧૯૮૯-૯૦ |
| ૩૩-૩૪ | બ્રહ્મચર્ય-ચારિત્ર-પૂજાદિત્રયી સંગ્રહ. શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર, નવસ્મરણ. | ૧૯૯૧-૯૨ |
| ૩૫-૩૬ | કલિંગનું યુદ્ધ યાને મહારાજા ખારવેલ. | ૧૯૯૩-૯૪ |
| ૩૭-૩૮ | દેવસીરાઇ પ્રતિક્રમણ સાર્થ. | ૧૯૯૫-૯૬ |
| ૩૯-૪૦ | વિજયાનંદસૂરિ. | ૧૯૯૭-૯૮ |
| ૪૧-૪૨ | શ્રી નવપદ પૂજા, પં. શ્રી ગંભીરવિજયજી મ. કૃત સંવેગદ્રુમકંદલી, સમ્યક્ત્વ પૂજા, સમ્યક્ત્વ સ્વરૂપ. ( ૪ ) | ૧૯૯૯-૨૦૦૦ |
| ૪૩-૪૪ | શ્રાવકકલ્પતરુ, અધ્યાત્મમતપરીક્ષા, આચારોપદેશ. ( ત્રણમાંથી એક ) | ૨૦૦૧-૦૨ |
| ૪૫-૪૬ | કાવ્ય સુધાકર. | ૨૦૦૩-૦૪ |
| ૪૭ | ધર્મપરીક્ષા, મોક્ષપદસોપાન, દંડકવૃત્તિ, સમ્યક્ત્વકૌમુદી. ( ચારમાંથી એક ) | ૨૦૦૫ |
| ૪૮ | શ્રી આદર્શ જૈન સ્ત્રીરત્નો. ભાગ ૨ જો. | ૨૦૦૬ |
| ૪૯ | શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા, જ્ઞાનામૃત કાવ્યકુંજ, આચારોપદેશ. ( ત્રણમાંથી એક ) | ૨૦૦૭-૦૮ |
| ૫૦ | જ્ઞાનપ્રદીપ ભાગ ત્રીજો. | ૨૦૦૯ |
| ૫૧ | નમસ્કાર મહામંત્ર. | ૨૦૧૦ |
| ૫૨ | અનેકાન્ત. | ૨૦૧૧ |

### શ્રી આત્માનંદ પ્રકાશ : માસિક કમિટી

**શ્રી ખીમચંદભાઈ ચાંપશીભાઈ** **શ્રી હરિલાલ દેવચંદ શેઠ**

**શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

## ખાસ અગત્યની વિનતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઇંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર પચાસથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં હશે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેની યાદી નીચે આપવામાં આવેલ છે. પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવા જેવા છે તો જેઓએ તે વસાવેલ ન હોય તે પોતાના જ્ઞાન-ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનતી છે

## संस्कृत ग्रंथो

**ખાસ સગવડ :** સંસ્કૃત વિભાગમાં નંબર એકથી સાત સુધીના ગ્રંથોનો સ્ટોક લગભગ ખલાસ થવા આવ્યો હતો, પરંતુ કેટલાક જ્ઞાનભંડારો વગેરેની માગણી આવતા ખાસ અનામત સ્ટોકમાંથી તે કાઢવામાં આવ્યા છે, ને તેમાં દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન આપવામાં આવશે.

१ **वसुदेव हिन्डी :** [ પ્રથમ અંશ ] ७-०-०

२ **वसुदेव हिन्डी :** [ દ્વિતીય અંશ ] ७-०-०

[ બન્ને ભાગ સાથે જ આપવામાં આવશે ]

३ **आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त—**

**कर्मग्रंथ भा. १ लो** [ એકથી ચાર ] ६-०-०

४ ,, **भा. २ जो** [ પાંચ અને છ ] ६-०-०

[ બન્ને ભાગ સાથે જ આપવામાં આવશે ]

५ **बृहत् कल्पसूत्र भा. २-३-४-५-६** [ દરેકના ] २०-०-०

६ **कथारत्नकोष-मूळ मागधी** [ ગ્લેઝ ] ८-०-०

७ ,, ,, [ લેઝર ] १०-०-०

८ **कल्पसूत्र बारसा-मूळ** ३-०-०

९ **चंद्रलेखा** [ પ્રતાકારે ] भेट

१० **जैनमेघदूत** २-०-०

११ **सूक्त रत्नावळी** ०-४-०

१२ **सूक्त मुक्तावळी** ०-४-०

१३ **प्रकरण संग्रह** [ પ્રતાકારે ]
[ જેમાં સિંદુર પ્રકરણ મૂળ
તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ
ગુણસ્થાનક્રમારોહ મૂળ છે. ] ०-८-०

१४ **त्रिषष्टी पर्व भा. १ लो** [ મૂળ સંસ્કૃત ] ६-०-०

१५ ,, **भा. २ जो** ,, ,, ८-०-०

१६ ,, ,, [ પ્રતાકારે ] १०-०-०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ગ્રંથો

### ભગવાનના ચરિત્રો

| | |
|---|---|
| ૧ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| ૨ શ્રી શાન્તિનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૨-૮-૦ |
| ૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૩-૦-૦ |
| ભારે કાગળ | ૧૫-૦-૦ |
| ૫ તીર્થંકર ચરિત્ર ચોવીશ તીર્થંકરોના ચરિત્રો તથા ચોવીશે પંચરંગી ચિત્રો સાથે | ૬-૦-૦ |

### ચરિત્રો વિગેરે

| | |
|---|---|
| ૬ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ જો | ૨-૦-૦ |
| ૭ કથારત્ન કોશ ભા. ૧ લો | ૧૦-૦-૦ |
| ૮ „ „ ભા. ૨ જો | ૮-૦-૦ |
| ૯ દમયંતી ચરિત્ર | ૬-૮-૦ |
| ૧૦ સંઘપતિ ચરિત્ર | ૬-૮-૦ |
| ૧૧ શ્રી વિજયાનંદસૂરિ (રા. સુશીલ) | ૦-૮-૦ |
| ૧૨ વસુદેવ હિંડી [ગુજરાતી ભાષાંતર] | ૧૫-૦-૦ |

### પૂજા અને કાવ્ય

| | |
|---|---|
| ૧૩ આત્મવલ્લભ પૂજાસંગ્રહ | ૩-૦-૦ |
| ૧૪ ચૌદ રાજલોક પૂજા | ૦-૪-૦ |
| ૧૫ નવાણું અભિષેક પૂજા | ૦-૪-૦ |
| ૧૬ વીશ સ્થાનકપૂજા (અર્થવાળી) | ૧-૪-૦ |
| ૧૭ સમ્યગ્ દર્શન પૂજા | ૦-૪-૦ |
| ૧૮ ચારિત્રપૂજાદિ ત્રયી સંગ્રહ | ૦-૪-૦ |
| ૧૯ જૈન ઐતિહાસિક કાવ્ય-સંગ્રહ | ૨-૧૨-૦ |
| ૨૦ કાવ્ય સુધાકર | ૨-૮-૦ |
| ૨૧ કુમાર વિહારશતક | ૦-૧૨-૦ |
| ૨૨ ચૈત્યવંદન સમીક્ષા | ૫-૦-૦ |
| ૨૩ સજ્ઝાયમાળા (ભીમશી) | ૪-૮-૦ |
| ૨૪ આત્મકાન્તિ પ્રકાશ | ૦-૮-૦ |

### તત્ત્વ અને હિતોપદેશાદિ

| | |
|---|---|
| ૨૫ તત્ત્વનિર્ણયપ્રાસાદ | ૧૦-૦-૦ |
| ૨૬ આરંભસિદ્ધિ | ૧૦-૦-૦ |
| ૨૭ જૈન તત્ત્વસાર | ૧-૦ ૦ |
| ૨૮ ધર્મબિન્દુ (આવૃત્તિ બીજી) | ૩-૦-૦ |
| ૨૯ આચારોપદેશ | ૧-૦-૦ |
| ૩૦ અનેકાન્ત (ગુજરાતી) | ૧-૦-૦ |
| ૩૧ „ (ઈંગ્લીશ) | ૨-૦-૦ |
| ૩૨ નમસ્કાર મહામંત્ર | ૧-૦-૦ |
| ૩૩ જૈન ધર્મ | ૧-૦ ૦ |
| ૩૪ જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તર | ૧-૦-૦ |
| ૩૫ પંચ પરમેષ્ઠી ગુણ રત્નમાળા | ૧-૮-૦ |
| ૩૬ પ્રકરણ પુષ્પમાળા ભા. ૨ જો | ૧-૦-૦ |
| ૩૭ શ્રમણ સંસ્કૃતિ | ૦-૧૨-૦ |
| ૩૮ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ | ૧-૮-૦ |
| ૩૯ જ્ઞાનપ્રદીપ ભા. ૧ લો | ૪-૦-૦ |
| ૪૦ „ ભા. ૨ જો | ૪-૦-૦ |
| ૪૧ „ ભા. ૩ જો | ૨-૦-૦ |
| ૪૨ આત્માનંદ જન્મશતાબ્દિ અંક | ૨-૮-૦ |
| ૪૩ સાધુ-સાધ્વી આવશ્યક સૂત્ર દેવનાગરી લીપીમાં | ભેટ |
| ૪૪ „ ગુજરાતી લીપીમાં | „ |

**તા. ક.**—દિપોત્સવી સુધીમાં ઉપરના ગુજરાતી-સંસ્કૃત ગ્રંથો મંગાવનારને રૂા. ૨૫) ની કીંમતના પુસ્તકો ઉપર સવા છ, રૂા. ૫૦ ઉપર સાડાબાર અને એકસો ઉપર ૨૦ ટકા કમીશન કાપી આપવામાં આવશે.

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર** (સૌરાષ્ટ્ર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૨ જ્યેષ્ઠ–અશાડ પુસ્તક ૫૩ મું.
વિક્રમ સં. ૨૦૧૨ અંક ૧૧-૧૨ મો

# શ્રી વિમલજિન–સ્તવન

(રાગ–માતા મરુદેવાના નંદ)

જય વીતરાગ વિમલ જિનરાજ,
ક્ષયોપશમ તુજ અદ્ભુત ચેતન રંગ લાગ્યોજી !
જીવન રસ રસ્યોજી ! વહાલા રે મારા–ચોળમજીઠ બન્યોજી ! ક્ષયોપશમ !

અનંત, નિર્મળ, અમલ વિશુદ્ધ જ, વિમલ-વિમળ રૂપ-રંગ !
સંગ્રહ નયથી વિમલાતીત છો, શબ્દાદિકથી સોહંત ! જય૦

જ્ઞાન અનંતું પ્રતિ પ્રદેશે, છતી સામર્થ્ય પર્યાય !
ક્ષયોપશમથી, ક્ષાયિક ભાવે, લોકાલોક જણાય ! જય૦

ચિદ્‌ઘન ચેતન, ચારુ ચિદાનન, નિજાત્મ જ્ઞાન સુરંગ !
અસંખ્ય પ્રદેશી, અનંત શક્તિ, વિલાસ વિમલાનંદ ! જય૦

ચેતન ચમકારા સત્ વિલસે, આવિર્ભાવ થતાં ય !
ગુણપર્યાય નયાદિક નયને, સકલ ઉપાધિ વિલાય ! જય૦

અનંત ગુણગણ, શુદ્ધ ક્રિયાનો, ભોગી સમય કહાય !
સિદ્ધ સનાતન યોગી વિમલરસ, યોગ રંગ વહી જાય ! જય૦

અંગ વિમળ, જસ રંગ વિમળ, શિવસંગ વિમળ તું સહાય !
ધન્ય વિમળ ! મણિ અમલ-કમલ શ્રી વિમલ ચરણ લહેરાય ! જય૦

—પાદરાકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કામવાસનાનો દારુણ અંજામ

લેખક-પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભાવિજયજી મહારાજ-મુંબઈ

અનાદિકાળથી પ્રવાહરૂપે વહેતા આવતા આ સંસાર પરિભ્રમણનું કારણ આત્માને કામવાસના છે. અજ્ઞાન અને પ્રમાદના દોષે મનુષ્યપણાથી તદ્દન વિલક્ષણ એકેન્દ્રિયાદિ જાતિમાં અરહટ્ટની ઘટમાળાની માફક ફરી ફરી જીવ જન્મ્યા કરે છે. એકેન્દ્રિયાદિની કાયસ્થિતિ લાંબી છે માટે મનુષ્યજન્મ દુર્લભ છે.

અનાદિકાલીન કામવાસનાઓ માનવીને સતાવે છે અને હંફાવે છે. જેમ તેમ કરી તેની શક્તિ ક્ષીણ કરી જીવનનું સત્વ ચૂસી લે છે. ઇંદ્રિયોની પરવશતાના કારણે ભાનભૂલો બનેલો આત્મા અસત્ય-અપૂર્ણ અને ક્ષણિક સુખ માટે તરફડિયાં મારે છે.

તરફડિયાં મારવાની કારમી સ્થિતિમાંથી બચવા માટે કામવાસનાની ભયંકરતા તેના સાચા સ્વરૂપે સમજવી પડે અને હૈયાને જચાવવી પડે. તેમ થતાં ઇંદ્રિયો સાથે રણાંગણમાં ઉતરી યુદ્ધની નોબતો ગગડાવી યુદ્ધના જોખમો અને ભયોનો વિવેકપૂર્વક પ્રતિકાર કરે. વિજયની તીવ્ર ઉત્કંઠાથી માનવી અણનમ યોદ્ધો બને અને કાર્યસિદ્ધિ પર્યંત અવિરત યુદ્ધ ચાલુ જ રાખે.

**सल्लं कामा विस कामा, कामा आसीविसोवमा ।**
**कामे य पत्थेमाणा, अकामा जन्ति दोग्गइ ।**

કામભોગો-કામવાસના શલ્યરૂપ છે, વિષરૂપ છે અને સર્પ તુલ્ય છે. આ કામભોગોનું નહિ સેવન કરનાર પણ એની ઇચ્છા માત્રથી કે સ્મરણ માત્રથી પણ દુર્ગતિએ જાય છે.

આ કામભોગો શલ્ય સમાન છે. જેમ દેહના કોઈ અંગમાં પ્રવેશ પામેલ શલ્ય-બાણની આગળનો તીક્ષ્ણ અંશ માંસની સાથે મળી સારા શરીરમાં તીવ્ર વેદના ઉત્પન્ન કરે છે, જેમ ભોગાસક્ત ચિત્ત પણ પુરુષને રાતદિવસ શલ્યની જેમ પીડિત કરે છે. આ કામભોગો વિષ સમાન છે. જેમ મધુમિશ્રિત વિષ ખાવામાં મધુર અને પરિણામે અતિ દારૂણ દુઃખ આપે છે, તેમ કામભોગો પણ આદિમાં અત્યંત પ્રિય લાગે છે, પણ પરિણામે તો વિષથી પણ અધિક ભયંકર છે, એ જ રીતે કામભોગો દૃષ્ટિવિષ સર્પની જેમ અત્યંત ભયંકર છે, જેમ દૃષ્ટિવિષ સર્પ ઉઠીને નાચે તો પ્રિય લાગે છે, પણ સ્પર્શ થતાં પ્રાણને હરી લે છે, તેમ કામભોગો દેખાવમાં તો અતિરમણીય લાગે છે, પણ તેનો અલ્પ સ્પર્શ, મનોરથ કે સ્મરણ માત્ર પણ આત્માને મહાન્ અનર્થ કરે છે.

સુકોમળ સ્પર્શથી આત્માને ભાનભૂલો બનાવતી સ્પર્શના, મધુર રસના આસ્વાદમાં લહેજત પમાડી પાગલ બનાવતી રસના, સુગંધી પાછળ ભ્રમરની જેમ ભમાડતી નાસિકા, રૂપ-લાવણ્ય-સૌંદર્ય પાછળ ભટકેલ બનાવતા નયન, કોમળ મધુરા ગાનમાં મુગ્ધ બનાવતાં કાન શીઘ્ર આત્માની દુર્ગતિ નોતર્યા વગર કેમ રહે? ઇંદ્રિયો બધા જ બળથી આત્માને ઊંડી ખાઇમાં પટકે છે, જેમાં પારાવાર દુઃખ છે, તીવ્ર ત્રાસ, સંતાપ અને ભયંકર પાપબંધ છે, જે દીર્ઘકાલ સુધી રીબાવે છે.

ઇંદ્રિયોની ગુલામીનું પરિણામ ગંભીર આવે છે. ક્ષણિક સુખ આપતી ઇંદ્રિયો આત્માને પાતકમાં પટકે છે અને તીવ્ર વેદનાઓનો અનુભવ કરાવે છે, વેદના પણ પુષ્કળ કે એક ક્ષણ પણ કોટિ વર્ષ જેટલી લાંબી અને અસહ્ય લાગે છે,

કાદવમાં ફસાએલો હાથી તેમાંથી નીકળવાનો પ્રયત્ન તો ઘણો કરે છે અને ઇચ્છે છે કે કાદવમાંથી નીકળી સ્થળપ્રદેશમાં ચાલ્યો જઉં, પણ તે નીકળી શકતો નથી, તેમ કામભોગમાં આસક્ત પુરુષ પણ તેમાંથી નીકળવાની કોશિશ કરવા છતાં પણ સફલ-મનોરથ થતો નથી.

વિષયથી વિરક્ત અને શીલગુણમાં અનુરક્ત આત્માને જે અલૌકિક સુખની પ્રાપ્તિ થાય છે, તે આબાલપ્રિય અને પરિણામે દુઃખદાયી કામભોગોમાં કદાપિ ઉપલબ્ધ થતું નથી. કામભોગાદિ વિષય આરંભમાં જ કંઇક સુખ આપે છે અને તે પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજ્ઞાની જીવોને કે જે પરમાર્થથી અનભિજ્ઞ છે–અવિવેકી છે. તેમને જ આ કામભોગાદિ પ્રિય લાગે છે અને વાસ્તવમાં તો તે સમસ્ત દુ:ખનું મૂળ છે, એમાં સુખનો લેશ પણ નથી; માટે જ સંયમશીલ તપસ્વીઓને આત્મરમણતામાં જે અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય છે તે આનંદના એક કણનો લાખમો ભાગ પણ આ કામભોગોમાં ઉપલબ્ધ નથી થતો.

પ્રત્યક્ષ છે કે વિષયી પુરુષને વિષયવાસનાથી કોઈ પણ સમયે શાંતિ નથી મળતી, વિપરીત તેનાથી તેઓ અશાંત અને સંતપ્ત રહે છે; માટે સંયમીના આધ્યાત્મિક આનંદની સાથે આ વિષયજન્ય અતિક્ષુદ્ર સુખની કોઇ અંશમાં પણ તુલના થઇ શકતી નથી.

**विषयेष्वतिदु:खेषु, सुखमानी मनागपि ।**
**नाहो! विरज्यते जनो, अशुचिकीट इवाशुचौ ॥**

વિષ્ટાનો કીડો વિષ્ટામાં જ સુખ માનતો જરા પણ કંટાળતો નથી, તેમજ અત્યંત દુ:ખદાયી વિષયોમાં સુખ માનીને, આશ્ચર્ય છે કે માનવ લેશ પણ વિરાગી થતો નથી.

**दुरन्तविषयास्वाद–पराधीनमना जनः ।**
**अन्धोऽन्धुमिव पदाग्र–स्थितं मृत्युं न पश्यति ॥**

અંધ પગની આગળ જ રહેલ કૂવાને દેખતો નથી તેમ પરિણામે દુષ્ટ વિષયોના સ્વાદમાં મનવાળો પોતાના પગ આગળ રહેલ મૃત્યુને જોતો નથી.

વિષયોની કલ્પિત ક્ષણિક મધુરતામાં મુગ્ધ બનીને વિકટ ભયસ્થાનોમાં મૂકાવાનું ભયંકર જોખમ શાણો આત્મા ન વહોરે. આ બીના સમજવામાં નીચેનું દૃષ્ટાંત માર્ગદર્શક બનશે.

સર્વ સમૃદ્ધિના ભંડાર સમા કામરૂપ દેશમાં અમરાવતી જેવા મદનપુર નામના નગરમાં ગુણનિધાન પ્રજાવત્સલ પ્રદ્યુમ્ન નામે રાજ્ય કરતો હતો. તેને રતિ નામે રાણી હતી. તે બન્ને વિષયસુખથી કાળ નિર્ગમન કરતા હતાં. એકદા રાજા અશ્વક્રીડા કરવા બહાર ગએલ. રાજમહેલમાં રાણી એકલી હતી. વિચિત્ર ગોખમાં ઊભી હતી. દિશાવલોકન કરતાં રાજમાર્ગે રહેલ અને દેવમંદિર તરફ જતાં સાર્થવાહપુત્ર શુભંકરને તેણે જોયો. તેને જોઇ અવિવેકના સામર્થ્યથી અને વિષયોના અભ્યાસથી રાણીને તેના ઉપર અભિલાષ થયો. કટાક્ષથી જોયું. રાણી પણ તેના જોવામાં આવી. મોહથી જોઇ. તેને તેણીમાં રાગ થયો. 'અહો ચિત્તજ્ઞ !' એમ વિચારી રાણી ખુશ થઇ. તે મોહથી એક સ્થાને ઊભો. કારણ મદનવિકાર દુર્વાર છે. 'સખિ ! યુવતિજનના મનને સુખ આપનાર આ યુવાનને લાવ,' એમ કહી રાણીએ પોતાની વિશ્વાસુ દાસીને તેની પાસે મોકલી.

તે મધુર અને મનોરમ વાણીથી સમજાવી લઇને આવી અને રાણીવાસમાં તેને મોકલ્યો. રાણીએ સન્માનથી પલંગ ઉપર બેસાડી પ્રેમથી તેને તાંબૂલ આપ્યું. તેણે ગ્રહણ કર્યું. તેવામાં ભાટ–ચારણનો કોલાહલ સાંભળવામાં આવ્યો. તે ઉપરથી રાજા અશ્વક્રીડા કરી પાછા પધાર્યા એમ જાણી રાણીને ભય ઉત્પન્ન થયો કે હવે શું કરવું ? બીજો ઉપાય નહિ હોવાથી સંડાસમાં તેને મોકલી દીધો. રાજા આવી પલંગ ઉપર બેઠો. તરત તેમને ઝાડે ફરવા જવાની ઇચ્છા થઇ એટલે કહ્યું કે–હજામને બોલાવો. ઝાડે ફરવા જવું છે. હજામને બોલાવ્યો. શુભંકરે આ સાંભળ્યું. "ચોક્કસ મરવાનું થશે" એવા અત્યંત ભયથી જીવવાની આશાથી સંડાસના ઊંડા કૂવામાં કે જેમાં કાયમ અંધકાર, અત્યંત ખરાબ ગંધ અને કીડાઓનું સ્થાન હતું તેમાં પોતે પડ્યો. સંડાસમાંથી કૂવાના કાંઠા ઉપર પડ્યો. ગંદકીથી ભરાઇ ગયો. કીડાથી વિંધાવા માંડ્યો. આંખનો દેખાવ બંધ થઇ ગયો. શરીર અકડાઇ ગયું. અનેક વેદનાઓ થવા લાગી, ઘણો અકળાયો, બેભાન થયો.

બીજી બાજુ અંગરક્ષકોએ તપાસેલા સંડાસમાં રાજા ગયો. કામ પતાવી બહાર નીકળી રાણી સાથે વિનોદ કરવા લાગ્યો. દિવસ પૂરો થતાં રાજા સભામંડપમાં ગયો. પછી રાણીએ શુભંકરની તપાસ કરી તો ન દેખાયો. દાસીને પૂછ્યું 'શું થયું હશે ?' તેણે કહ્યું ભયથી કૂવામાં પડી મરી ગયો હશે. રાણીએ કહ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ થયું હશે. નહિ તો દેખાય કેમ નહિ? તેની ચિંતા ચાલી ગઇ.

આ તરફ શુભંકર તે કૂવામાં ભવિતવ્યતાથી દુઃખી થતો વિચિત્ર કર્મવશવર્તી બની, અશુચિ ખાઇને પોતાની રક્ષા કરતો, કેટલાક દિવસે એ ખાળકૂવો સાફ કરવા ખોલતા અશુચિના જવાના માર્ગથી બહાર નીકળી ગયો. તેના દેહની કાંતિ નષ્ટ થઇ હતી, નખ અને વાળ નષ્ટ થઇ ગયા હતા. તેને રાત્રિના સમયે જ અશુચિના જવાના માર્ગથી બહાર નીકળવાનું થયું હતું. તે ઘણા પ્રયત્નથી સાફ થઇ મહામુશીબતે પોતાને ઘેર ગયો. તેને એવા કદરૂપે આવેલો જોઇ, આ કોણ ભૂત હશે? એમ માની તેનો પરિજન ભય પામી ગયો. તેણે કહ્યું, "ભય ન રાખો, હું શુભંકર છું." તેના પિતાએ કહ્યું: 'પુત્ર! તેં શું કર્યું કે આવો થઇ ગયો?' પિતાના પૂછવાથી તેણે એકાંતે રતિરાણીને ત્યાંના પ્રવેશથી માંડીને નીકળવા સુધીની વાત કહી. અહો! અકાર્યના સેવનના સંકલ્પનું ફલ! વિષયવિલાસના સંકલ્પનો અંજામ? તે સાંભળી વિચારી તેના પિતાને સંવેગ થઇ ગયો. પછી તેને પવન વગરના સ્થાને રાખી સહસ્રપાકાદિ તેલથી માલીસ કરાવવાથી થોડા વખતમાં મૂળ સ્થિતિમાં તે આવી ગયો. ઉચિત સમયે દેવદર્શન કરવા જતાં રાજમાર્ગે આવતાં રતિરાણીએ તેને જોયો. વિશ્વાસુ દાસી મોકલી બોલાવ્યો. મોહના કારણે શુભંકર ગયો અને તેવામાં પ્રથમની જેમ રાજા આવી ચઢ્યો, તેથી તેને પૂર્વની જેમ જ સંડાસમાં સંતાવાનું, જાજરુના કૂવામાં પડવાનું અને કેટલાક દિવસે એ ખાળકૂવો સાફ કરવા ખોલતા અશુચિ જવાના માર્ગથી બહાર નીકળવાનું થયું. પૂર્વની જેમ ઉપાય કરતાં સારો થયો. ફરી રાણીના જોવામાં આવ્યો. ફરી પણ ગયો. આમ ઘણીવાર બન્યું. કારમી ભયંકર યાતનાઓથી આ ભવમાં પણ વિલાસ ન ભોગવી શકવા છતાં વિલાસના મનોરથમાત્રથી પણ ઘણો જ હેરાન-પરેશાન થઇ ગયો અને ભવિષ્યને માટે પણ ભયંકર દુર્ગતિની પરંપરા પોતાના માટે ખડી કરી દીધી.

વિષયવિલાસ(વાસના)ની ઉત્કટતા અને તેનું ભયંકર પરિણામ સમજી સૌ પોતાના આત્માને પવિત્ર બનાવે એ જ એક મંગલ કામના.

सुखस्य दुःखस्य न कोऽपि दाता
परो ददातीति कुबुद्धिरेषा ।
अहं करोमीति वृथाभिमानः
स्वकर्मसूत्रग्रथितो हि लोकः ॥

( મંદાક્રાંતા )

આ સંસારે સુખદુઃખતણો કોઈ દાતા ન જાણો,
'બીજે દીધું સુખદુઃખ મને' એ કુબુદ્ધિ પ્રમાણો;
'મેં કીધું' એ જરૂર જનનું, ભાઇ, મિથ્યાભિમાન,
કર્મોરૂપી દૃઢ નિગડથી સર્વ છે બંદીવાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવનિધાન નવ સ્તવનો

( લે. પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ. )

**ગૂર્જર સાહિત્ય સંગ્રહ** ( ભા. ૧, પૃ. ૭૨ )-માં ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય યશોવિજયગણિનાં કેટલાંક સ્તવનો અને પદોનો **જશવિલાસ**ના નામે ઉલ્લેખ કરાયો છે. આ **જશવિલાસ**માં અહીં ચાર બાબત અપાઇ છેઃ—

( ૧ ) નવનિધાન સ્તવનો
( ૨ ) વિશિષ્ટ જિન-સ્તવનો
( ૩ ) સામાન્ય જિન-સ્તવનો
( ૪ ) આધ્યાત્મિક પદો

આ પૈકી પહેલી બાબત અત્ર પ્રસ્તુત છે.

એક [૧]હાથપોથીમાં "નવ નિદ્ધાન નવ સ્તવન સંપૂર્ણ" એવો અંતમાં ઉલ્લેખ છે. એને અનુસરીને મેં "નવનિધાન નવ સ્તવન" એવું શીર્ષક યોજ્યું છે, જ્યારે ઉપર્યુક્ત ગૂ. સા. સં. (ભા. ૧, પૃ. ૭૩)માં એનો "નવ નિધાન સ્તવનો" ના નામે નિર્દેશ કરાયો છે.

**નવ સ્તવનો**—"નવનિધાન નવ સ્તવનો"થી જે નવ સ્તવનો સમજવાનાં છે તે અનુક્રમે ઋષભદેવથી માંડીને સુવિધિનાથ નામના નવમા તીર્થંકર સાથે સંબંધ ધરાવે છે. એ નવે સ્તવનોની આદ્ય પંક્તિ અનુક્રમે નીચે મુજબ છેઃ—

( ૧ ) ઋષભદેવ હિતકારી જગતગુરુ.
( ૨ ) અજિતદેવ મુજ વાલહા.
( ૩ ) સંભવ જિન જબ નયન મિલ્યો હો.
( ૪ ) પ્રભુ! તેરે નયનકી હું બલિહારી.
( ૫ ) સુમતિનાથ સાચા હો.
( ૬ ) ઘડિ ઘડિ સાંભરે સાંઇ સલૂના.
( ૭ ) ઐસેં સામી સુપાર્શ્વસેં દિલ લગા.
( ૮ ) શ્રી ચન્દ્રપ્રભ જિનરાજ રાજે.
( ૯ ) મેં કીનો નહી તો બિન ઓરશું રાગ.

**ભાષા**—નવે સ્તવનોની ભાષા 'હિન્દી' છે એમ સામાન્ય રીતે કહી શકાય. બાકી કોઇ કોઇ વાર ગુજરાતીની છાંટ જોવાય છે અને એ માટે નકલ કરનાર-લહિયો જવાબદાર હોય તો ના નહિ.

**પરિમાણ**—ઋષભદેવના સ્તવનથી શરૂ થતાં નવ સ્તવનની કડીઓની સંખ્યા નીચે મુજબ છેઃ—

૬, ૫, ૪, ૫, ૫, ૫, ૫, ૫ અને ૫.

આમ એકંદર કડીની સંખ્યા ૪૫ ની છે.

**રાગ**—નવે સ્તવનો પૈકી એકે માટે દેશીનો ઉલ્લેખ નથી, પરંતુ એ માટે અનુક્રમે નિમ્નલિખિત રાગનો ઉલ્લેખ છેઃ—

રામકલી, કાફી, ગોડી, નટ, મારૂ, પૂરવી,
યમન કલ્યાણ, રામગ્રી અને કેદારો.

આ ઉપરથી જોઇ શકાશે કે પ્રત્યેક સ્તવનનો રાગ ભિન્ન ભિન્ન છે.

**વિષય**—આ સ્તવનોનો વિષય અનુક્રમે ઋષભદેવથી શરૂ કરીને સુવિધિનાથ સુધીના નવ તીર્થંકરના ગુણગાન ગાવાનો છે.

પહેલા સ્તવનમાં ઋષભદેવને આદ્ય તીર્થંકર, આદ્ય નરેશ્વર, આદ્ય યતિ બ્રહ્મચારી કહ્યા છે. વિશેષમાં અહીં કર્તાએ યશોવિજયગણિએ એમની પાસે હાથી, ઘોડા, ધન, કાંચન કે નારી નહિ માંગતાં એમના ચરણકમળની સેવાની માગણી કરી છે.

બીજા સ્તવનમાં કહ્યું છે કે જેમ મધુકરને માલતી અને મુસાફરને ઘર ગમે છે તેમ મને હરી, હર, બ્રહ્મા અને ઇન્દ્ર ન ગમતાં તું અજિતનાથ જ ગમે છે. આ સ્તવનમાં ભરત, ઐરાવત અને વિદેહનો ઉલ્લેખ છે.

ત્રીજા સ્તવનમાં સંભવનાથના દર્શનથી કર્તાને જે લાભ થયો તેનો નિર્દેશ કર્તાએ કર્યો છે. તેમાં નવ નિધિની હું નોંધ લઉં છું. "જેવી ભકિત તેવી કરુણા" એ વાત સૂચવતી વેળા કર્તાએ સફેદ શંખમાં દૂધ ભળ્યું એમ કહ્યું છે. વિશેષમાં અહીં સમ્યક્ત્વનો રત્ન તરીકે નિર્દેશ છે.

[૧] આનો સંક્ષિપ્ત પરિચય ગૂ. સા. સં. (ભા. ૧ પૃ. ૭૯) માં અપાયો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોથું સ્તવન કાવ્યરસિકોને આનંદ આપે તેવું છે. એમાં અભિનન્દન જિનનાં નેત્રને અપ્રતિમ કહ્યાં છેઃ કમળ એ નેત્રની શોભાથી જીતાતાં જળમાં રહે છે, હરણ હારી જતાં વનમાંથી ગગનમાં ચન્દ્રને શરણે ગયું છે, સ્વાભાવિક અને મનોરમ અંજન જોઇ ખંજન પક્ષીનો ગર્વ ગળી ગયો છે, ચકોરની શોભા છીનવી લેવાઇ છે, દુઃખનો માર્યો અગ્નિ ભક્ષ્ય કરે છે, મત્સ્યનો ચંચળતા રૂપ ગુણ લેવાયો છે અને ભ્રમરના જેવી કાળી કીકી છે, જેમ હાથી મદન જળમાં ઘૂમે તેમ પ્રભુના નેત્ર સમતા રસમાં ઘૂમે છે.

આ વર્ણન કવિ પ્રેમાનંદે વિ. સં. ૧૭૭૬માં રચેલા **નળાખ્યાન**માં અપાયેલા દમયંતી અને નળનાં વર્ણનનું સ્મરણ કરાવે છે.

પાંચમા સ્તવનમાં કહ્યું છે કે સુમતિનાથ સાચા દેવ–ઉત્તમ હીરા સમા છે, કેમકે એની વાણી અને વર્તનમાં ભેદ નથી, જ્યારે ઈતર દેવો કાચા છે, મસ્ત હોઇ કાચ જેવા છે.

છઠ્ઠા સ્તવનમાંની નિમ્નલિખિત પંક્તિ મનોરમ છે.

"પ્રભુ ગુન ગ્યાન ધ્યાન વિધિ રચના,
પાન સુપારી કાથા ચૂના,
રાગ ભયો દિલ મેં આયોગેં,
રહે છિપાયા ના છાના છૂના."

સાતમું સ્તવન પ્રીતિનાં ઉદાહરણો રજૂ કરે છે. એ દ્વારા કોને શું પ્રીતિકર છે, રુચે છે, તે દર્શાવાયું છે. આ વાત હું નીચે મુજબ સૂચવું છુંઃ–

| | | | |
|---|---|---|---|
| રાજહંસ | માનસરોવર | જ્ઞાની | તત્ત્વની વિચારણા |
| હાથી | રેવા(નર્મદા)નું જળ | મોર | મેઘ |
| હરિ | ક્ષીરસમુદ્ર | ચકોર | ચન્દ્ર |
| | | કામદેવ | વસંત |
| ભ્રમર | અમૂલ્ય પુષ્પ | દાની (દાતા) | ત્યાગ |
| કોયલ | આંબો | બ્રાહ્મણ | યાગ–યજ્ઞ |
| સીતા | રામ | યોગી | સંયમ |
| રતી | કામ | દેવ | 'નન્દન'વન |
| મુસાફર | ઘરનું આંગણું | ન્યાયી | ન્યાય[1] |

આઠમા સ્તવનમાં ચંદ્રપ્રભ સ્વામીના મુખને પૂર્ણિમાના ચંદ્રની, ભવ્ય જનોને ચકોરની, કવિઓને ભ્રમરની અને મુખને મકરંદની ઉપમા અપાઇ છે. એ તીર્થંકરના હૃદય અને હાથ વિશાળ કહ્યા છે અને એની ચાલને હાથી જેવી કહી છે.

નવમા સ્તવનમાં સુવિધિનાથ જેવા સુદેવ અને કષાયની કાલિમા( કૃષ્ણતા )થી કલુષિત કુદેવ વચ્ચેનું અંતર વિવિધ દૃષ્ટાંતોવડે આબેહૂબ વર્ણવાયું છે. એ અંતર નિમ્નલિખિત દ્વંદ્વોદ્વારા દર્શાવાયું છેઃ—

| | |
|---|---|
| માન સરોવરનો રસિયો રાજહંસ | અશુચિમાં રાચનારો કાગડો |
| વિષયરૂપ સર્પપ્રત્યે ગરુડ | વિષયરૂપ વિષવાળો સર્પ |
| સમુદ્ર | છીલર જળ |
| સુરતરુ ( કલ્પવૃક્ષ ) | સૂકાઇ ગયેલ સાગનું ઝાડ |

અંતભાગમાં કહ્યું છે કે સુવિધિનાથ જ પુરુષોત્તમ, નિરંજન શંકર, બ્રહ્મા અને બુદ્ધ છે. આ વાત **ભક્તામર સ્તોત્ર**ના નિમ્નલિખિત પદ્યનું સ્મરણ કરાવે છેઃ—

"बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्
त्वं शङ्करोऽसि भुवनत्रयशङ्करत्वात्।
धाताऽसि धीर शिवमार्गविधेर्विधानाद्
व्यक्तं त्वमेव भगवन्! पुरुषोत्तमोऽसि॥"

અંતમાં કર્તાએ પોતાના દિલને બાગ કહ્યો છે, સુવિધિનાથના ગુણોને ફૂલ અને ભક્તિને પરાગ કહ્યા છે.

**નામ–નિર્દેશ**—કર્તાએ ભિન્ન ભિન્ન રીતે પોતાનો પરિચય આપ્યો છે જેમકે નામોલ્લેખ કર્યા વગર નયવિજયના શિષ્ય તરીકે અને નામોલ્લેખપૂર્વક, જશ, અને વાચક જશવિજય તરીકે. કર્તાને 'વાચક' પદવી વિ સં. ૧૭૧૮માં મળી હતી. એટલે એ ઉલ્લેખવાળાં સ્તવન વિ. સં. ૧૭૧૮ની પહેલાં ન ગણાય. તેમ એ વિ. સં ૧૭૪૫ પછીનાં પણ ન ગણાય કેમકે લગભગ એ અરસામાં યશોવિજયગણિનો સ્વર્ગવાસ થયેલો છે.

૧ આ પૈકી ઘણાંખરાં ઉદાહરણો યશોવિજયગણિએ રચેલા **અનંતવીર્ય–જિન–સ્તવન**માં જોવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાજ-સ્વપ્નની આગાહી

શ્રી. પ્રાણજીવન હરગોવિંદદાસ ગાંધી

૧. આજે જૈનસમાજનું સુકાન કોઇ એક વ્યક્તિ કે વર્ગના હાથમાં નથી. પ્રત્યેક ગામમાં, સંઘમાં, સંસ્થામાં, મંડળમાં, ગચ્છમાં, વાડામાં કે વર્ગમાં એક જ પ્રકાર કે પ્રકૃતિના, એક જ વિચાર કે વર્તનના, એક જ ધ્યેય કે હેતુના સુકાનીઓ ભાગ્યે જ જોવા મળે છે. મોટા ભાગના નાયકો એવા શક્તિહીન અને ઉત્સાહશૂન્ય હોય છે કે પરાપૂર્વથી ચાલતી આવેલી પ્રથા કે પદ્ધતિ પ્રમાણે તંત્ર ચલાવતા હોય છે અથવા તો વધુમતિને આધીન થઇને તેઓની દોરવણી મુજબ વર્તતા હોય છે. પરિણામે સમયની સાથે તેઓ ચાલતા નથી એટલે એકવાક્યતા સચવાતી નથી, પ્રગતિ થતી નથી, વિરોધ ઊભો થાય છે, ક્લેશ અને કુસંપના શ્રીગણેશ મંડાય છે અને વહીવટ અસ્તવ્યસ્ત થાય છે. આજે જ્યાં નજર નાખીએ ત્યાં પ્રાયે આ દૃશ્ય જોવા મળે છે.

૨. જૈનધર્મ સૌથી પ્રથમ એ ઉપદેશે છે કે ૧ ગુણાનુરાગી બનવું. ૨ સમતાગુણ કેળવવો, ૩ મન વચન કાયાની ક્રિયાઓમાં સંયમ કેળવવો, ૪ વિનય અને ક્ષમા ધારણ કરવા, ૫ સાધર્મીનું બહુમાન કરવું, ૬ ધનની મૂર્છા ઉતારવી, ૭ યથાશક્તિ દાન કરવું, ૮ મમત્વભાવ ઘટાડવો, ૯ અને ધાર્મિક કરણી અને જ્ઞાનવડે આત્મા નિર્મળ કરવો. **જૈન હોવા તરીકેની યોગ્યતાનું આ માપ** કે કસોટી હોય તો તેનાથી દરેકે પોતાનું માપ કાઢવું જોઇએ અને પોતાના જીવનની કસોટી કરવી જોઇએ. તેમાં પસાર થઇએ તો જ આપણે આપણી જાતને '**જૈન**' તરીકે ઓળખાવી શકીએ.

૩. દરેક મનુષ્ય, પ્રાણી, કાર્ય, ક્રિયા કે ઘટનામાં સારું, મધ્યમ કે કનિષ્ટ એની માત્રા ઓછા વધુ હોય છે. એટલે જે પ્રકારનું દૃષ્ટિકોણ હોય તે પ્રકારે વસ્તુનું સ્વરૂપ દેખાય છે, પરંતુ ઊણપ કે ત્રુટિઓના પ્રત્યે જો દુર્લક્ષ સેવીએ તો પ્રગતિ રૂંધાય છે, સુધરવાનો માર્ગ બંધ થાય છે અને ધ્યેય સિદ્ધ થતું નથી **માટે જેણે સુધરવું હોય કે પ્રગતિ સાધવી હોય અથવા જગતનું કલ્યાણ સાધવાની ભાવના હોય તેણે પોતાના દોષો અને ભૂલો જોતાં અવશ્ય શીખવું જોઇએ અને બીજાઓના દોષો પ્રત્યે શુભ હેતુપૂર્વક અંગુલી-નિર્દેશ કરવો જોઇએ.** જગત આ રીતે પ્રગતિ સાધી શકે છે. જૈનશાસ્ત્ર પણ એ જ પ્રરૂપે છે કે **પ્રથમ દોષો દૂર કરો. તે પછી જ ગુણો માટે જગ્યા થશે અને પછી ગુણવૃદ્ધિ માટે પ્રયત્નશીલ બનો.**

૪. આજે ધર્મક્રિયા, ઉત્સવો, તપશ્ચર્યા, ધર્મોપદેશ, ધાર્મિક પુસ્તકોનાં અને સામયિકોનાં પ્રકાશન, જિનાલયો, તીર્થયાત્રા, એ બધામાં અભિવૃદ્ધિ થઇ રહી છે; સંસારત્યાગ કરનારાઓની સંખ્યા પણ વધી રહી છે; પરંતુ એકંદરે સામા કે પ્રત્યેકમાં ધર્મપ્રત્યેનો સાચો પ્રેમ કે સાચી શ્રદ્ધા વધ્યા હોય કે વધતા હોય, એવું જોવામાં આવતું નથી. જૈન કહેવાતા અને જૈન તરીકે ઓળખાતા મોટા ભાગના સમુદાયમાં જૈન તરીકેની જે સામાન્ય યોગ્યતા હોવી જોઇએ તે પણ બહુ જ અલ્પ વ્યક્તિઓમાં જોવા મળે છે. આનો પ્રત્યક્ષ પુરાવો એ છે કે—આજે ઘેરઘેર, ગામેગામ, સંઘોમાં, સંઘાડાઓમાં, સંસ્થાઓમાં કે સમાજજૂથોમાં કુસંપ, અણબનાવ, વેરઝેર, વિક્ષેપ કે વિરોધ જોવા મળે છે, અંગત ક્લેશો અને ઝઘડાઓ ધર્મસ્થાનો અને તેના વહીવટમાં દખલ કરી રહ્યા છે અને અનેકગણું નુકસાન કરી રહ્યા છે. **સાચા જૈનોમાં આ સ્થિતિ હોવી ન જોઇએ અને જ્યાં આ સ્થિતિ હોય ત્યાં સાચો જૈન સમાજ છે એમ કહી જ ન શકાય.**

**૫. ધર્મી વિના ધર્મ હોઈ જ ન શકે. જીવનમાં, આચારમાં, વાણી, વિચાર અને વર્તનમાં જો ધર્મ દેખાય તો જ તે માણસ તેટલા પ્રમાણમાં ધર્મી ગણી શકાય.** ધર્મનાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રો હોય, ક્રિયા હોય, પૂજન, અર્ચન, કીર્તન, હોમ, જપ, તપ, યોગ કે ધ્યાન હોય, પઠનપાઠન હોય, ભક્તિ કે સાધના હોય, મંત્ર-જંત્ર કે તંત્ર હોય, વિધિવિધાન હોય, પરંતુ સાચો ધર્મ માત્ર તેમાં જ સમાઇ જતો નથી. આ અને આવી બીજી અનેક બાબતો ધર્મના અંશ કે અંગરૂપ, સાધન કે માર્ગરૂપ, પ્રેરક કે નિમિત્તરૂપ જરૂર છે; તેની આવશ્યકતા અને ઉપયોગિતા પણ છે. પરંતુ તે કે **જે બધાનો સમૂહ એ પણ સર્વાંશે કે સાચા અર્થમાં સંપૂર્ણ ધર્મ નથી. ધર્મ તે બધાથી ઘણો અધિક છે.** જેમ મનુષ્યના અનેક અંગો કે વિભાગો એકમ કરવાથી તેમાંથી જીવંત મનુષ્ય બની શકતો નથી. તેમ ઉપરના બધા અંશો કે અંગો ભેગા કરવાથી ધર્મ ઉપસ્થિત થતો નથી. આ વાત જો દરેક વ્યક્તિ બરોબર સમજી જાય તો તેનામાં સાચી સમજ આવશે અને ધર્મ અથવા સત્ય શું છે તે જાણવાની અને શોધવાની તેને જિજ્ઞાસા જાગશે. આ બધું જાણ્યા પછી અને તેનો અનુભવ કર્યા પછી **જેટલા પ્રમાણમાં ધર્મશાસ્ત્રના આદેશ મુજબ માણસ જીવન જીવે તેટલા પ્રમાણમાં તે માણસને ધર્મી ગણવો જોઇએ.** ધર્મનો સંબંધ મુખ્ય આત્મા સાથે છે. કર્મોથી સર્વાંશે આત્માને નિર્મળ કરવાની ક્રિયા તે જ **ધર્મ** છે અને તેમાંથી સર્વાંશે છૂટવું તે જ **મુક્તિ** છે.

૬. મુક્તિના ધ્યેયને પહોંચવા કે પ્રાપ્ત કરવા માટે જિજ્ઞાસા જોઇએ, દઢ નિશ્ચય જોઇએ, અવિરત અને યોગ્ય પ્રયત્ન જોઇએ અને યોગ્ય સાધનસામગ્રી જોઇએ. સાધનસામગ્રી બે પ્રકારની હોઈ શકે. એક બહારની; બીજી અંતરની કે અંદરની. બહારની સામગ્રી એટલે સર્વ પ્રકારની ધાર્મિક ક્રિયાઓ જે ઉપર ( નં. ૪ ) નિર્દેશ કરી છે તે તથા અન્ય બીજી શુભ પ્રવૃત્તિઓ. આંતરિક સામગ્રી એટલે મન-વચન-કાયાની શુદ્ધિ, આત્માને નિર્મળ કરવાની ક્રિયા, આત્માની ઓળખ અને અનુભવ, આત્મ-સાક્ષાત્કાર બહારની શુભ ક્રિયાઓ અને શુભ પ્રવૃત્તિઓ બાળજીવોને ધર્મને પંથે દોરવાની પ્રાથમિક ભૂમિકા છે, પરંતુ તેટલાથી કામ સરે તેમ નથી. તે તો માત્ર અંકજ્ઞાન કે અક્ષરજ્ઞાન છે. જ્ઞાનનું અંતિમ શિખર કે જીવનનું આખરી ધ્યેય તો તેનાથી ઘણું દૂર છે. આપણે આ સમજીએ તો છીએ; પરંતુ તે માર્ગે પ્રયાણ કરી પંથ કાપતા નથી. તેમજ તે પંથે દોરનાર કોઇ જીવંત ભોમિયા પણ નથી. તે જ મોટી મુશ્કેલી છે, સાચા ગુરુ હોય તો તે આપણને જરૂર માર્ગ બતાવે અને તે માર્ગે પોતાની સાથે દોરે. આ બધું માત્ર ઉપદેશથી સિદ્ધ થઇ શકતું નથી. તે માટે ગુરુ સાથે નિરંતર નિકટ પરિચય અને સમાગમ જોઇએ. ગુરુ પણ જ્ઞાની અનુભવી જોઇએ. શિષ્ય પણ ઉત્કટ જિજ્ઞાસુ વૃત્તિવાળો જોઇએ અને તેનું શિક્ષણ અને માર્ગદર્શન પણ અવિચ્છિન્ન જોઇએ. જ્ઞાનપ્રાપ્તિ અને અનુભવ માટેનો આ જ માર્ગ છે. શબ્દજ્ઞાન, ઉપદેશ કે માર્ગદર્શન એ જ્ઞાનપ્રાપ્તિના સાધનો છે, તે પોતે જ્ઞાન નથી. જ્ઞાનપ્રાપ્તિ માટે પ્રત્યક્ષ પ્રયોગો અને સ્વાનુભવની જરૂર છે. આ બન્ને સ્થિતિ મહત્ત્વની અને આવશ્યક છે. આટલું જો યથાર્થ સમજાય તો બહારની સાધનસામગ્રીને ધ્યેય માનીને તેમાં જે અટવાઇ જઇએ છીએ અને તેનાથી જ સંતોષ માની આગળ વધવાનો પ્રયાસ કરતા નથી તે પ્રકારની ગંભીર ગેરસમજ દૂર થઇ જાય અને પ્રગતિનો માર્ગ સ્પષ્ટ દેખાય. આવું શીખવનાર અનુભવી જ્ઞાની ગુરુઓ આપણને જોઇએ છીએ. સાચી સામાયિક, સાચી પ્રતિક્રમણ ક્રિયા, સાચી જપ, તપ, ધ્યાન કે યોગ, સાચી પૂજા, ભક્તિ, અર્ચના અને કીર્તના-આ બધું યથાર્થ અને પદ્ધતિપૂર્વક શીખવાની જિજ્ઞાસાવાળા ઘણા ભવિક જીવો હશે, પરંતુ શીખવવાવાળા ગુરુઓનો જો કોઇ શાસનપ્રેમી બંધુ પરિચય કરાવી આપશે તો શીખનારાઓ તેમના બહુ ઉપકારી થશે.

૭. જેમ ધર્મના જ્ઞાન અને ધાર્મિક ક્રિયાઓ અંગે વિચારવાની જરૂર છે, તેમ ધર્મક્ષેત્રે અને વ્યવહારક્ષેત્રે શ્રાવક તરીકેનુ સામાન્ય જીવન કેવું હોવું જોઇએ તે પણ વિચારણા માગે છે. અનેકાંત-વાદમાં શ્રદ્ધા ધરાવતા પ્રત્યેક મનુષ્યે '**સહિષ્ણુતા**'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવવી જોઇએ અને અનેક બાબતોનો અભ્યાસ અને નિર્ણય '**તુલનાત્મક રીતે અને સમન્વયની દૃષ્ટિ**'થી કરવો જોઇએ. '**મારું તે સાચું**' અને '**મારું તે સારું**'–એ દૃષ્ટિ સંકુચિતતા વા પૂર્વ-ગ્રહપણું સૂચવે છે. આને લઇને તો ઠેર ઠેર વાદવિવાદ, ચર્ચાઓ, ચર્ચાપત્રો અને પરિણામે અનેક ભાગલાઓ પડ્યા છે અને પડે છે, શક્તિ, સમય અને સંપત્તિનો દુર્વ્યય થાય છે અને વેરઝેરનું વાતાવરણ સર્જાય છે. આથી વધુ દુર્ભાગ્ય તો ત્યારે થાય છે કે જ્યારે '**બીજા બધાનું ખરાબ અને ખોટું**' એ માન્યતાનો પ્રચાર અને ઉપદેશ થાય છે. આથી અભિમાન અને ઇર્ષ્યા બન્ને દુર્ગુણો ઠેર ઠેર વ્યાપક બન્યા છે અને બને છે, જ્યાં આ સ્થિતિ પ્રવર્તતી હોય ત્યાં સાચા જૈન કે જૈનત્વનો અભાવ છે એમ કહી શકાય. આમાં જે કોઇ નિમિત્ત બને તે ધર્મી ન જ ગણાય.

૮. આજે ધર્મક્રિયા, ધર્મોપદેશ, ધર્મશ્રવણ, ધર્મ-ભક્તિ, ધર્મશિક્ષણ, ધર્મસ્થાનો, ધાર્મિક સાહિત્ય વગેરે પ્રમાણમાં વધ્યા હશે પરંતુ તેનું પરિણામ જે રીતે અને જેટલા પ્રમાણમાં જીવનમાં કે રહેણીકરણીમાં આવવું જોઇએ તેટલું પ્રત્યક્ષ અનુભવમાં જોવામાં આવતું નથી. આજનો શિક્ષિત યુવકવર્ગ ધર્મથી વધુ દૂર જઇ રહ્યો છે એમ સૌકોઇની ફરિયાદ છે, પરંતુ તેમ થવાનાં શું કારણો છે અને તેઓને ધર્મમાં જોડવા માટે શું ઉપાયો યોજવા તેનો ગંભીરપણે વિચાર કરવાની જરૂર છે. આજનો શિક્ષિત યુવક કાર્યકારણની પદ્ધતિમાં અને બુદ્ધિગમ્ય વસ્તુઓમાં માનવાવાળો છે. તેને જેટલી વસ્તુ કે વસ્તુની જેટલી ઉપયોગિતા સમજાશે તેટલી તે સ્વીકારશે અને માન્ય કરશે. એટલે પ્રથમ તેને ધર્મ પ્રત્યે આકર્ષવાની અને તેને ધર્મના નિયમો, ક્રિયાઓ, તત્ત્વો, સિદ્ધાંતો વૈજ્ઞાનિક પદ્ધતિએ સમજાવવાની જરૂર છે. જે બાબત તેની નજરમાં ઉતરશે તે તે જરૂર ગ્રહણ કરશે, તેથી તેને ધર્મ પ્રત્યે આકર્ષણ, પ્રેમ અને શ્રદ્ધા થશે તો પછી તે પાછો નહિ હઠે પણ ક્રમે ક્રમે આગળ પ્રગતિ કરશે. તપ, અનુષ્ઠાન અને ક્રિયાઓમાં કદાચ તે બહુ રસ લેતો નહિ થાય પરંતુ સત્ય, અહિંસા, દયા, સંયમ, ત્યાગ અને બીજા એવા ધર્મનાં મૂળભૂત તત્ત્વો અને નિયમોનું સમજપૂર્વક પાલન કરતો થાય. મુનિમહારાજાઓ અને વિદ્વાનોના સંપર્કમાં આવતો જાય, જૈનદર્શનના અભ્યાસમાં તેને અભિરુચિ અને આકર્ષણ થાય તો પણ જીવનમાં ધર્મનો પાયો મજબૂત થશે. અને સમય જતાં જેમ જેમ તે તપ, અનુષ્ઠાન અને ક્રિયાઓના હેતુ અને રહસ્ય અનુભવથી સમજતો થશે તેમ તેમ શ્રદ્ધાની માત્રા તેનામાં વધતી જશે. એટલે ખાસ જરૂરતું એ છે કે **શિક્ષિતવર્ગ માટે તેઓને અનુરૂપ વિશિષ્ટ પ્રકારના ધાર્મિક શિક્ષણ અને ધર્મોપદેશનો પ્રબંધ કરવો જોઇએ. આને માટે કાયમી કામચલાઉ અભ્યાસના વર્ગો, સત્રો કે શિબિરો યોજવા જોઇએ.** ધાર્મિક અભ્યાસની માત્ર પરીક્ષાઓ કે પારિતોષિકો યોજવાથી અર્થ નહિ સરે.

૯. જેમ જેમ સાંપ્રદાયિકતા અને સંકુચિતતા વધે તેમ તેમ સહિષ્ણુતા અને ઉદારતા ઘટે; અને પરિણામે સંઘર્ષણ, હુમલા, લૂંટફાટ, આક્ષેપો અને પ્રતિઆક્ષેપો વૃદ્ધિ પામે. આજે તીર્થસ્થળોમાં, જૈન વસ્તી વિનાના ગામોના જિનમંદિરોમાં કે ધાર્મિક સ્થાનોમાં જે આશાતના, અવલેહના કે અધિકારના અનેક પ્રકારના ઝઘડાઓ ઊભા થાય છે અને થઈ રહ્યા છે તે પ્રશ્ન અતિ મહત્ત્વનો છે. કેમકે તેમાં પ્રશ્ન અસ્તિ–નાસ્તિનો છે. જેમ વ્યક્તિ પોતાની મિલકતનું રક્ષણ કરે છે તેમ સમાજે પણ પોતાની મિલકતનું રક્ષણ પોતે કરવું જોઇએ. જો સમાજમાં સહકાર, સંગઠન, એકવાકયતા અને ધર્મપ્રેમ હોય તો જ તે સ્વરક્ષણ કરી શકે, પણ આજે સમાજમાં કે વ્યક્તિમાં બળ, બુદ્ધિ, શક્તિ, કળ કે કુનેહ જણાતા નથી અને તે કદાચ હોય તો એવું સંગઠન નથી કે આપણે માનપૂર્વક આપણી સમૃદ્ધિ સાચવી શકીએ. આપણે માત્ર વિરોધના ઠરાવો કે ભાષણો કરી અને તાર કે ટપાલ દ્વારા રાજ્યસત્તાને તે ઠરાવો મોકલી આપી સંતોષ અનુભવીએ છીએ. આટલાથી આપણો હેતુ સધાતો નથી. સમાજમાં એવી ઘણી વ્યક્તિઓ આજે પણ નીકળે કે જેઓ શક્તિશાળી, હિંમતવાન, નિડર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ધર્મને માટે મરી ફીટવા અથવા બલિદાન આપવા તૈયાર હોય, પરંતુ તેને દોરનાર, એકમ કરનાર અને મોરચા ઉપર લઇ જનાર કોઇ નાયક કે કુશળ સેનાપતિ નજરે પડતો નથી. આથી સેનાપતિઓનું સર્જન કરનાર કોઇ એકાકી સંસ્થા કે મહાપુરુષ બહાર પડે તો કેવું સારું ?

૧૦. શારીરિક ક્ષીણતા, બૌદ્ધિક અસ્તવ્યસ્તતા, માનસિક નિર્બળતા, સામાજિક સત્વહીનતા અને આર્થિક નિર્માલ્યતા ટાળવી જ પડશે, સમાજનું સંગઠન ધર્મક્ષેત્રે કરવું જ પડશે, આર્થિક ઉન્નતિ સાધવી જ પડશે અને જીવનશુદ્ધિ કરવી જ પડશે, તો જ સમાજનો ઉત્કર્ષ થશે. આ બધું કરવા માટે સંપ જોઇશે, નેતા અને ધર્મગુરુ જોઇશે અને ઓછામાં ઓછો દશ વર્ષનો સમય અનુકૂળ વાતાવરણ સર્જવા માટે જોઇશે, બીજી બધી પ્રવૃત્તિઓ ગૌણ કરી સમાજના સર્વાંગી વિકાસ માટે સમાજના સંગઠનની શુભ શરૂઆત કરવાના સદ્‌ભાવના કોઇ પણ સત્પુરુષના હૃદયમાં સત્વર ઉદ્‌ભવો એ જ અભ્યર્થના.

न चोरहार्यं न च राजहार्यं,
न भ्रातृभाज्यं न च भारकारी ।
व्यये कृते वर्धत एव नित्यं,
विद्याधनं सर्वधनप्रधानम् ॥

( છપ્પા )

ચોરી શકે ન ચોર, ન લૂંટી શકે કો રાય,
ભાઇ ન માગે ભાગ, ન અંગે ભાર જણાય;
ગુપ્તપણે દિનરાત રહે સંગે જ સહાય,
આપી સુખ અનુપ પ્રદેશે કરે સહાય.
વળી વાપરતાં વધતું નિત્યે વિદ્યાધન ઉત્તમ અતિ,
ઉદ્યોગ, ખંત, ઉલ્લાસથી, સંગ્રહજો સૌ સુમતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન................

શ્રી. અમરચંદ માવજી શાહ

જીવ નામનો એક ચૈતન્ય પદાર્થ છે જે અરૂપી છે, પરંતુ જીવન જીવતાં દેહોમાં તે ચૈતન્યમય મૂર્તિના દર્શન થાય છે. ૮૪ લક્ષ યોનિઓમાં આ ચૈતન્ય ભગવાન જુદા જુદા રૂપમાં અનાદિ કાળથી વિચરી રહ્યો છે. સંસારરૂપી વનમાં જીવો અનેક પ્રકારની ચેષ્ટાઓ કરી રહ્યા છે, અનેક પ્રકારની આશાઓ અને આકાંક્ષાઓ સેવી રહ્યા છે. એ આસક્તિના કારણ રાગ દ્વેષના વમળમાં સપડાઇ મોહ ને અજ્ઞાનથી અનેક પ્રકારના પાપસ્થાનકો સેવીને વિવિધ યોનીઓમાં જીવન મરણ કરે છે. આ રાગ-દ્વેષ અને મોહનો જે આત્માઓ પરમપુરુષાર્થવડે સમ્યગ્દશા પ્રાપ્ત કરી ક્ષય કરે છે તે જીવ-જિન બની જાય છે, વીતરાગ બની જાય છે, મુક્ત થાય છે, કૃતકૃત્ય થાય છે.

આ અનેક પ્રકારની જીવયોનીઓમાં મનુષ્યત્વનું જીવન એ જ અમૂલ્ય જીવન છે. આમાં પણ મનુષ્ય આકૃતિ માત્રથી મનુષ્ય નથી ગણાતા, પરંતુ તેમાં માનવપણું જો પ્રાપ્ત થાય તો તેમ જ સત્ ધર્મ અને સત્ સમાગમ પ્રાપ્ત થાય તો જ કલ્યાણનો માર્ગ-મુક્તિનો માર્ગ માનવ પ્રાપ્ત કરી શકે છે. મનુષ્યપણું પ્રાપ્ત થાય છતાં તેનાં વિકાસ માટેની આવી સામગ્રી પ્રાપ્ત ન થાય તો એ માનવ જીવન મહામૂલ્યવંતું છતાં દુન્યવી લૌકિક-સામગ્રીઓમાં અટવાઇ જઇ વેડફાઇ જાય છે.

આવા માનવ ભવમાં જો આપણને યોગ્ય સામગ્રી પ્રાપ્ત થઇ હોય તો તત્ત્વજ્ઞ ગુરુઓનો સત્ સમાગમ પ્રાપ્ત થયો હોય તો તે દ્વારા આપણા આત્માનું, આ શરીરનું, સંસારનું વિગેરે સ્વરૂપ જાણી આ મહાબંધનમાં આ આત્મા શાથી સપડાયો છે અને કેમ મુક્ત થાય તેનું યથાર્થ જ્ઞાન સંપાદન કરી તદ્રૂપ આપણું જીવન જીવવા માટે આપણે તત્પર થવું જોઇએ અને જીવનને ઉન્નત બનાવવું જોઇએ.

આપણે માનવકુલમાં જન્મ લીધો, ૫-૭ વર્ષ બાળપણાની ચેષ્ટામાં ગયા. ૧૦-૧૨ વર્ષ અભ્યાસકાળમાં ગયા. ત્યાર બાદ સંસાર-રથમાં જોડાયા. કુટુંબ પરિવારમાં સપડાયા, વ્યાપારમાં કે નોકરીમાં ઉપજીવન જીવવા માટે જોડાયા, ત્યાં બાળગોપાળની જંજાળ વધી ગઇ, તેની આળપંપાળમાં વૃદ્ધ થયા અને ત્યાં મૃત્યુની નોટીસ આવે અને જીવનદીપક હોલવાઇ જાય અને ખેલ ખતમ થાય. આમાં માનવ-જીવનની સાર્થકતા શી? શું આ માટે જ આ માનવ-જીવન હશે? આમાં કાંઇ સમજાતું નથી. બધી પરની ઉપાધીમાંથી જ જીવન હારી જવું તેનો કાંઇ અર્થ નથી. ત્યારે કરવું શું? એ પ્રશ્ન જ મુખ્ય છે. જીવન જો આમ વેદનામાં જ પસાર કરવાનું હોય તો પછી જીવન જીવવાનું ધ્યેય શું? આજ ધ્યેય હોય તો પશુ જીવનમાં ને માનવ-જીવનમાં ફરક શું? પશુઓ પણ એ જ રીતે આહાર માટે પ્રયત્ન કરે છે, નિદ્રા લે છે, ભયથી રક્ષણ કરવા પ્રયત્ન કરે મૈથુન સેવે છે, આ બધું પ્રાપ્ત કરવા માટે હિંસાદિ કૃત્યો કરે, વૈરવૃત્તિ રાખે છે. માનવ પણ આ રીતે સંસારમાં રહી, આહાર માટે જીવનનો મોટો ભાગ તો એમાં જ ખર્ચે છે, દિવસનાં ૮ થી ૧૨ કલાક તો એ માટે જ ચાલ્યા જાય છે. ૮ કલાક ઉંઘવામાં જાય છે. ૪ કલાક-ભોજન-સ્નાનાદિ દરેક કર્તવ્યમાં જાય છે એટલે આખો દિવસ એ રીતે પૂર્ણ થઇ જાય છે. ભયથી હંમેશા કંપતો રહે છે, વિષયાદિમાં આસક્ત રહી પંચેન્દ્રિયનાં વિષયોમાં, સંગીત સાંભળવામાં, નાટક સિનેમા જોવામાં, વિષયાસક્તિમાં તેમજ ગપાટાસપાટા, માની લીધેલી ખોટી લ્હેરોમાં, હરવા ફરવામાં, કુથલી નિંદામાં, લડવા ઝગડવામાં, આમ અનેક રીતે કીંમતી માનવ જીવનનાં આયુષ્યનો મોટો ભાગ ચાલ્યો જાય છે. બિમારીમાં સપડાય છે અને અનેક પ્રકારની શારીરિક માનસિક વેદનાઓમાં જીવન પસાર થાય છે, ધનની તંગીમાં, ચિંતામાં જીવન નીચોવાઇ જાય છે. જો પૂર્વ પુન્યોદયથી સુખસંપત્તિ પ્રાપ્ત થઇ હોય તો-તેમાં વિલાસ-ભોગ ભોગવવામાં જ માનવ જીવન અટવાઈ જાય છે અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતે આયુષ્ય પૂર્ણ થતાં બધું મૂકીને દેહત્યાગ કરવા પડે છે. એટલે આ દુન્યવી બધા કર્તવ્યોમાં ક્યાંય પણ માનવ જીવનની સાર્થકતાના દર્શન થતાં નથી. ત્યારે કરવું શું ? આમ ને આમ અનેક જીવન આપણી સામે ચાલ્યા જાય છે. કંઇક બડકમદારી બતાવતા અહંભાવમાં રાચતા માનવો આખરે મરણને શરણ થાય છે. આપણી નજર સામે ચાર ચાર પેઢીઓ થઇ ગઇ. આમ મનુષ્યભવ વેડફાઇ જાય, માનવ જીવન હારી જવાય તેમાં જીવનની સફળતા શું ?

આવો વિચાર કોઇ મહાભાગી માનવને સદ્‌ગુરુનાં સંગથી આવે છે. તે સવારમાં ઉઠી વિચારે છે. મારું કર્તવ્ય શું ? હું કોણ ? ક્યાંથી આવ્યો ?

**હું કોણ છું ક્યાંથી થયો ?**
**શું સ્વરૂપ છે મારું ખરું.**
**કોના સંબંધે વળગણા છે,**
**રાખું કે એ પરિહરું ?**
**એનો વિચાર વિવેકપૂર્વક,**
**શાંત ભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિક જ્ઞાનનાં,**
**સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.**

શ્રીમદ્ રાજચંદ્રજી. ( ઉ. વ. ૧૬ )

આ વિચારદશામાં તેને પોતા સંબંધીનું ભાન પ્રગટે છે. પોતાનાં જીવનની ચોતરફ જુએ છે. આ બધી જંજાળ, આ બધી ઉપાધી, આ બધી ધમાલ કોના માટે ? શામાટે ?

**લક્ષ્મી અને અધિકાર મળતાં,**
**શું વધ્યું તે તો કહો.**
**શું કુટુંબ કે પરિવારથી,**
**વધવાપણું એ નય ગ્રહો.**
**વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો;**
**તેનો વિચાર નહિં અહોહો ! એક પળ તમને હવો.**

શ્રીમદ્ રાજચંદ્રજી ( ઉ વ. ૧૬ )

આમ વિચાર કરી સંસારની સ્વપ્નદશામાંથી જાગ્રત થઇ, સદ્‌ગુરુ પાસે જાય છે. સદ્‌ગુરુ તેને જીવનનો મર્મ સમજાવે છે. સંસારની અનિત્યતા, આત્માની નિત્યતા, કર્મકર્તૃત્વ, કર્મભોક્તૃત્વ, મોક્ષ અને મોક્ષનાં સાધનો શું છે ? તેની સમ્યગ્ સમજણ આપે છે. મોક્ષનાં પક્ષે પુરુષાર્થ કરવાની પ્રેરણા આપે છે, પોતાનાં અસલી આત્મિક સ્વરૂપનાં સમ્યગ્ દર્શન કરાવે છે. મુમુક્ષુ આત્માના અંતરમાં મંથન જાગે છે-પોતે સંસારનાં મોહનીય કર્મના બંધનમાં બંધાયેલો છે. કુટુંબ આદિની જવાબદારીમાં સપડાયો છે. વ્યાપાર-રોજગારનાં મોટા ચોકાળ ઉખેળીને બેઠેલો છે. આમાંથી કઇ રીતે આત્મિક શાંતિ પ્રાપ્ત કરવી ? કઇ રીતે છૂટવું ? ક્યાં જવું ? શું કરવું ? How to live & what to do ? એટલે કેમ જીવવું અને શું કરવું ? તેનું માર્ગદર્શન માંગે છે. સત્પુરુષ તેને લાગણીપૂર્વક સમજાવે છે-શાંત કરે છે. તારું વર્તમાન જીવન એ તારા પૂર્વના પુન્ય-પાપનું ફળ છે. એને અનુસાર તારું જીવન પસાર થવાનું છે-તેમાં તને શુભ અશુભ બંધન અનુસાર સંયોગ-વિયોગના પ્રસંગો, સુખ દુઃખના પ્રસંગો વગેરે સંસારમાં આવ્યા જ કરશે, તેમાં તારે મધ્યસ્થ પરિણામથી રહેવાની ટેવ પાડવાની છે. હર્ષ-શોક, રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પમાં મન-વચન-કાયાને જોડયા સિવાય આસકિત રહિતપણે ઉદાસીન સ્વભાવથી આ બધા સંસારનાં દ્વંદ્વમાં પસાર થવાનું છે-પોતે એક શુદ્ધ, અખંડ, ચિદ્ આનંદમય આત્મા જ છે. એવા લક્ષપૂર્વક દરેક સ્થિતિ અને દરેક સંજોગોમાં પોતાના આત્માને-સમપરિણમાવે છે-અંતરમાં સર્વ જીવો પ્રત્યે દયા અને કરુણા છલકાય છે-સૌ જીવો મારા સમાન જ આત્માઓ છે, તે જીવોને કોઇ પણ જાતની કીલામણા ન થાય, દુઃખ ન થાય, તે માટે ઉપયોગ રાખે છે. મુખ ઉપર આનંદયુક્ત પ્રસન્નતા રાખે છે. ચક્ષુમાં પ્રેમ છલકાય છે. સર્વ જીવાત્માઓ પ્રત્યે નિર્વૈર બુદ્ધિ હોય છે. સામા જીવનાં કર્મનાં પ્રભાવે તેનામાં પ્રગટ દેખાતા ક્રોધ, માન, માયા, લોભની દશામાં ચકચૂર થયેલ મોહાંધ આત્માઓને તે ક્ષમાથી, નમ્રતાથી, સરળતાથી અને નિર્લોભ પરિણામથી રાગ દ્વેષ કર્યા વગર તેની માત્ર અનુકંપા જ ચિંતવે છે. તેની ઉપર ક્રોધ કરતો નથી, તેની હિંસા કરતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. પોતાનું અહિત કરનાર પ્રત્યે પણ તે દયા ચિંતવે છે. પોતાનું જીવન સંતોષમય બનાવે છે, જે કાંઇ કર્મોદયથી પ્રાપ્ત થાય તેમાં પણ તે આસક્તિ રાખતો નથી. કોઇ જાતની પરની સ્પૃહા-યાચના કરતો નથી, દીનપણું દાખવતો નથી.

આત્મામાં મસ્ત રહે છે. ન્યાયથી, નીતિથી, સત્યથી પોતાનો જીવનવ્યવહાર ચલાવે છે. કોઇની દેખા-દેખી કરતો નથી. પોતાની શક્તિ અને સંજોગ અનુસાર જીવન જીવે છે. આત્માનો ઉપયોગ ચૂકતો નથી. જે કાંઇ પૂર્વકર્મ અનુસાર થાય છે તે યોગ્ય જ થાય છે. તેમાં તે વિહ્વલપણું કરતો નથી. પોતાના કુટુંબનું પાલન કરે છે. વ્યવહાર સાચવે છે. આરોગ્યનું રક્ષણ કરે છે. દરેક પ્રસંગોમાં જાય છે-આવે છે; પરંતુ અંતરમાં નિર્લેપ રહે છે. પરને પર જાણે છે, પોતે સ્વ છે તેને જાણે છે. વિષય કષાયમાં તેને આનંદ નથી પરંતુ મોહનીય કર્મોને લીધે તેમાં તેને જોડાવું પડે છે. કોઇ પણ વ્યવસાય એવો નથી કરતો કે જે તેને ઉપાધીમાં મૂકે. તેના સર્વ મિત્ર છે ને કોઇને દુશ્મન દેખતો નથી. તે ગુણીઓ પ્રત્યે પ્રમોદ રાખે છે-દુઃખીઓ પ્રત્યે કરુણા રાખે છે. કુકર્મીઓ પ્રત્યે ઉપેક્ષા ભાવ રાખે છે. તેને બીજી કોઇ આશા નથી, કોઇ તૃષ્ણા નથી. આશા એક જ માત્ર આ મહાબંધનથી છૂટવાની છે-તેના જીવનમાં સંયમ પ્રધાન રહે છે. ઇચ્છા રહિત તપ ચાલુ છે. અહિંસાથી સ્વ-પદ રક્ષણ કરવામાં તત્પર છે. હિતકારી કાર્યમાં તે તેનું વીર્ય ફોરવે છે. તેનાં ૨૪ કલાકનાં દિવસનો સમય-બાહ્ય-વ્યવસાય ઉપાધીઓમાં હોવા છતાં તેનો અંતર ઉપયોગ જાગ્રત હોવાથી તે બંધાતો નથી પરંતુ સંવરભાવે નિર્જરા જ કરતો હોય છે.

આવું ધન્ય જીવન જીવવા માટે-જેના આત્મામાં સદ્‌ગુરુનું અમૃત રેડાય છે તેનું જીવન ધન્ય બને છે ને કૃતકૃત્ય થાય છે. તે આત્મભાવે જ રહે છે. દેહાદિની મૂર્ચ્છા નાશ પામી હોય છે. અધ્યાત્મમાં આનંદ પામે છે. ભાવનામાં શુદ્ધતા રાખે છે. ધ્યાનમાં-આત્માનો ઉપયોગ જાગ્રત રાખે છે. સમતાથી સંસારને જીતે છે અને વૃત્તિઓનો ક્ષય કરવાનાં લક્ષે નિર્વિકલ્પ દશાની અપ્રમત્તભાવનાની સદાય અભિલાષા રાખીને તે સંસારમાં જીવે છે.

હંમેશા સત્પુરુષોનો સંગ કરે છે, સતશાસ્ત્રોનો અભ્યાસ કરે છે, સ્વાધ્યાય કરે છે. ખાવાપીવામાં, પહેરવા-ઓઢવામાં, સૂવા-બેસવામાં, એશઆરામ કે એવા સાંસારિક કાર્યોમાં ઉદાસીનભાવે પોતાની ફરજ બજાવે છે. દુનિયામાં તેને ક્યાંઇ અજાયબી લાગતી નથી. પુદ્‌ગલનાં પરમાણુઓમાં તેને આત્મીયતા દેખાતી નથી. તેને તો આત્મામાં જ ચૈતન્ય સ્વભાવમાં જ આનંદ હોય છે. પોતાના જીવનને ક્યાંઇ પણ ખોટી રીતે વેડફ્યા વગર સહજભાવે જીવન જીવે છે. અને પોતાનાં શુદ્ધસ્વરૂપ પૂર્ણ આત્મામાં મગ્ન થવા અને સ્થિર થવા માટે પોતાનાં જીવનનો કીંમતી સમય પસાર કરી કૃતકૃત્ય બને છે. આવો આત્મા ભવમાં સુખશાંતિપૂર્વક જ જીવન જીવી કૃતકૃત્ય થાય છે.

卐

आयुः कर्म च वित्तं च विद्या निधनमेव च ।
पञ्चैतान्यपि सृज्यन्ते, गर्भस्थस्यैव देहिनः ॥

( અનુષ્ટુપ )

વિદ્યા નિધન ને કર્મો, અર્થ આયુષ કેટલું;
ગર્ભથી સર્વ પ્રાણીનું, નિશ્ચે થાય જ એટલું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન–સૌંદર્ય

અનુ૦ વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ

( ગતાંકથી ચાલુ )

ચારિત્ર્ય ઉપર નેત્ર અને કર્ણદ્વારા ઘણી જ અસર થાય છે. મનુષ્યના સંપૂર્ણ વિકાસને માટે શાળાઓની કેળવણીની જેટલી અગત્ય છે તેટલી જ પક્ષીઓ અને ઝરાઓના અવાજની, પવનની, પુષ્પની, સુગંધની, આકાશના વિધવિધ રંગની, સમુદ્ર, અરણ્ય અને પર્વતોના દશ્યોની અગત્ય છે. સૌંદર્યનું નિરીક્ષણ કરવાની તમારી શક્તિને જાગૃત કરવાને અને ખીલવવાને જો તમે તમારા જીવનમાં કર્ણ અથવા નેત્ર દ્વારા સૌંદર્યનું ગ્રહણ કરશો નહિ તો તમારો સ્વભાવ કર્કશ, નીરસ અને અપ્રિય થશે. આ સિવાય અન્ય કોઇ વસ્તુ સૌંદર્ય પારખવાની શક્તિનો વિકાસ કરવામાં સહાયભૂત થવાને સમર્થ નથી. તે શક્તિ મનુષ્યને કુદરતની સાથે જોડનારી સંકલના છે. જે વખતે આપણે વિશ્વની પૂર્ણતા અને ભવ્યતાના ચિંતનમાં નિમગ્ન થઇએ છીએ તે વખતે આપણો આત્મા કુદરતની સાથે ગાઢ સંબંધમાં આવે છે તેટલો કોઇ પણ સમયે આવતો નથી.

હમેશાં તમારા જીવનમાં થોડું થોડું સૌંદર્ય ભરવાનો યત્ન કરો એટલે તેની ચમત્કારિક અસર તમને સત્વર પ્રત્યક્ષ થશે. તેનાથી દુનિયા પરનું તમારું દૃષ્ટિબિંદુ વિશાળ થશે, જે દ્રવ્યની કે કીર્તિની પ્રાપ્તિથી પણ થવું અશક્ય છે. તમારો માનસિક તેમજ શારીરિક ખોરાક યોગ્ય વિવિધ વસ્તુઓનો બનાવો. તેનાથી તમને અવશ્ય અમૂલ્ય લાભ થશે. તમારું શરીર કામ કરવાને બળવાન અને સશક્ત હોય અને તેમાં ફેરફાર કરવાની કંઇ પણ અપેક્ષા ન હોય તો પણ તમારા મનને તો ફેરફારની અપેક્ષા છે. આરોગ્યના દૃષ્ટિબિંદુથી નિવૃત્તિની જેટલી અપેક્ષા છે તેટલી જ ચારિત્ર્યના દૃષ્ટિબિન્દુથી તેની અપેક્ષા છે. જો તમે આખું વર્ષ એક જ પ્રકારના માનસિક ખોરાક પર જીવો છો, જો તમે ત્રણસેં પાંસઠ દિવસ એક જ પ્રકારના અનુભવ મેળવો છો તો ખાતરીપૂર્વક માનો કે તમારા જીવનમાં કોઇપણ સ્થળે ભય રહેલ છે વિજય અને સુખ મેળવવામાં, આપણું જીવન ઉચ્ચ અને ઉદાત્ત બનાવવામાં સૌંદર્ય પારખવાની શક્તિના વિકાસનો વિષય ઘણી જ અગત્ય ધરાવે છે. સૌંદર્યના પ્રેમથી આંગ્લ વિદ્વાન રસ્કિનનું જીવન અવર્ણ્ય રીતે સુંદર અને ઉચ્ચ બન્યું હતું.

સૌંદર્ય કુદરતનો વિશિષ્ટ ગુણ છે, અને સૌંદર્યની સાથે વધારે પરિચયમાં રહેવું તે કુદરતની સાથે નિકટ સમાગમમાં રહેવા સરખું છે. "જેમ જેમ આપણે મનુષ્યમાં, બાળકમાં, પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં, બાહ્ય અને આંતર જગતમાં વધારે ને વધારે સૌંદર્ય જોઇએ છીએ તેમ તેમ આપણે કુદરતને વધારે ને વધારે પ્રત્યક્ષ કરીએ છીએ."

જીવનને ઉચ્ચ અને સમતોલ બનાવવામાં સૌંદર્યનો પ્રેમ બહુ અગત્યનો ભાગ ભજવે છે. સુંદર માણસોની અને વસ્તુઓની આપણા પર શી અસર થાય છે તે આપણા સમજવામાં ભાગ્યેજ આવે છે. તેઓ આપણી દૃષ્ટિએ વારંવાર પડવાથી આપણા અનુભવમાં સામાન્ય થઇ પડે છે. જેથી આપણું ધ્યાન ખેંચવામાં તે નિષ્ફળ થાય છે. પરંતુ એટલું તો ચોક્કસ છે કે પ્રત્યેક સુંદર ચિત્ર, પ્રત્યેક રમણીય સૂર્યાસ્ત, પ્રત્યેક ભૂપ્રદેશનો કટકો, પ્રત્યેક લાવણ્યમય આકૃતિ અને પ્રત્યેક રમ્ય પુષ્પ ચારિત્ર્યને ઉદાત્ત અને ઉચ્ચ કોટિનું કરે છે.

આપણાં જીવનનું વલણ ઉચ્ચ લાગણીઓનો નાશ કરવા તરફ અને સૌંદર્યના વિકાસને દાબી દેવા તરફ સામાન્ય રીતે હોય છે. આપણે ભૌતિક વસ્તુઓના લાભ પર વધારે લક્ષ આપીએ છીએ અને જે દેશોમાં પૈસાને પ્રભુ તુલ્ય ગણવામાં નથી આવતો તે દેશોમાં જે શક્તિયોને વધારે ખીલવવા પર ધ્યાન આપવામાં આવે છે તેના તરફ આપણે દુર્લક્ષ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીએ છીએ. જ્યાં સુધી આપણી શક્તિઓનો ઉપયોગ દ્રવ્ય સંચય કરવામાં આગ્રહપૂર્વક કરીએ છીએ અને ઉચ્ચ સુંદર શકિતયોને ગુપ્તપણે દબાવી રાખી નષ્ટ-પ્રાય: થવા દઇએ છીએ ત્યાં સુધી ઉચ્ચ અને સમતોલ જીવનની આશા રાખવી નિરર્થક છે; કેમકે જો મગજની ઉચ્ચ અને ઉદાત્ત શક્તિઓનો બિલકુલ વિકાસ કરવામાં આવતો નથી અને હલકી શક્તિઓનો હદ ઉપરાંત વિકાસ કરવામાં આવે છે તો માણસને પોતાની પશુવૃત્તિની શિક્ષા સહન કરવી પડે છે અને જીવનમાં જે કંઇ સુંદર અને રમ્ય હોય છે તેના ગુણ ગ્રહણ રહિત થાય છે. દરેક વસ્તુમાં કુદરતના હસ્તાક્ષર( સૌંદર્ય )ને વાંચવા બિલકુલ શ્રમ ન લેવો અને સૌંદર્યને આપણા જીવનમાં તેનો ભાગ ભજવવા ન દેવો એ શું દયાજનક, શરમભરેલું અને દોષપાત્ર નથી ?

જે વિચારનું આપણા મનમાં આપણે સેવન કરીએ છીએ અને જે આદર્શને આપણાં અંતઃકરણમાં સ્થાપીએ છીએ તેનાથી જ આપણું જીવન ઘડાય છે.

બુદ્ધિ-વિકાસની જેટલી અગત્ય છે તેટલી જ હૃદયના ગુણોના અને સૌંદર્યને પારખવાના ગુણોના વિકાસની અગત્ય છે, એવો સમય આવશે કે જ્યારે ગૃહમાં તેમજ શાળામાં સૌંદર્યને એક અમૂલ્ય બક્ષિસ સમાન ગણવાનું આપણાં બાળકોને શીખવવામાં આવશે, અને તે બક્ષિસને પવિત્ર તેમજ સ્વચ્છ રાખીને કેળવણીનાં એક પવિત્ર સાધન તરીકે લેખવામાં આવશે; આપણે સૌંદર્ય, માધુર્ય, લાવણ્ય અને સુંદર વિચારોના મંદિરને માટે નિયત થયા છીએ એવા અનેક પુરાવા આપણા પોતામાં માલૂમ પડશે. **આપણામાં રહેલા સૌથી શ્રેષ્ઠ અને સુંદર ગુણોના વિકાસ સમાન બીજું કંઇ લાભદાયી નથી.** જેથી કરીને આપણને જ્યાં ત્યાં સુંદરતા જ દષ્ટિએ પડશે. અને પ્રત્યેક વસ્તુમાંથી માધુર્ય ગ્રહણ કરવાને શક્તિમાન થશું. જ્યાં જ્યાં આપણે જશું ત્યાં ત્યાં આપણામાં રહેલા ઉત્તમ ગુણોને કેળવવાને હજારો વસ્તુઓ આપણને દષ્ટિગોચર થશે. પ્રત્યેક ભૂપ્રદેશ, સૂર્યાસ્ત અને સુંદર વસ્તુ આપણી માર્ગપ્રતીક્ષા કરે છે. પ્રત્યેક પાંદડામાં અને પુષ્પમાં કેળવાયેલ દૃષ્ટિ દેવોને પણ મુગ્ધ કરી નાખે તેવું સૌંદર્ય જોશે. જંગલમાં અને ખળખળ વહેતાં ઝરણામાં, કેળવાયેલ કર્ણ સ્વરૈકય અને સ્વર-માધુર્ય સાંભળશે અને કુદરતનાં ગાનમાંથી અકથ્ય વિનોદ પ્રાપ્ત કરશે.

આપણો ગમે તે ધંધો હોય તો પણ આપણે એવો નિશ્ચય કરવો જોઇએ કે દ્રવ્યની ખાતર આપણામાં જે ઉચ્ચ અને ઉત્તમ છે તેને દબાવી ન દેતાં દરેક પ્રસંગે જીવનને સૌંદર્યથી જ ભરવું. સૌંદર્ય માટેના તમારા પ્રેમના પ્રમાણમાં તમને તેમાંથી આનંદ પ્રાપ્તિ થશે; અને તેની ખૂબીનું ભાન થશે. જો તમને સૌંદર્ય પર પ્રીતિ હશે તો તેથી તમારું જીવન પવિત્ર, ઉદાત્ત અને ઉચ્ચ ઘણા અલ્પ સમયમાં અને ઘણી સહેલાઇથી બની જશે.

( ચાલુ )

---

**दर्शनाद्धरते चित्तं, स्पर्शनाद्धरते धनं ।**
**संगमाद्धरते सत्त्वं, नारी प्रत्यक्ष राक्षसी ॥**

( વસંતતિલકા )

**મોહિત થાય ક્ષણમાં મન જોઈ નારી,**
**સ્પર્શે અગાધ ધનને થઈને ભિખારી;**
**સંગે થવાય બલહીન જુઓ વિચારી,**
**પ્રત્યક્ષ છે સબલ રાક્ષસીરૂપ નારી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાગળનાં ફૂલ

( નકલી માનવો સાચા તરીકે દેખાવ કરે છે તે સામે કટાક્ષ કરવામાં આવ્યો છે. )

( દુહા )

પુષ્પો કાગળના રચ્યા, વિવિધ રંગ અભિરામ,
ઊડી વળગે આંખને, અભિનવ સુંદર કામ. ૧

રંગ રૂપથી શોભતા, સાચાથી ચઢી જાય,
જોનારા આશ્ચર્યથી, દેખી થંભે ત્યાંય. ૨

વર્ણછટા બહુ ભાતની, મિશ્રણ સુંદર હોય,
જોતા કોઇ થાકે નહીં, મનરંજન બહુ થાય. ૩

જુદી જુદી પાંખડી, જોતાં મન હરખાય,
કૃત્રિમના ભાસે નહીં, ભૂલ ભુલામણ થાય. ૪

કોઈ માને સાચા ફૂલો, ઉચકવા લલચાય,
શોભા કૃત્રિમ એ ખરી, સાચી સમ દેખાય. ૫

ભ્રમરો ગુંજારવ કરે, સાચા જાણી ફૂલ,
ગંધ હશે રસ પણ હશે, એ મોટી ભૂલ. ૬

પાસે જ્યાં આવી જુએ, નહીં ગંધ નહીં વાસ,
રસ એમાં શાનો રહે? ખોટો એ વિશ્વાસ. ૭

ઉપરથી ખાસી બની, માંહે પોલં-પોલ,
જ્ઞાન-નેત્ર ઉઘાડતા, લાગે ફૂટો ઢોલ. ૮

શ્રાવક નામ અમોલ જે, ધારણ કરી અજોડ,
ગામ ઢંઢેરો ફેરવે, પણ અંદર છે ખોડ. ૯

ટીલાં-ટપકાં બહુ કરે, માળા ધારે હાથ,
પણ લક્ષણ ખોટા ઘણાં, દંભ દિસે સાક્ષાત. ૧૦

વ્રત પચ્ચક્ખાણો આદરે, નિત નવ ધરતો રંગ,
લાજે નહીં લગાર એ, કરતા નવ નવ ઢંગ. ૧૧

રૂડા વસ્ત્રો શોભિતા, જાણે ધર્મ મહંત,
કાગળના એ ફૂલ છે, નહીં એમાં કાંઇ તંત. ૧૨

ઋજુતા કે સજ્જનપણું, નહીં મળે લવલેશ,
જિમ કાગળના ફૂલમાં, ગંધ ન રસનો અંશ. ૧૩

માળ ફેરવે મંત્રની, મનના તંત્ર અનેક,
ખરો મંત્ર નિજ સ્વાર્થનો, ચંચળ તસ મન છેક. ૧૪

ઠગવાની રચના કરે, દ્રવ્ય એહનો દેવ,
કાગળના એ ફૂલ છે, ઓળખજો સ્વયમેવ. ૧૫

વ્રત નહીં પણ સ્વાર્થનું, તંત્ર કેળવે એહ,
ઉપરનો દેખાવ છે, કાળું અંતર જેહ. ૧૬

વેશ ગાયનો કેળવે, ગરીબ સમ દેખાવ,
અંદરથી વરુ સાચ એ, તસ પાસે નહીં જાવ. ૧૭

કાગળના ફૂલોથકી, સરે ન ફૂલનું કામ,
દેખાવના ધર્મી જનો, શોભાના એ ધામ. ૧૮

એવા દાંભિક નામના, ધર્મી કાગળ ફૂલ,
દૂરથકી તજવા તમે, રખે ન થાએ ભૂલ. ૧૯

બાલેન્દુ વિનવી કહે, જ્ઞાનદષ્ટિથી જોય,
સત્ય અસત્ય જો પારખી, સત્યાલંબન હોય. ૨૦

**શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'-માલેગામ**

---

**ઇશ્વર બીજે ક્યાંય નથી પણ કર્તવ્યના પાલનમાં રહેલ છે. જીવતા હોઇએ ત્યાં સુધી હસતે મોઢે કર્તવ્ય કરતા જઇએ અને મોત આવે ત્યારે એટલા જ આનંદથી મોતને ભેટીએ, એ જ સાચું જીવન, એનું જ નામ મોક્ષ.** —ગાંધીજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મવીર કુમારપાળ[1]

લેખક—કાન્તિલાલ જ. દોશી એમ. એ.

[ સ્ત્રીપાત્ર તથા સાધુપાત્ર વગરની નાટિકા ]

**પાત્રો**

૧ મહારાજ સિદ્ધરાજ જયસિંહ–ગુજરાતના મહારાજા.

૨ મહારાજ કુમારપાળ–મહારાજ સિદ્ધરાજના અનુગામી રાજવી.

૩ મુખ્ય મંત્રી–પાટણના પ્રધાનમંત્રી.

૪ ઉદયન મંત્રી–પાટણના બીજા મંત્રી અને ખંભાતના દંડનાયક.

૫ કૃષ્ણદેવ–પાટણના સરસેનાપતિ.

૬ ચંદ્રસિંહ–મહારાજ સિદ્ધરાજનો પરમ મિત્ર.

તે ઉપરાંત સેવકો, સૈનિકો, ખેડૂત, કુંભાર, કુંભારનો પુત્ર વગેરે.

**દશ્ય પહેલું**

સ્થળ–મહારાજ સિદ્ધરાજના મહાલયનું આંગણું.

સમય–સવારનો પહેલો પ્રહર.

[ આંગણામાં એક બાજુ સંન્યાસીઓને બેસવા માટે આસનો ગોઠવેલા છે. ]

( એક સંન્યાસી પ્રવેશ કરે છે. )

સંન્યાસી–સિયારામ, સિયારામ. ( એક બાજુ બેસે છે )

( બીજો સંન્યાસી પ્રવેશે છે. )

બીજો સંન્યાસી–અલખ નિરંજન ( એક બાજુ બેસે છે ).

( કુમારપાળ સાધુના વેષમાં પ્રવેશ કરે છે. )

કુમારપાળ–નારાયણ ! નારાયણ ! ( આજુબાજુ જોઇને સ્વગત ) વાહ કુદરત તેરી બલિહારી ! પાટણમાં ગુપ્ત રહેવા સંન્યાસીનો વેષ ધારણ કર્યો તો સિદ્ધરાજના જ ઘરે જમવાનું આમંત્રણ ! ( પ્રગટ રીતે ) નારાયણ ! નારાયણ ! ( એક બાજુ નીચે નજર રાખીને બેસે છે. )

[ મહારાજ સિદ્ધરાજ બે નોકરો સાથે પ્રવેશ કરે છે–સંન્યાસીઓને જોઇ તેમને નમન કરે છે. ]

મ. સિદ્ધરાજ–પધારો સંતપુરુષો, આપે મારું આંગણું પાવન કર્યું.

( સેવકને ) પ્રભુદત્ત ! તું અર્ધ્ય લઇ આવ. આપણે આ મહાપુરુષોની અર્ચના કરીએ.

સેવક–જી હજુર.

( સેવક જઇને અર્ધ્ય–સામગ્રી લઇને જલદી પાછો આવે છે, સામગ્રીમાં એક રૂપાનો લોટો અને થાળમાં ફૂલો છે. )

સેવક–લ્યો, મહારાજ ! આ અર્ધ્ય.

( મ. સિદ્ધરાજ સેવકના હાથમાંથી લોટો લઇ પાણીથી એક પછી એક સંન્યાસીનું ચરણ–પ્રક્ષાલન કરી નમન કરે છે. પછી કુમારપાળનું ચરણ–પ્રક્ષાલન કરી, ચરણસ્પર્શ કરતા ચોંકીને કુમારપાળના મુખ સામે તાકીને જુએ છે. બન્ને ક્ષણભર એક બીજાને જોઇ રહે છે–પછી કુમારપાળ પોતાના આસન પર બેસી જાય છે. )

મ. સિદ્ધરાજ–(સ્વગત) આ સંન્યાસીના ચરણ પર રાજ્યચિહ્નો છે, નક્કી એ કુમારપાળ જ લાગે છે. ( પ્રગટ રીતે ) પ્રભુદત્ત, તું આ સર્વે અતિથિઓનો બરાબર સત્કાર કરજે, હું હમણાં આવું છું. ( સ્વગત ) બરાબર યુક્તિ સફળ થઇ અને એ લાગમાં આવ્યો છે.

( મ. સિદ્ધરાજ જાય છે. )

કુમારપાળ–( ઊભો થઇને સ્વગત ) નક્કી સિદ્ધરાજ મને ઓળખી ગયેલ છે. હવે છૂટવાનો કંઇ ઉપાય કરવો જોઇએ.

( સેવકને )–ભાઇ પ્રભુદત્ત ! મને બકારી થાય છે તો જલદી પાણી લઇ આવને !

---

[1] પ્રબંધચિંતામણિ અને કુમારપાળચરિત્ર( સંસ્કૃત )ની હકીકતોને આધારે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( નોકર પાણી લેવા જાય છે. બીજી બાજુ કુમારપાળ પણ ચાલ્યા જાય છે.)

એક સંન્યાસી-(થોડી વાર પછી) તે સંન્યાસીને બકારી થાય તેથી બહાર ગયો પણ હજી પાછો કેમ ન આવ્યો ?

( સિદ્ધરાજ બે સૈનિકોને લઇને પ્રવેશ કરે છે.)

મ. સિદ્ધરાજ-( સંન્યાસીને ) આ ત્રીજા મહારાજ ક્યાં ગયા ? અને પેલો પ્રભુદત્ત ક્યાં ? ( સાદ પાડે છે ) પ્રભુદત્ત ! એ પ્રભુદત્ત !

( પ્રભુદત્ત હાથમાં પાણીનો લોટો લઇને આવે છે.)

પ્રભુદત્ત-જી હજુર.

મ. સિદ્ધરાજ-પ્રભુદત્ત, આ મહારાજ અહીંથી ક્યાં ગયા ?

પ્રભુદત્ત-મહારાજ, એમને ઉલટી થતી હતી એટલે તેમને માટે હું પાણી લેવા ગયો હતો. તેઓ આટલામાં જ હશે.

મ. સિદ્ધરાજ-તો લઈ આવ એમને ! ક્યાં છે એ ?

( પ્રભુદત્ત બહાર જઇને તુરત જ પાછો આવે છે.)

પ્રભુદત્ત-મહારાજ, હું બહાર જોઇ આવ્યો. ત્યાં તો કોઇ નથી.

મ. સિદ્ધરાજ-કોઇ નથી ? ( એક ક્ષણ વિચાર કરીને ) ઠીક, તો હવે આ સાધુઓને ધ્યાન રાખી ભોજન પીરસાવજે.

( સૈનિકોને-એક બાજુ જઇને ) નક્કી એ કુમારપાળ આપણને છેતરી ગયો. તમે જલદી તેની પાછળ પડો અને પકડીને હાજર કરો.

સૈનિકો-જી, અમે હમણાં જ એને પકડી તમારી સમક્ષ હાજર કરશું.

( બન્ને સૈનિકો જાય છે. )

પડદો પડે છે.

## દશ્ય ૨

( મહારાજ સિદ્ધરાજ કપાળે હાથ દઇને ગાદીએ ટેકો દઇને ઉદાસ ચહેરે બેઠા છે અને એકલા બોલે છે )

મ. સિદ્ધરાજ-નહિ, હરગીજ નહિ. ગમે તે થાય પણ વિધાતાના લેખ હું મિથ્યા કરીશ. મારા નિર્ધારની આડે આવનારનો હું સર્વનાશ કરીશ.

( ચંદ્રસિંહ તેનો પરમમિત્ર પ્રવેશે છે )

કોણ ચંદ્રસિંહ ?

ચંદ્રસિંહ-જી હા, હું ચંદ્રસિંહ. પણ આપ આજે ખૂબ વ્યગ્ર દેખાવ છો તેનું શું કારણ ? આપ ઊંડા વિચારમાં હો તેમ લાગે છે.

મ. સિદ્ધરાજ-વિચારમાં......હા, આજકાલ એ એક જ વિચાર મને સતાવી રહ્યો છે.

ચંદ્રસિંહ-એવો કયો વિચાર આપ જેવા સમર્થ પુરુષને સતાવી રહ્યો છે ?

મ. સિદ્ધરાજ-વિચાર તો પેલા કુમારપાળનો જ છે. એ હાથતાળી આપી છટકી ગયો, ભલે છટકી ગયો પણ હું તેને મારો ગાદીવારસ કદી થવા દઇશ નહિ.

ચંદ્રસિંહ-જરૂર આપ જેવા નરવીર ધારે તે કરી શકે છે.

મ. સિદ્ધરાજ-પણ એ હાથમાં આવીને છટકી ગયો એ ખટકે છે.

ચંદ્રસિંહ-એમાં આશ્ચર્ય જેવું કંઇ જ નથી. હજી લોકોનો સદ્‌ભાવ તેના તરફ છે એટલે તે ફાવી જાય છે.

મ. સિદ્ધરાજ-તેથી હું ડરું એમ નથી, પણ ખુદ આપણા મુખ્ય મંત્રી અને સેનાપતિ પણ તેની તરફેણમાં છે, તેનું શું કરવું ?

ચંદ્રસિંહ-હું તો કહું છું કે તેમને પણ પડતા મૂકો. તેમનાથી પણ બુદ્ધિમાં વધે એવા માણસો હું આપની સેવામાં હાજર કરું.

મ. સિદ્ધરાજ-પણ ચંદ્રસિંહ, આ વાતનો ઉકેલ આપણે બુદ્ધિથી લાવવો જોઇએ. તું એવો કોઇ ઉકેલ બતાવ.

ચંદ્રસિંહ-મહારાજ ! ઉકેલ તો સાવ સીધો જ છે. રાજકારણમાં તો એક જ ઉપાય સર્વશ્રેષ્ઠ છે.

મ. સિદ્ધરાજ-એ કયો ઉપાય ?

ચંદ્રસિંહ-એ જ કે કુમારપાળને પણ તેના પિતાશ્રીની માફક ત્યાં ( આકાશ તરફ આંગળી ચીંધી ) મોકલવો જોઇએ. આપ જો રજા આપો તો......

મ. સિદ્ધરાજ-શેની રજા ? કુમારપાળને મારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાખવાની? ના...ના...એવું નીચ કાર્ય આપણાથી ન થાય. ચંદ્રસિંહ, તું બીજો કોઇ સારો ઉપાય બતાવ.

ચંદ્રસિંહ–મહારાજ, ધ્યેય પાર પાડવું હોય તો હૈયું કઠણ કરો. એ એક જ ઉત્તમ ઉપાય છે.

મ. સિદ્ધરાજ–બીજો કોઇ રસ્તો જ નથી?

ચંદ્રસિંહ–ના, કુમારપાળ જીવતો હોય ત્યાં સુધી દત્તકવિધિ, રાજ્યાભિષેક વગેરેમાં કલહ થયા વિના ન રહે.

મ. સિદ્ધરાજ–તેમાં કલહ શેનો થાય?

ચંદ્રસિંહ–કુમારપાળને મૂકીને બીજો વારસ નક્કી કરીએ એટલે લોકોમાં ઉગ્ર વિરોધ જાગે.

મ. સિદ્ધરાજ–પણ વિરોધ જાગે તો દાબી દેવો.

ચંદ્રસિંહ–એ તો મંત્રી અને સેનાપતિનો ટેકો હોય તો જ બનેને?

મ. સિદ્ધરાજ–ઠીક, તો તને ઠીક લાગે તેમ કર, પણ આપણું ધ્યેય સિદ્ધ થવું જોઇએ.

ચંદ્રસિંહ–જેવી મહારાજની આજ્ઞા! આપ હવે નિશ્ચિંત રહેજો. હું તેને પાતાળમાંથી પકડી પાડીશ.

પડદો પડે છે.

### દશ્ય ૩

સ્થળ–એક ગામનું પાદર.

સમય–બપોરનો

[ કુંભાર નીભાડામાં હાંડલાં ગોઠવે છે. થોડી થોડી વારે તેના કપાળ ઉપરથી પરસેવો લૂછે છે. તેનો પુત્ર એક એક હાંડલું તેને આપે છે. કુંભાર તે નીભાડામાં ગોઠવે છે ]

[ કુમારપાળ ફાટેલાં વસ્ત્રો પહેરી હાંફતો હાંફતો આવે છે. ]

કુમારપાળ-ભાઇ, તમે મને જલદી ક્યાંક છુપાવી દો. સૈનિકો મારી પાછળ પડ્યા છે.

કુંભાર–તમે ક્યાંથી આવો છો ભાઇ?

કુમારપાળ–ભાઇ, એ બધી વાત હું પછી કરીશ, મને તમે જલદી છુપાવી દો, હમણાં જ સૈનિકો આવી પહોંચશે.

કુંભાર–ભાઇ, હું તને ક્યાં છુપાવું? ઠીક, આ નીભાડામાં જ બેસી જાઓ, હું તમારી ઉપર હાંડલા ગોઠવી દઇશ.

[ કુમારપાળ નીભાડામાં બેસી જાય છે. કુંભાર જલદી તેની ઉપર હાંડલા ગોઠવે છે. ત્રણ સૈનિકો ત્યાં આવી પહોંચે છે ]

નાયક–અલ્યા કુંભાર, અહીંથી કોઇ માણસને જતા તેં જોયો છે?

કુંભાર–ના, અન્નદાતા, અહીં તો મેં કોઇ જોયું નથી.

નાયક–( કુંભારના પુત્રને ) અલ્યા છોકરાં, કોઇ આદમી અહીં નથી આવ્યો? સાચું બોલી જજે નહિતર આ દંડીકો ભાળ્યો છે? ( દંડીકો બતાવે છે. )

કુંભારનો પુત્ર–ના રે ભાઇ, અહીં તો કોઇ નથી આવ્યું.

નાયક–( સૈનિકોને ) આ લુચ્ચો જૂઠું બોલે છે, તમે બધે તપાસી લો.

સૈનિકો–જી ( તપાસવા આમ તેમ ફરે છે અને તપાસીને પાછા આવે છે. ) બધે તપાસ કરી, ક્યાંય દેખાતો નથી.

નાયક–અચ્છા, તો જલદી ચાલો, પીછો પકડો. વળી વધારે દૂર નીકળી જશે.

[ સૈનિકો જાય છે. કુંભાર તેમની જવાની દિશામાં થોડો વખત જોઇ રહે છે–પછી કુમારપાળને બહાર કાઢે છે. ]

કુંભાર–ભાઇ તમે નસીબદાર છો હો! પરમાત્માનો ઉપકાર માનો કે તમે બચી ગયા.

કુમારપાળ–ભાઇ તમે પણ મારા માટે ઘણી મુશ્કેલી વેઠી. હું તમને કદી નહિ ભૂલું. હવે મારે જલદી જવું જોઇએ.

કુંભારનો પુત્ર–પણ હવે અમારે ઘેર જમ્યા વિના તમારે નહિ જવાય.

કુમારપાળ–( કુંભારના પુત્રની પીઠ થાબડી ) શાબાશ, તારું વચન પાછું નહિ ઠેલું, ચાલો ત્યારે.

( ત્રણે જાય છે )

—: પડદો પડે છે :—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દશ્ય ૪

સ્થળ–ખેતરમાં

સમય–બપોરનો

[ખેડૂત એક બાજુ બેસી છાશ રોટલો ખાય છે. ત્યારે કુમારપાળ ફાટેલાં વસ્ત્ર પહેરી દોડતા દોડતા આવે છે.]

ખેડૂત–આવો ભાઈ, તમે ક્યાંથી આવો છો?

કુમારપાળ–ભાઇ હું દૂરથી આવું છું અને ખૂબ જ થાકી ગયો છું. પણ મને જલદી ક્યાંક છુપાવી દો. જુઓ (એક બાજુ આંગળી ચીંધી) મારી પાછળ પડેલા સૈનિકો આવતા દેખાય છે.

ખેડૂત–અહીં હું તમને ક્યાં છુપાવું?

કુમારપાળ–જલદી મને ક્યાંય છુપાવો; નહિતર હમણાં મને સૈનિકો પકડી પાડશે.

ખેડૂત–હા ચાલો, સામે કાંટાની વાડ છે ત્યાં તમે છુપાઇ જાઓ. હું ઉપર કાંટા નાખી દઇશ.

[બન્ને કાંટા પાસે જાય છે. કુમારપાળ કાંટામાં છુપાય છે અને ખેડૂત ઉપર અને આસપાસ કાંટા ગોઠવી મૂળ જગ્યાએ આવી ભાતું ખાવા બેસી જાય છે.]

[સૈનિકો હાથમાં દંડા લઇને આવી પહોંચે છે.]

સૈનિક–એય ગમાર, રોટલા પછી ખાજે! આ અમારા સરદારને પહેલાં જવાબ દે.

ખેડૂત–પધારો માબાપ (ઊભા થઇને હાથ જોડે છે.)

સરદાર–અહીંથી કોઇ માણસને જતો તેં જોયો છે?

ખેડૂત–ના, માબાપ, અહીં તો મેં કોઇને દીઠું નથી બાપા!

સરદાર–(ચાબૂકનો અવાજ કરી) જૂઠું બોલીશ તો હાડકાં ભાંગી નાખીશ સમજ્યો?

ખેડૂત–હું સાચું જ કહું છું માબાપ.

સરદાર–(સૈનિકોને) જાવ, જલદી આખા ખેતરમાં તપાસ કરો. હમણાં જ આપણે જોયો'તો ને ઘડીકમાં ક્યાં જાય?

[સૈનિકો બધે તપાસ કરી પાછા આવે છે.]

સરદાર–જોયો ક્યાંય?

સૈનિકો–જી, એ ક્યાંય નથી.

સરદાર–બરાબર તપાસ કરી?

સૈનિક–જી બધે બરાબર તપાસ કરી છે.

(સામે કાંટામાં એક સૈનિક હજી ભાલુ ભોંકી તપાસ કરે છે–ઘડી ઘડી ભાલુ બહાર કાઢી તેની અણી સામે જુએ છે–તે પણ પાછો આવે છે.)

સરદાર–કેમ, ત્યાં કાંટામાં જોયું? નથીને ત્યાં?

સૈનિક–જી, ત્યાં નથી. ક્યાંક નાસી છૂટયો લાગે છે.

સરદાર–તો ચાલો જલદી, પાછો હાથમાંથી જશે.

(સૈનિકો અને સરદાર જાય છે. સૈનિકો ગયા પછી થોડી વારે ખેડૂત કુમારપાળને બહાર કાઢે છે.)

કુમારપાળ–ભાઇ તમે મને બચાવ્યો છે. હું તમને જરૂર યાદ કરીશ. અત્યારે તો મારે જવું જોઇએ.

ખેડૂત–પણ મારે ઘેર એકાદ દિવસ આરામ લઇને જાઓ તો?

કુમારપાળ–ભાઇ, મારા નસીબમાં આરામ નથી, વળી કોઇવાર મળશું. (જાય છે.)

—: પડદો પડે છે :—

## દશ્ય ૫

સ્થળ–ઉદયન મહેતાના ઘરનું આંગણું.

સમય–બપોરના

[ઉદયન મહેતાનો સેવક માનસુર કોઇના આવવાની રાહ જોતો હોય તેમ દૂર નજર કરતો ઊભો છે. એટલામાં કુમારપાળ ધૂળવાળા, ફાટેલાં વસ્ત્રો પહેરીને આવે છે.]

કુમારપાળ–ભાઇ, ઉદયન મહેતાનું ઘર ક્યાં આવ્યું?

માનસુર–તારે ભીખારીને વળી ઉદયન મંત્રીનું શું કામ પડયું?

કુમારપાળ–મારે જરૂરી કામ છે ભાઈ! જરા તેમનું ઘર બતાવો તો ઉપકાર.

માનસુર–(સ્વગત) બોલવા ઉપરથી તો કોઇ ખાનદાન માણસ લાગે છે. (પ્રગટ રીતે) ભાઇ, તારું નામ શું છે? મંત્રીજીનું ઘર તો આ જ છે.

કુમારપાળ–ભાઇ, તો કૃપા કરીને એમને સંદેશો પહોંચાડોને કે મારે તેમને મળવું છે.

માનસુર–તારું ગામ કયું?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમારપાળ–મારું ગામ દધિસ્થળી.

માનસુર–( સ્વગત ) તો તો આ કુમારપાળ જ હશે. આજે મંત્રી તેમની રાહ જુએ છે. ( પ્રગટ રીતે ) આપ કુમારપાળ તો નહિ?

કુમારપાળ–હું કુમારપાળ છું, એ આપે કેમ જાણ્યું?

માનસુર–આજ સવારથી મંત્રીજી કુમારપાળની રાહ જુએ છે એટલે મેં આપને એમ પૂછ્યું.

કુમારપાળ–( સ્વગત ) મંત્રીજી મારી રાહ જુએ છે એ તો નવાઇ, મારા આવવાની એમને ક્યાંથી ખબર? ( પ્રગટ રીતે) ઠીક ભાઇ, તો મને મંત્રીજી પાસે લઇ જાઓ.

માનસુર–માફ કરજો મહારાજ, મેં આપને ઓળખ્યા નહિ.

કુમારપાળ–તેમાં તમારો દોષ નથી ભાઈ!

માનસુર–ચાલો મારી સાથે, આપણે મંત્રીજી પાસે જ જઇએ.

[ માનસુર કુમારપાળને દિવાનખાનામાં લઇ જાય છે—

દિવાનખાનામાં મંત્રીજી બેઠા છે. તે કુમારપાળને જોઇ ઊભા થઇ જાય છે. ]

ઉદયન મંત્રી–ઓહો હો, કુમારશ્રી, પધારો

કુમારપાળ–જય જય, મંત્રીજી.

( બન્ને ગાદી ઉપર બેસે છે. )

ઉદયન મંત્રી–આપને માથે તો બહુ વીતી, કુમારશ્રી આપ ઘણા થાકી ગયા લાગો છો. ( માનસુરને) માનસુર, તું અંદર જા અને કુમારશ્રીને નહાવા માટે પાણી ઊનું મૂકાવ, અને તેમને માટે નવા વસ્ત્રો તૈયાર કર.

માનસુર–જી

ઉદયન મંત્રી–અને કુમારશ્રીને માટે ભોજનની પણ તૈયારી કરવાનું કહેતો જા. ( માનસુર જાય છે. ) ( કુમારપાળને ) કેમ કુમારશ્રી, શરીરે તો કુશળ છોને?

કુમારપાળ–ઇશ્વરકૃપાથી સારું છે.

ઉદયન–હું ક્યારનો આપની રાહ જોતો હતો.

કુમારપાળ–આશ્ચર્ય હું આવવાનો છું, એ તમને ક્યાંથી ખબર?

ઉદયન–ગુરુ મહારાજ શ્રી હેમચંદ્રસૂરિએ એ વાત આજ કરી હતી.

કુમારપાળ–ગુરુમહારાજે? એમને ક્યાંથી ખબર?

ઉદયન–એઓશ્રી તો ઘણા જ્ઞાની છે અને વ્યવહારદક્ષ પણ ખરા.

કુમારપાળ–એમ? તો મારે પણ એ ગુરુમહારાજના દર્શન કરી પાવન થવું છે.

ઉદયન–તમને એમની પાસે લઇ જવાના છે. આપણે કામ પૂરું કરી ત્યાં જઇશું.

કુમારપાળ–બીજા શું સમાચાર છે?

ઉદયન–બીજું નગરશેઠનો પાટણથી મારા પર પત્ર છે. એમણે આપના માટે મને સૂચનાઓ લખી છે.

કુમારપાળ-વાહ, આવા મુરબ્બીઓ મારી ચિંતા સેવે છે. તે જાણી અત્યંત આનંદ થાય છે.

ઉદયન–પણ આપે ઘણી મુશ્કેલીઓ વેઠી.

કુમારપાળ–હવે હદ થઈ છે. આ રીતે ભીખારીને વેષે ક્યાં સુધી ભટકવું?

ઉદયન–સૂરિમહારાજ કહેતા હતા કે હવે બહુ મુશ્કેલી નથી.

કુમારપાળ–મને તો તેનો અંત દેખાતો નથી.

[ માનસુર પ્રવેશે છે. ]

માનસુર–મંત્રીજી, પાણી અને વસ્ત્રો તૈયાર રાખ્યા છે.

ઉદયન–હા, ચાલો કુમારશ્રી, તમે જલદી એ પતાવી દો. પછી આપણે ભોજન કરી સૂરિજીના દર્શને જઇએ.

કુમારપાળ–હા, મને પણ સૂરિજીના દર્શનથી ઘણો આનંદ થશે. ચાલો, હું જલદી તૈયાર થઇ જાઉં.

( કુમારપાળ માનસુરની સાથે જાય છે. )

ઉદયન–વિધિની બલિહારી છે. માણસને માટે ઘડીમાં દુઃખના ડુંગરા અને ઘડીમાં સિંહાસન. બિચારા કુમારશ્રીને કેટલું વેઠવું પડ્યું? સૂરિજીના આશીર્વાદ એમના દુઃખનો અંત લાવો.

—: પડદો પડે છે. :—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### દૃશ્ય ૬

**સ્થળ–ઉપાશ્રયની બાજુના રસ્તા પર**

**સમય–સાંજનો.**

[ ઉદયન અને કુમારપાળ વાતો કરતા ઊભા છે. ઉદયનના હાથમાં એક કાગળ છે. ]

ઉદયન–કેમ કુમારશ્રી, ગુરુજીની વાણી કેવી લાગી?

કુમારપાળ–અદ્‌ભુત મંત્રીજી, ખરેખર ગુરુવર્યશ્રી હેમચંદ્રસૂરિ પ્રતિભાશાળી વ્યક્તિ છે. એમનું પ્રવચન ઘણું જ સચોટ અને અસરકારક હતું. ફરી એમના દર્શન ક્યારે થશે?

ઉદયન–અન્નજળ હશે ત્યારે. ગુરુ ઘણા જ પ્રભાવશાળી છે. એમની વાણી કદી ખોટી પડી નથી.

કુમારપાળ–એ ખરું હશે મંત્રીજી, પણ મને થોડા વખતમાં રાજ્ય મળવાની આગાહી એમણે કરી એ સાચી પડે એમ લાગતું નથી.

ઉદયન–એ આપની શંકા આપના મુખ ઉપરથી જોઇને જ આચાર્યશ્રીએ આ લેખ લખી આપ્યો છે ને? તેમાં કેટલી દૃઢતા છે?

કુમારપાળ–એ વાત સાચી પણ......

ઉદયન–પણ એમણે તો સ્પષ્ટ લખ્યું છે કે સં. ૧૧૯૯ ના કાર્તિક વદી બીજ ને રવિવારે હસ્તનક્ષત્રમાં જો આપનો રાજ્યાભિષેક ન થાય તો મારે ભવિષ્ય જોવાનું પડતું મૂકવું.

કુમારપાળ–પણ અહીં તો રાજ્ય મળવાના કોઇ ચિન્હ જ નથી તેનું કેમ?

ઉદયન–પણ એ લેખમાં ચોક્કસાઇ કેટલી છે? તિથિ, વાર અને નક્ષત્ર સુદ્ધાં લખ્યા છે. મને તો ચોક્કસ લાગે છે કે હવે તમારા દુઃખનો અંત નજીક છે.

કુમારપાળ–ખરે આપની શુભેચ્છા અને ગુરુશ્રીના આશીર્વાદથી હું ધન્ય છું.

[ બન્ને વાત કરતા ધીરે ધીરે ચાલે છે–એક માણસ દોડતો દોડતો આવે છે. ]

માણસ–( હાંફતા હાંફતા ) મંત્રીજી, ઉતાવળ કરો.

ઉદયન–શું છે? શેની ઉતાવળ?

માણસ–મંત્રીજી, કુમારપાળની શોધ કરવા માટે પાટણથી સૈનિકો આવ્યા છે અને આપનું ઘર તપાસે છે.

ઉદયન–હેં, સૈનિકો પાટણથી આવ્યા છે? તો કુમારપાળ, સાવધ થઇ જાવ. હવે આપણે જલદી ઉપાશ્રયે જ જઇએ અને સૂરિજીની સલાહ પ્રમાણે કરીએ.

માણસ–જી, હું સૂરિજી પાસે જઇને જ આવું છું. આપ ત્યાં હશો એમ માની ત્યાં ગયો હતો. સૂરિજીને પણ આ હકીકત કહી હતી.

ઉદયન–એમ? તો સૂરિજીએ શું કહ્યું.?

માણસ–એમણે કહ્યું છે કે જલદી કુમારપાળને માટે ગ્રન્થભંડારમાં વ્યવસ્થા કરજો.

ઉદયન–કેવા વિચક્ષણ મહાપુરુષ! ચાલો કુમારશ્રી, ત્યારે જલદી હું તમને ઉપાશ્રયે મૂકી ઘેર જાઉં. ત્યાં સૈનિકો કનડગત કરતા હશે.

[ ત્રણે ઉપાશ્રયમાં જાય છે અને કુમારપાળને ગ્રંથભંડારમાં છુપાવે છે. ઉદયન અને માણસ પાછા ફરે છે ત્યાં સૈનિકો આવી પહોંચે છે ]

સૈનિકોનો નાયક–મંત્રીજી, અમે આપને ઘેર જઇ આવ્યા.

ઉદયન–હં.

નાયક–આપે કુમારપાળને છુપાવ્યા છે એવી બાતમી મળી છે અને મહારાજ સિદ્ધરાજની આજ્ઞા છે એટલે આપનું ઘર વગેરે તપાસવા આવ્યા છીએ.

ઉદયન–મહારાજ સિદ્ધરાજની આજ્ઞા? ક્યાં છે આજ્ઞા?

નાયક–આ રહ્યું એ આજ્ઞાપત્ર ( આજ્ઞાપત્ર ઉદયનને આપે છે. ઉદયન મંત્રી તેના પર નજર ફેરવે છે.)

ઉદયન–વારુ, ત્યારે તમે મારું ઘર તપાસી લીધું ને? હવે શું છે કહો?

નાયક-હવે અમારે ઉપાશ્રયમાં તપાસ કરવી પડશે.

ઉદયન–પણ જૈન ઉપાશ્રય એ ધર્મક્રિયાનું સ્થળ હોઇ તમને એ અધિકાર ન મળે.

નાયક–મંત્રીજી, મને આપને માટે માન છે, પણ અત્યારે લાચાર છું. મહારાજ સિદ્ધરાજની આજ્ઞા બજાવવા આવ્યો છું. એટલે અમારે ઉપાશ્રયમાં તપાસ કરવી જ પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદયન–ભલે, મહારાજ સિદ્ધરાજની આજ્ઞા છે તો તપાસો, પણ તે પહેલાં સૂરિમહારાજની રજા લેવી જોઇએ.

નાયક–ભલે, એમની રજા લેવામાં અમને કશો વાંધો નથી.

ઉદયન–(માણસને) ગુરુદત્ત, તું જલદી સૂરિજી પાસે જા અને આ હકીકત કહે.

(ગુરુદત્ત અંદર જઇ થોડી વારે પાછો આવે છે.)

ગુરુદત્ત–મંત્રીજી, સૂરિજી પડિલેહણ કરે છે અને બધે તપાસ કરવાની રજા આપી છે, પણ જ્ઞાન-ભંડારના પવિત્ર પુસ્તકોનો સ્પર્શ ન કરવા કહ્યું છે.

નાયક–ભલે ભલે, સૂરિજીની સૂચના પર અમે ધ્યાન આપશું. (સૈનિકોને) જાઓ, ઉપાશ્રયમાં પૂરી તપાસ કરી લો અને કોઇ વસ્તુ કે પુસ્તકોને નુકશાન ન પહોંચે તે ધ્યાન રાખજો.

સૈનિકો–જી. (સૈનિકો તપાસ કરવા જાય છે. ઉદયન તેમના તરફ જોઇ રહે છે.)

ઉદયન–(નાયકને) ચાલો આપણે પણ સાથે જ જઇએ.

(તપાસ કરતા જ્ઞાનભંડાર પાસે આવે છે)

ઉદયન–(પુસ્તકોનો સંગ્રહ બતાવી) જુઓ, આ સૂરિજીનો પવિત્ર જ્ઞાનભંડાર. (એમ કહી પુસ્તકોને વંદન કરે છે-તેમને જોઇને સૈનિકો પણ વંદન કરે છે અને વધુ તપાસ કર્યા વગર પાછા ફરે છે.)

ઉદયન–ખરેખર આવા ધર્મભાવનાવાળા સૈનિકો રાજ્યની કીર્તિ વધારી રહ્યા છે.

નાયક–મંત્રીજી, ધર્મગુરુ અને ધર્મજ્ઞાન અમારે માટે પણ વંદનીય જ છે. અમે ભલે રણમેદાન પર ફરજ ખાતર શસ્ત્રો વાપરતા હોઇએ પણ અમારા દિલમાં શાસ્ત્રો માટે માન ભરેલું છે.

ઉદયન–એટલો આપણો સૌનો પુણ્યોદય છે ભાઇ! ચાલો મારી સાથે હવે જમીને જ જજો.

—: પડદો પડે છે :—

દશ્ય ૭

સ્થળ–ઉપાશ્રયનો જ્ઞાનભંડાર.

સમય–સવારનો

[જ્ઞાનભંડારમાં એક બાજુ બેસીને કુમારપાળ એક કાગળમાં લખેલો શ્લોક વાંચે છે.]

કુમારપાળ–(વાંચે છે.) धम्मो मंगलमुक्क्टिमहिंसा संजमो तवो...ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે. અહિંસા, સંયમ, તપ...

(એ વખતે ઉદયન મંત્રી આવે છે.)

ઉદયન–ઓહો, કુમારશ્રી, તમે તો જ્ઞાનોપાસના કરવા મંડી ગયા છો તે શું?

કુમારપાળ–પધારો મંત્રીજી.

ઉદયન–તમારે તો આખી રાત જ્ઞાનભંડારમાં ગાળવી પડી ખરું?

કુમારપાળ–હા, આવો અનાયાસે જ્ઞાનોપાસનાનો લાભ મળી ગયો. એમાં ઇશ્વરનો કાંઇ સંકેત હશે.

ઉદયન–અને આપને ગુરુશ્રીનો પણ વધારે પરિચય મળ્યો.

કુમાર–હા, મંત્રીજી, એ મારું અહોભાગ્ય છે. રાત્રે તેમની સાથે ધર્મવાર્તાલાપ કર્યો અને સવારમાં પણ સૂરિજીએ આ મંગળાચરણ સંભળાવ્યું (કાગળમાં લખેલો શ્લોક બતાવે છે.)

ઉદયન–તમને તો ઘણો સુંદર લાભ મળ્યો કહેવાય.

કુમારપાળ–હા, આજનો દિવસ મારે માટે સુવર્ણદિન છે. સવારમાં જ સૂરિજીના દર્શન અને વળી એમના જ સ્વમુખે મંગળશ્રવણ.

ઉદયન–ખરેખર કુમારશ્રી, એ બધા ટૂંકમાં જ આવનારા શુભ દિનના ચિહ્નો છે.

કુમારપાળ–વળી આ શુભ શ્લોકનો અર્થ પણ ગુરુમહારાજે મને સમજાવ્યો, તે ઘણો જ સુંદર છે. મને એ ઘણો પસંદ પડી ગયો તેથી મેં લખી લીધો.

ઉદયન–કુમારશ્રી, તમે સાચે જ એક ઝવેરી છો. ઝવેરી જેમ સાચા મોતીને પારખી લે તેમ તમે ઉત્તમોત્તમ શ્લોક પસંદ કર્યો છે.

કુમારપાળ–એ બધી ગુરુમહારાજની કૃપા છે.

ઉદયન–બીજી શું વાતચીત ગુરુમહારાજ સાથે કરી?

કુમારપાળ–બીજું તો એમણે અહીંથી નીકળવા માટે શુભ દિવસ અંગે વાત કરી હતી.

ઉદયન–એમ? કયો દિવસ સૂરિજીએ કહ્યો?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમારપાળ–આજે જ.

ઉદયન–આજે જ? કુમારશ્રી શું આજે જ તમારે ઉપડવાનો દિવસ? તો તમારા સહવાસનો લાભ અમને બહુ નહિં મળે.

કુમારપાળ-ફરી અન્નજળ હશે ત્યારે જરૂર મળશું. તમારી મારા માટેની લાગણી હું કદી નહિ ભૂલું.

ઉદયન–અમે તો અમારી ફરજ જ બજાવી રહ્યા છીએ, કુમારશ્રી, અમે કશું વધારે કર્યું નથી. વારુ તો કઇ તરફ જવા વિચાર રાખેલ છે?

કુમારપાળ–અહીંથી માળવા તરફ જવા વિચાર છે, અને પછી નસીબ દોરી જાય ત્યાં.

ઉદયન–ઠીક, તો હવે ચાલો આપણે ઘરે જઇએ અને બધી તૈયારી કરીએ.

બન્ને જાય છે.

—: પડદો પડે છે :—

દશ્ય ૮

સ્થળ–કૃષ્ણદેવનું ઘર (પાટણમાં)

સમય–રાત્રીનો.

[ કૃષ્ણદેવ એક તકીયાને ટેકો દઇ બેઠા છે અને કંઇક વિચારમાં હોય તેમ જણાય છે–કુમારપાળ પ્રવેશે છે. ]

કૃષ્ણદેવ–( તેને જોઇ આશ્ચર્યથી ) અરે કુમારપાળ! વાહ! તમે ખરે વખતે આવી પહોંચ્યા. તમારી અત્યારે ખાસ જરૂર છે. કહો કુશળ છોને?

( કુમારપાળ પણ ગાદી પર બેસી જાય છે. )

કુમારપાળ–હા, સંતોની કૃપાથી કુશળ છું.

કૃષ્ણદેવ–તમે બહુ થાકેલા જણાવ છો: અત્યારે ક્યાંથી આવો છો?

કુમારપાળ–હું માળવામાં હતો ત્યાંથી મહારાજ સિદ્ધરાજના મૃત્યુના સમાચાર સાંભળી આ તરફ આવ્યો છું.

કૃષ્ણદેવ–( રાજસિંહને ) રાજસિંહ,

રાજસિંહ–જી, શી આજ્ઞા છે?

કૃષ્ણદેવ–તું હમણાં જ જા અને નગરશેઠને અને તેમને ત્યાં આવેલા ઉદયન મંત્રીને જલદી તેડી આવ. તેમને કહેજે કે જરૂરી કામ છે.

રાજસિંહ–જી. ( રાજસિંહ જાય છે. )

કૃષ્ણદેવ–અને કુમારશ્રી, તમે હવે પહેલાં ભોજન વગેરે પતાવી દો. પછી નગરશેઠ અને ઉદયન મંત્રી સાથે આપણે મંત્રણાઓ કરશું.

કુમારપાળ–અત્યારે ભોજનની કશી ઇચ્છા નથી.

કૃષ્ણદેવ–તો દૂધ મંગાવું. ( રામસીંગને ) રામસીંગ, કુમારપાળને માટે દૂધ લઇ આવ. (કુમારપાળને) તમે તો કુમારશ્રી, ઘણી મુશ્કેલીઓ વેઠી.

કુમારપાળ-એ તો કર્મ કોઇને છોડતું નથી. આપણા પૂર્વજન્મમાં કરેલા કર્મનાં ફળ તો ભોગવવાં જ જોઇએને? વારુ, પણ મહારાજના મૃત્યુ પછીના શા સમાચાર છે? તેમનો ગાદીવારસ તરીકે:—

કૃષ્ણદેવ–હા એ બાબતમાં તો મહારાજને ઘણી ચિંતા હતી, પણ તેમના અંતકાળ સુધી કંઇ નિર્ણય થઇ શકયો નથી.

કુમારપાળ–એમ કેમ બન્યું?

કૃષ્ણદેવ–મહારાજે તો વારસનું નામ સૂચવેલું પણ મંત્રીમંડળમાં તે અંગે મતભેદ પડ્યો.

કુમારપાળ–હં, પણ રાજમાતાનો શો અભિપ્રાય છે?

કૃષ્ણદેવ–રાજમાતા ખૂબ શોકમગ્ન છે અને કહે છે કે-મંત્રીમંડળ કરશે એ રાજ્યના હિતમાં જ હશે.

કુમારપાળ–હં, પણ મારે એમને દિલાસો આપવા જવું છે.

કૃષ્ણદેવ–હા, ત્યાં તમે કાલે જજો. આજે તો ઉદયન મંત્રી અને નગરશેઠને મંત્રણા માટે તેડાવ્યા છે.

[ ઉદયન મંત્રી અને નગરશેઠ પધારે છે–બન્ને કુમારપાળને ] અહો, કુમારપાળ! જય જય.

કુમારપાળ–જય જય.

નગરશેઠ–કેમ કુશળ છો ને?

કુમારપાળ–હા, ઇશ્વરકૃપાથી કુશળ છું.

ઉદયન મંત્રી–તમે આવી ગયા તે સારું થયું. તમારા આગમનથી અમારી ચિંતા ઓછી થઇ.

કુમારપાળ–તમારા જેવા કુશળ માણસોને ચિંતા શેની?

ઉદયન–વાત એમ છે કે આવતી કાલે ગાદીવારસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંગે નિર્ણય કરવાનો છે, તેમાં તમારી ગેરહાજરી હોય તો મતભેદ પડે.

કુમારપાળ–મતભેદ શેનો ?

ઉદયન–કુમારશ્રી તમારી હાજરીથી એ બધી ગુંચ ઉકલી ગઇ. તમે હાજર ન હો તો રાજ્યાભિષેકનું શું કરવું એ વિચારવું પડત.

કૃષ્ણદેવ–હવે એ મુશ્કેલી ટળી, તો પણ આપણે યુક્તિપૂર્વક કામ લેવું જોઇએ.

ઉદયન–હા, એ વાત બરાબર છે.

કૃષ્ણદેવ–વારૂ, તો પહેલાં તો હું તેમના આગમનના ખબર મુખ્ય મંત્રીને આપી દઇશ. તેઓ કુમારપાળની તરફેણના છે.

નગરશેઠ–પણ એ ખબર લોકોને કેમ આપવા ?

ઉદયન–એમ કરો, કે કુમારપાળ કાલે એક સજ્જ સૈનિકના પોશાકમાં સભામાં હાજર રહે અને તે વખતે કૃષ્ણદેવે ગાદીવારસ તરીકે કુમારપાળનું નામ સૂચવવું.

નગરશેઠ-તમે ઠીક યુક્તિ શોધી કાઢી.

ઉદયન–અને એ જ વખતે મહારાજ કુમારપાળે સભા વચ્ચે આવવું અને સૈનિકોએ જયનાદ બોલાવવો.

કૃષ્ણદેવ–એ વાત બરાબર છે, એથી કોઇને વિરોધ કરવાની તક નહિ રહે.

કુમારપાળ–એ વાત બરાબર છે. તે પછીનું બધું હું સંભાળી લઇશ.

નગરશેઠ–વાહ, તમો તો અત્યારથી જ રાજવીની છટાથી વાત કરવા લાગ્યા.

ઉદયન–તો કૃષ્ણદેવ, હવે કુમારપાળને સભામાં લાવવાની જવાબદારી તમારે શિર છે.

કૃષ્ણદેવ-ભલે, હવે તમે તે બાબત ચિંતા રાખશો નહિ.

ઉદયન તથા નગરશેઠ–ત્યારે હવે અમે જઇએ. કાલે સમયસર હાજર થઇ જશું.

( ઉદયન અને નગરશેઠ જાય છે )

—: પડદો પડે છે :—

## દૃશ્ય ૯

સ્થળ–સભાગૃહ

સમય–સવારના

[ સભામાં માણસોની ભીડ છે. ઉદયન મંત્રી, મુખ્ય મંત્રી, કૃષ્ણદેવ, સૈનિકના પોશાકમાં કુમારપાળ સૌ યોગ્ય જગ્યાએ બેઠા છે. વચ્ચે સિંહાસન ખાલી છે. ]

કૃષ્ણદેવ–( ઊભા થઇને સિંહાસન પાસે આવીને ) વહાલા પ્રજાજનો, આજે આપણે આપણા રાજવી તરીકે કોને સ્થાન આપવું એ નિર્ણય કરવાનો છે. તે સ્થાન માટે યોગ્ય શૂરવીર અને ધર્મપ્રેમી નરવીરની પસંદગી કરવી જોઇએ. અને......

ચંદ્રસિંહ–( અધવચ્ચે જ પોતાની જગ્યાએ ઊભો થઇને ) પણ તે બાબતમાં આપણે મહારાજ સિદ્ધરાજની શું ઇચ્છા હતી તે વિચારવું જોઇએ.

ઉદયન મંત્રી–( પોતાની જગ્યાએ ઊભા થઇને ) મહારાજ સિદ્ધરાજની ઇચ્છા હતી રાજ્યને આબાદ કરવાની અને આપણે એવા નરવીરની પસંદગી કરવી કે જે રાજ્યને આબાદ બનાવી શકે.

ચંદ્રસિંહ–પણ હું મહારાજની નીકટ રહેનારો જાણું છે કે મહારાજની ઇચ્છા તેમના પછી......

કૃષ્ણદેવ–( તેને બોલતા અટકાવીને ) ચંદ્રસિંહ, તમે અત્યારે બેસી જાઓ.

[ તે વખતે ચંદ્રસિંહની પાસેના બે માણસો ઊભા થાય છે તેમના સામે જોઇને કૃષ્ણદેવ એકદમ મ્યાનમાંથી તલવાર કાઢી ઉગામે છે. ]

કૃષ્ણદેવ–ખબરદાર, કોઇ વચ્ચે બોલ્યું છે તો ! મહારાજની શું ઇચ્છા હતી તે આપણા કુશળ મંત્રી ઉદયન મંત્રી સારી રીતે જાણે છે અને એવા અનુભવી બાહોશ મંત્રીવર્યની સલાહ મુજબ મહારાજ સિદ્ધરાજના ગાદીવારસ તરીકે હું ધર્મપ્રેમી નરવીર કુમારપાળનું નામ સૂચવું છું.

ચંદ્રસિંહ–( ઊભા થઇને ) પણ કુમારપાળ અત્યારે હાજર નથી તો મહારાજ સિદ્ધરાજ—

( તે બોલે છે ત્યારે કુમારપાળની આસપાસના સૈનિકો કુમારપાળને માથે છત્ર ધરી કુમારપાળનો જય બોલાવે છે, અને કુમારપાળ હાથમાં તલવાર સાથે સિંહાસન પાસે આવે છે. સૌ પ્રજાજનો તાળીઓના અવાજથી તેમને વધાવી લે છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદ્રસિંહ–પણ પણ...

કૃષ્ણદેવ–સૈનિકો, પકડી લો ચંદ્રસિંહને અને અહીંથી બહાર લઇ જાઓ.

(બે સૈનિકો ચંદ્રસિંહને પકડી બહાર લઇ જાય છે.)

કુમારપાળ–વહાલા પ્રજાજનો, આપણું રાજ્ય આબાદ બને તે માટે હું પ્રયત્ન કરીશ. રાજ્યમાં કોઈ પ્રજાજન દુઃખી ન રહે અને કોઇને અન્યાય ન થાય તે જોવાની હું મારી ફરજ સમજું છું અને રાજ્યના તેમજ પ્રજાના દુશ્મનોને હું સખ્ત રીતે દાબી દેવા હંમેશા સજ્જ રહીશ. તમે સોંપેલી જવાબદારી હું સરસ રીતે ઉઠાવી શકું અને પ્રજા સુખી બને એ માટે પરમાત્માને પ્રાર્થના કરું છું. મને ખાત્રી છે કે ગુરુમહારાજ હેમચંદ્રસૂરિના આશીર્વાદથી હું જરૂર સફળ થઇશ.

( કુમારપાળ સિંહાસન પર બેસી જાય છે. સભાજનો તાળીઓથી વધાવી લે છે. રાજગોર મહારાજ કુમારપાળને તિલક કરે છે. )

મુખ્યમંત્રી–( ઊભા થઇને ) ઘણું જીવો આપણા પ્રજાવત્સલ ધર્મપ્રેમી મહારાજા કુમારપાળ. વહાલા પ્રજાજનો, આપણે ધર્મવીર મહારાજાને મેળવી ખરેખર ધન્ય બન્યા છીએ. ( બેસી જાય છે. )

કૃષ્ણદેવ–બોલો મહારાજા કુમારપાળનો જય. ( પ્રજાજનો જય બોલે છે. )

ઉદયન–( મહારાજને ફૂલહાર પહેરાવી ) ઘણું જીવો મહારાજા કુમારપાળ.

કૃષ્ણદેવ–બોલો ગુરુમહારાજ હેમચંદ્રસૂરિનો જય. ( પુષ્પો ઉડાડે છે. )

—પડદો પડે છે—

સમાપ્ત

संपदि यस्य न हर्षो विपदि विषादो रणे च धीरत्वम् ।
तं भुवनत्रयतिलकं जननी जनयति सुतं विरलम् ॥

( દ્રુતવિલંબિત )

ન સુખથી હરખાઈ કદિ જતો, દુઃખસમે દિલગીર ન જે થતો;
અધિક ધીરજ જે ધરતો રણે, જનની એ સુત તો વિરલા જણે.

प्रथमे नार्जिता विद्या, द्वितीये नार्जितं धनम् ।
तृतीये नार्जितो धर्मः, चतुर्थे किं करिष्यति ? ॥

( રુચિરા )

પ્રાપ્ત કરી નહિ પેલી વયમાં, વિદ્યા પૂરી પ્રીતે રે,
બીજીમાં સંચય નવ કીધો, ધનનો રૂડી રીતે રે;
ધર્મ ધર્યો નહિ વય ત્રીજીમાં, સુપાત્રને દઇ દાનો રે,
ચોથી વય ઘડપણમાંહિ કો', તે નર શું કરવાનો રે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉદ્દાત સંસ્કારપ્રેમી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

ગત વૈશાક શુ. ૧૫ ના રોજ માટુંગા–મુંબઇખાતે શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન પાઠશાળામાં શ્રી મણીભાઈ નગીનદાસ ભાખરીયા તરફથી તૈયાર કરાવવામાં આવેલ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજનું આરસનું બસ્ટ શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇના હસ્તે ખુલ્લું મૂકવામાં આવેલ. શ્રીયુત મણિલાલ મોહનલાલ પાદરાકરે લખેલ આચાર્યદેવના જીવનપરિચયની બુક–લેટ આ પ્રસંગે શ્રી ભાખરીયા બ્રધર્સ તરફથી વહેંચવામાં આવેલ તેમ જ પ્રસંગને અનુલક્ષીને શેઠશ્રી કસ્તુરભાઇએ અભ્યાસપૂર્ણ ભાષણ કર્યું હતું જે અત્રે રજૂ કરવામાં આવે છે.

**માટુંગા શ્રી સંઘ તથા સજજનો અને સન્નારીઓ,**

મારા તરફ મમત્વ બતાવીને પૂજ્ય યોગનિષ્ઠ આચાર્ય મહારાજ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીની પ્રતિમાની ઉદ્દ્ઘાટન વિધિ કરવા માટે મને બોલાવ્યો તે માટે હું તમારો આભારી છું. પૂજ્ય બુદ્ધિસાગરજી મહારાજના સહવાસમાં હું મારા બાળપણમાં આવેલો અને બચપણમાં તેમની પાસેથી સંસ્કાર મેળવવાનું અહોભાગ્ય મને સાંપડયું હતું.

તેમનો જન્મ વિજાપુરમાં સંવત ૧૯૩૦ માં એક પાટીદાર કુટુંબમાં થયો હતો. તેમનું કુટુંબ મોટું હતું અને તેમાં તેઓ નાનપણથી જ સત્યને માર્ગે ચાલનારા અને સંસ્કારપ્રિય હતા. વિજાપુરમાં પૂજ્ય શ્રી રવિસાગરજી મહારાજ ચોમાસું રહેલા અને તે વખતે તેઓ ઘણી નાની ઉંમરે તેમના પરિચયમાં આવ્યા હતા. તેમને વાંચવાનો શોખ સારા પ્રમાણમાં હતો. તેમને પ્રાણી પ્રત્યે દયા અને સાચા માર્ગે ચાલવાનો યોગ નાનપણથી જ પ્રાપ્ત થયો હતો.

તેઓ પોતે પાટીદાર હતા અને તેમના પિતા શૈવધર્મ પાળતા અને માતા વૈષ્ણવધર્મ પાળતા હોવા છતાં તેમણે ઘણી નાની ઉંમરે જૈન ધર્મ અંગીકાર કર્યો. આમ થવાના કારણ માટે એમ કહેવામાં આવે છે કે–એક વખત એક બળદ વિફરીને દોડતો હતો અને એક ઘરડા જૈન સાધુને અડફેટમાં લેવાની તૈયારીમાં હતો તેવામાં તેમણે પોતાના દંડિકાવડે બળદને તેમ કરતાં રોકયો અને સાધુ મહારાજ તે અકસ્માતમાંથી બચી ગયા. આ સાધુ મહારાજે જ્યારે મુંગા પ્રાણીને નહિ મારવાનો તેમને ઉપદેશ કર્યો ત્યારે તેમના દિલમાં કુતુહલતા જાગી અને ત્યારબાદ તેમણે પૂજ્ય રવિસાગરજી મહારાજ પાસે જઇ ગહન અભ્યાસ કરવો શરૂ કર્યો.

શ્રી. બુદ્ધિસાગરજીએ સાચા સાધુ તરીકે જીવન ગુજારી સાહિત્યની આરાધના કરી અને સાથે સાથે સમાજસેવક તરીકેની પ્રવૃત્તિઓ પણ તેઓએ કરી છે. ત્રિવેણીસંગમ જેવું આવું જીવન આપણા સંસારમાં ભાગ્યે જ સાંપડે છે, અને તેમના નિર્વાણને ૩૦ વર્ષ થયા છતાં તેમના જીવનની સુવાસ ચારે બાજુ પ્રગટી રહી છે. પૂજ્ય બુદ્ધિસાગરજી મહારાજ કેવળ સાંપ્રદાયિક સાધુત્વને વળગી ન રહ્યા અને એક ઉદ્દાત સંસ્કારીતા કેળવી બીજા ધર્મોમાં પણ રસ લેતા થયા અને તે ધર્મોના સુંદર તત્ત્વોનો સ્વીકાર કરી, અપનાવીને લોકોમાં તેનો બહોળો પ્રચાર કર્યો.

આર્ય સંસ્કૃતિ વૈદિક, બૌદ્ધ અને જૈન ધર્મોમાંથી જન્મી છે અને આ ત્રણે ધર્મ પરસ્પરના પૂરક છે. એક બીજામાંથી ત્રણે સંપ્રદાયોએ ઘણું લીધું છે અને માનવસિદ્ધિની આરાધનામાં ત્રણે ધર્મોએ ભેગા થઇ ફાળો આપ્યો છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજીનું ચરિત્ર જો આપણે વાંચીએ તો આપણને જરૂર લાગી આવશે કે ત્રણે ધર્મોનાં ઉત્તમ તત્વો તારવી તેમણે જૈન સાહિત્યને દીપાવ્યું છે.

તેમના જીવનમાં તેમણે જૈન ધર્મીઓ ઉપરાંત હિંદુ–મુસલમાન જનતાનો પૂજ્યભાવ મેળવ્યો છે. આજોલ ગામમાં આભુ મીર નામના એક મીર મુસ્લીમ સજ્જન શ્રી બુદ્ધિસાગરજીનાં કાવ્યો ભજનની ઢબે ગાતા હતા અને તે રીતે તેમનાં ભજનો કેટલાં પ્રચલિત હતાં તેનો ખ્યાલ આવી શકે છે. તેવી જ રીતે વરસોડાના રજપુત ઠાકોર પણ તેમના અનન્ય મિત્ર હતા અને બોરીયા મહાદેવના એક મહારાષ્ટ્રીઅન યોગી પણ તેમની સાથે રસમય ચર્ચા કરતા અને આપણી સંસ્કૃતિમાં સાત્વિક ભેદ રહેલો નથી તેની પ્રતિતિ તેઓશ્રી કરતા હતા. તેમના જીવન દરમ્યાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાત, સૌરાષ્ટ્ર, મેવાડ અને દક્ષિણ જેવા પ્રદેશોની તેમણે પરિક્રમા કરી હતી અને તે સમયના સામાજિક અને ધાર્મિક પ્રવાહો તે સમજ્યા હતા. ખ્રીસ્તી, આર્યસમાજી અને થીઓસોફીનો પણ તેમણે અભ્યાસ કર્યો હતો. તેમના જીવન દરમ્યાન કોંગ્રેસની સ્થાપના થઇ અને લાલા લજપતરાય, માલવીયાજી, મહાત્માજી, સયાજીરાવ ગાયકવાડ વગેરેનો પરિચય તેમને સાંપડ્યો અને દેશદાઝના નવા પુરને તેઓ સમજ્યા અને સદરહુ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું. તેમના જીવનમાં એવા ઘણાએ પ્રસંગો બન્યા કે તેમણે ગુનેગાર ગણાતી કોમોને મદદ કરી તેમને સન્માર્ગે વાળ્યા. તેમનું જીવન એક ધન્ય પ્રસંગોની વહાણ છે અને બાળપણથી કાળધર્મ પામ્યા ત્યાંસુધી તેમણે ઘણી સિદ્ધિઓ મેળવી, જે એવી અદ્દભુત હતી કે નાસ્તિકને પણ વિચાર કરતા કરી મૂકે. તેમના પર્યટનો, તેમનું તપ, તેમનો સંયમ, ધન પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિ, અતુલ અભ્યાસ, તેમને આચાર્યોમાં ઊંચી કક્ષાએ પહોંચાડે છે અને વિરાગની સાધનાનું આ જીવન કેવળ જૈન જનતાને નહિ પણ સમગ્ર જનતાને આકર્ષણરૂપ રહેશે.

છેલ્લા ૨૫૦૦ વર્ષોમાં જૈનોમાં પ્રખર વિદ્વાન આચાર્ય મહારાજો થઇ ગયા છે. તેમણે સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં-લખાવ્યાં છે અને તે સાહિત્ય જિંદગીના તેમજ ધર્મના દરેક અંગને સ્પર્શી લે તેવું છે. શ્રી બુદ્ધિસાગરજી મહારાજે લોકજીવનને સ્પર્શે તેવા ૧૦૮ પુસ્તકો લખ્યાં છે અને અધ્યાત્મ જ્ઞા૦ પ્ર૦ મંડળે બહાર પાડ્યા છે. તેમના લખાણની વિશિષ્ટતા એ છે કે-એમનાં લખેલાં પુસ્તકો કોઇ પણ ધર્મના માણસને પસંદ પડે તેવાં અને વાંચવા લાયક છે. શ્રી બુદ્ધિસાગરજી મહારાજમાં એ વિશિષ્ટતા નોંધ-પાત્ર હતી કે તેમનું મન સંકુચિત નહોતું અને નાના મોટા સંપ્રદાયોમાં માનતા નહોતા એટલે સર્વેના મન જીતી લઇ શકતા હતા. તેમના અનુ-યાયીઓમાં કેટલાક મુસલમાન અને ભાટ પણ હતા. તેમના ભજનો ત્યારે પણ લોકો ગાતા હતા અને આજે પણ ગાય છે. તેમના લખાણોએ અહિંસા પરમો ધર્મનો નાદ લોકોમાં ફેલાવ્યો છે. તેમની બીજી વિશિષ્ટતા એ હતી કે નાના નાના છોકરાઓને તેમની પાસે જવાનું હંમેશાં આકર્ષણ રહેતું કારણ કે તેઓશ્રી સરળ ભાષામાં નાની નાની વાતો કહી તેઓને બોધિત કરતા હતા. તેમના ગુરુ સુખસાગરજી મહારાજ સાદા અને ભલા હતા અને શ્રી બુદ્ધિસાગરજી મહારાજ તેમની અનન્ય ભક્તિ કરતા.

જૈન આચારવિચાર એવા છે કે હિંદના સમગ્ર ઇતિહાસમાં એક પણ યુગ એવો નથી ગયો કે જ્યારે જૈન આચારવિચારનો પ્રતિબોધ આપવા માટે જૈન સાધુનું સમર્થ વ્યક્તિત્વ સમાજને નહિ સાંપડયું હોય. જૈન સાધુસંસ્થાએ દેશની અનેકવિધ સેવાઓ કરી છે. જૈન સાધુઓએ દેશની સંસ્કૃતિના અનેક સાધનોને પ્રકાશ્યાં છે અને પ્રજાને એ દ્વારા સન્માર્ગે વાળી છે. સદાચાર, ચારિત્ર્ય, વિદ્વત્તા, સંશોધન, સમર્થન વિગેરે વિષયોમાં જૈન સંસ્કૃતિની પરંપરા હંમેશાં સન્માર્ગને સાચવી રહી છે. જૈન સાધુઓએ હજારો વર્ષોથી પ્રજાને શુદ્ધ ધર્મલાભ આપ્યો છે અને એવા અનેક સાધુઓમાં શ્રી બુદ્ધિસાગરનું સ્થાન પ્રથમ રહેશે.

શ્રી બુદ્ધિસાગરજીનું કામ ખંડનનું નહિ પણ મંડનનું હતું, જૈન વ્યવસ્થાની ન્યૂનતાઓથી અનેક વાર તેઓ અકળાઇ જતા. દેવદ્રવ્યનો દુરુપયોગ તેમનાથી સહન થઇ શકતો નહોતો. નાના નાના ગામડાઓના મંદિરોના વહિવટમાં ઊણપ જણાતી ત્યારે તેઓ તેનો ઉકેલ લાવવા પ્રયત્ન કરતા.

શ્રી બુદ્ધિસાગરજીની સાહિત્ય પ્રતિભા તેમની આત્મપ્રતિભાના જેટલી જ ભવ્ય છે. તેમનું લખાણ એટલું વિસ્તૃત છે કે અન્ય કોઇ ગૃહસ્થ કે ત્યાગી સાક્ષરે તેમના જેટલો ગ્રંથ રસથાળ ગુજરાતી પ્રજાને આપ્યાનું જાણ્યું નથી. એકસો ને આઠ મહાસમર્થ ગ્રંથો લખીને સાહિત્યસૃષ્ટિમાં તેમણે જબરદસ્ત ફાળો આપ્યો છે. જેઓ તેમના પરિચયમાં નથી તેમને વિસ્મય થશે કે સાધુજીવનની દૈનિક ક્રિયાઓમાં પુષ્કળ સમય ગાળવા છતાંય તેઓશ્રી આ સર્વ ગ્રંથો લખવાનો સમય કયાંથી મેળવી શકયા હશે? તેમનું લખાણ સત્વમાં ઘણા ઊંચા પ્રકારનું છે. વિચારોની વિપુલતા ભાવનાઓની સમૃદ્ધિ લાગણીઓનો તરવરાટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરે સાહિત્ય-સૃષ્ટિમાં અજબ ભાત પાડે છે. તેમણે ગુજરાતી, સંસ્કૃત અને હિંદી ત્રણે ભાષાઓમાં લખ્યું છે.

કુદરતને તેઓશ્રી એક મહાશક્તિ, જીવતું-જાગતું બળ સમજતા હતા, એ શક્તિને અનુસરતું જીવન અને વર્તન એ જ સાચું જીવન અને વર્તન છે તેમ તેઓ માનતા. આથી કુદરતના બાહ્યાંગ કરતાં તેનાં આંતરિક રહસ્યો ઊકેલવામાં તેમને અધિક આનંદ થતો. બેશક આવી ભાવના કુદરત પરના તેમના અગાધ પ્રેમની નિશાનીરૂપ છે. તેમને કુદરતી વાતાવરણમાંથી સત્ય માટે ખૂબ પ્રેરણા મળતી. નદી, પર્વતો અને કંદરાઓની ભવ્યતાએ તેમના હૃદયપટ ઉપર ઊંડી અસર કરી હતી.

તેઓશ્રી અટલ રાષ્ટ્રભક્ત પણ હતા. તેમનું સ્વદેશાભિમાન ઘણા ઊંચા પ્રકારનું હતું. તેમના સ્વદેશાભિમાનનાં કાવ્યો અત્યંત મનોવેધક અને માતૃભૂમિના પ્રેમથી ભરપૂર છે. આર્યભૂમિને તેઓ અન્ય દેશો કરતાં ઉચ્ચ પદ આપે છે અને તેમાંયે ગુજરાતને તો તેઓશ્રી હૃદયના ભક્તિભાવથી અપનાવી લે છે. અહિંસારૂપી શસ્ત્રમાં તેમને શ્રદ્ધા હતી. સંસારનો ત્યાગ કરનાર મનુષ્ય માતૃભૂમિનો ત્યાગ કરી શકતો નથી. માતૃભૂમિનો ઉપકાર અત્યંત છે અને તે કારણથી જન્મથી મૃત્યુ પર્યંત નિવાસસ્થાન આપવા બદલ આપણે જન્મભૂમિના ઋણી છીએ, તેથી તેના પર પ્રીતિ રાખવી એ ફરજ છે. જન્મભૂમિનું અભિમાન ન રાખનાર દેશદ્રોહી છે એ તેમનો મત હતો.

તેઓશ્રીનો ઉપદેશ સમયાનુવર્તી હતો. સમય અને સમાજના બદલવા સાથે તેની યોગ્યતામાં પણ ફેરફાર કરવો પડે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ આ ચાર પરિસ્થિતિઓ લક્ષમાં લઇ વર્તવા અને તે પ્રમાણે નિયમો ઘડવામાં જ ડહાપણ છે, અને સમાજનું કલ્યાણ છે, તેમ તેઓ માનતા હતા. માત્ર અંધશ્રદ્ધા કે જૂનું તેટલું સારું એ માન્યતા ગેરસમજવાળી છે એમ તેઓ સ્પષ્ટપણે કહેતા. જડવાદ અને ચેતનવાદના ભેદ તેઓ સમજ્યા હતા, જડવાદ અને પ્રાચીન અર્વાચીન યુગની તુલના તેમણે કરી હતી. આ સઘળાને પચાવીને તારવી કાઢેલા સિદ્ધાંતોનો ઉપદેશ તેમણે પ્રજાને આપ્યો છે.

તેઓશ્રી તત્ત્વજ્ઞાનનો અનુભવ કરવા પ્રયત્ન કરતા. તેઓશ્રીનું તત્ત્વજ્ઞાન કવિત્વની છટાથી ભરેલું છે. કવિ જો તત્ત્વવિદ ન હોય તો મનુષ્યજીવનના અનુભવના અગમ્ય કોયડા તે શીરીતે ઊકેલી શકે? શ્રી બુદ્ધિસાગરજી આવા તત્ત્વજ્ઞાની કવિ હતા. તત્ત્વજ્ઞાનની ચર્ચામાં તેમણે કેટલાયે ગ્રંથો લખ્યા છે. તેઓશ્રીનાં તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોમાં સર્વોત્તમ ગણી શકાય તેવા બે ગ્રંથો 'યોગદીપક' અને 'કર્મયોગ' છે. 'યોગદીપક' જ્ઞાની માણસો માટે રચાયું છે એમ લાગે છે, કારણ કે સામાન્ય વાંચકને તે સમજી શકાય તેવું નથી. તેમણે સદરહુ ગ્રંથોમાં સમજાવ્યું છે કે સ્વાધિકારે દરેક મનુષ્યે પ્રવૃત્તિ કરવી જોઇએ. ખોટી રીતે નિવૃત્તિના માર્ગને વળગી રહેવાથી અધઃપતન થાય છે. પ્રવૃત્તિમાં જ પ્રગતિ છે.

ઐતિહાસિક બાબતોમાં પણ તેઓશ્રી ઘણા ઊંડા ઊતર્યા છે. જગતની અનેક સંસ્કૃતિઓ અને દેશના ઇતિહાસનું તેમને જ્ઞાન હતું. વિજાપુરના સેંકડો વર્ષના ઇતિહાસનું બારીક સંશોધન કરી અનેક ખંડેરો અને શિલાલેખો અવલોકી તેમણે 'વિજાપુર વૃત્તાંત' નામનું ગુજરાતને ઘણું ઉપયોગી ઐતિહાસિક પુસ્તક પણ તૈયાર કર્યું છે.

જીવનચરિત્રો દ્વારા પણ તેઓશ્રીએ સાહિત્યસેવા અને લોકસેવા બજાવી છે. તેમના ગુરુશ્રી સુખસાગરજી અને ગુરુના ગુરુ શ્રી રવિસાગરજીનાં અદ્વિતીય ચરિત્રો રચીને તેમણે ઘણો ઉપકાર કર્યો છે. તેમનામાં ચરિત્રકારનાં ઘણા ગુણો હતા.

જૈન ધર્મમાં અનેક પ્રભાવિક પુરુષો થઇ ગયા છે અને અનેક મહાન્ કીર્તિવાન સત્કાર્યો થયાં છે, શ્રી બુદ્ધિસાગરજીની ભવ્ય મૂર્તિ એમના આત્મસ્વરૂપ જેવી ભવ્ય હતી. પૂજ્યશ્રી બુદ્ધિસાગરજી જેવા એક મહાન્ સદ્‌ગુરુના જીવનમાંથી એકાદ અંશ કે અંશનો અંશ મેળવી આપણે કૃતાર્થ થઇએ એવી મારી આપ સૌને વિનંતી છે. એ ભવ્ય મૂર્તિને મારી લાખો વંદના હજો !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સેવા વ્રત

## ( નંદિષેણની કથા )

ભવાનભાઈ પ્રાગજી સંઘવી

સંસારમાં સાચો પારસમણિ સેવા (વૈયાવચ્ચ) છે. સેવાથી માનવી જીવનપલટો કરી શકે છે. શ્રી નંદિષેણ જેવો નમાલો, બેડોળ અને દુઃખી માનવી એ સેવા વ્રત–વૈયાવચ્ચથી આત્માનું પરમ કલ્યાણ કેવી રીતે કરી ગયો એ ઉપર આ કથા છે.

" सेवाधर्मः परमगहनो, योगिनामप्यगम्यः "

સેવાધર્મનો અર્થ કેટલો વ્યાપક છે, જે યોગિઓને પણ અજાણ્યો એવો સેવાધર્મ પરમ ગહન છે.

નંદી ગામમાં સોમિલ નામના બ્રાહ્મણની ભાર્યા સોમીલાથી નંદિષેણનો જન્મ થયો હતો. તે કુરૂપ હતો અને તેના માતાપિતા બાળપણમાં જ મરણ પામ્યા હતા. સગાસંબંધીઓએ તેને કેટલોક સમય પાળ્યા પછી તે તેના મામાને ઘેર જઈ રહ્યો હતો. ત્યાં તે ચારો લાવવાનું તથા ગોવાળ (ગાય–ભેંસો ચારવાનું)નું કામ કરતો હતો. તેના વિનયગુણથી ખુશી થઈને તેના મામાએ પોતાની સાત પુત્રીઓમાંથી એક પુત્રી સાથે તેનું લગ્ન કરવાનું કહ્યું પણ તે સાતે કન્યાઓએ નંદિષેણ સાથે પાણિગ્રહણ કરવા કરતાં મૃત્યુ પામવું એ વધારે યોગ્ય ગણી પિતાને સાતે પુત્રીઓએ સંભળાવી દીધું કે ગામમાં કૂવા–હવાડાનો કાંઈ તોટો નથી, થોડા કૂવા–હવાડા અમારી લાશોને લઈને ગોઝારા બનશે તોયે લોકો કંઈ પાણી વિના તરસ્યા નહિં મરી જાય. અમે આવા બાહુક જેવા એ નંદિષેણને પરણીએ એ કરતાં મૃત્યુ અમને સોદરજજે મીઠું લાગે છે.

આવો વિચિત્ર જવાબ એ નંદિષેણને મળતાં તેને પોતાના જીવન પરથી બધો ઉમંગ ઊડી ગયો અને સંસાર ખારો–ઝેર લાગવા માંડયો. છેવટે વિચાર કરી રાત પડી એટલે તે મામાના ઘરનો ત્યાગ કરી છાનોમાનો ચાલી નીકળ્યો.

ઘોર જંગલમાં ઘોર અંધારી રાત્રીએ સર્વત્ર ભયંકરતા વિસ્તરી રહેલી જણાતી હતી. એ સમયે એક મુનિરાજ ધ્યાનાવસ્થામાં ત્યાં એક જગ્યાએ લીન થયેલા હતા, પાપના પુંજને ધોવા પવિત્ર પંચપરમેષ્ઠીની આરાધનામાં તેઓ મગ્ન હતા એટલામાં એમના કાને કોઈ માનવ પગલાનો ધીમો સંચાર જણાયો અને તેઓના મનમાં પ્રશ્ન ઉઠ્યો કે કોણ હશે? આવી કાળ રાત્રીએ, કોઈ ચોર હશે, કે પછી સમસ્ત સંસાર સૂવે ત્યારે જાગતો કોઈ સાધુ!

વધારે વખત વિચાર કર્યા વિના તેઓએ જે દિશામાંથી અવાજ આવતો હતો તે તરફ નજર કરી ત્યાં એક માણસ ગળે દોરડું બાંધી આપઘાત કરવાનો પ્રયત્ન કરતો જણાયો.

મુનિ તે માણસ તરફ દોડ્યા અને ત્યાં જઈને એમણે પેલા દોરડાના ગાળીયાને છોડી નાંખ્યો અને આપઘાત કરીને જીવનનો અંત લાવવા માગતા એ માણસને મુનિરાજે પૂછવા માંડયું: 'કેમ ભાઈ! જીવનનો અંત લાવવાનો આવો વિઘાતક પ્રયાસ કરવાની તને કેમ જરૂર પડી?'

'મહારાજ મને મરવા દો, મૃત્યુ વિના મારે માટે બીજો કોઈ રસ્તો નથી.'

'અરે ભલા માણસ! આ મનુષ્યભવ ફરી ફરીને મળતો નથી. મનુષ્ય અવતાર એ તો સર્વોત્તમ સૌભાગ્ય છે. એને આમ અકારણ વેડફી નાંખવું એ તો એક પ્રકારની કાયરતા છે.'

'પણ મહારાજ આપે મારી વિતક કથા સાંભળી નથી. જો સાંભળશો તો આપને પણ ખાતરી થશે કે મારા માટે મરણ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.' એમ કહી આપવીતી જણાવી.

મુનિએ સ્હેજ સ્મિત કર્યું. ભાઈ, હવે તને જીવનની સાચી દીક્ષા આપવી એ મારો ધર્મ છે. તારી વિતક કથા મેં સાંભળી.

'યાદ રાખવા જેવી તને એક વાત કહું છું કે દુઃખ અને સુખ એ તો આપણા મનથી કલ્પી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાઢેલી વસ્તુ છે. જીવન જ્યારે દિશાશૂન્ય બને છે ત્યારે આપણે અકળાઇ જઇએ છીએ અને ન કરવાનું કરી બેસીએ છીએ. પણ ભાઇ! એવું તો આ સંસારમાં ચાલ્યા જ કરે છે, એથી કાંઇ નાસીપાસ થવાની જરૂર નથી.

'ભવ્યાત્મા! તારે માટે તો મહાન્ વિકલ્પ છે. તારે જરાયે એથી આશ્ચર્ય પામવાનું નથી. તારો ભૂતકાળ તારે માટે ઇષ્ટાપત્તિરૂપ છે, તારા દુઃખનું કારણ તારા માટે મુક્તિનું અમોઘ સાધન છે.'

'મહારાજ! મને આપનું કહેવું સમજાયું નહિં'.

'સાંભળ, તને અનુભવ થયો કે બેડોળ, કદરૂપા, આજાર, રોગિષ્ટ માનવોને સમાજ તિરસ્કારે છે, અને એવાને હડધૂત કરે છે, એ વેળાયે એના અંતરમાં કેવો ગજબનો ઉલ્કાપાત મચે છે, અને એમને દિલમાં કેટલી અપાર વ્યથા થાય છે? તેમજ એઓના દિલમાં દુઃખનો કેવો દાવાનળ પ્રગટે છે?

'એવાની સેવા કરનાર માણુસ જ સાચો શ્રમણુ અવશ્ય બને છે તેમજ અંતે મુક્તિનો અધિકારી પણુ તે બને છે.'

'પણુ મહારાજ એટલેથી મુક્તિ કેમ મળે?'

'આપણે ધારીએ છીએ એટલું વૈયાવચ્ચનું વ્રત સ્હેલું નથી. આજારનાં મળમૂત્ર સાફ કરવાં, લોહી-પરુની બદબો સહન કરીને શરીર પરના ઝખમો ધોવાં અને તેને શુદ્ધ ઔષધી વાટી-પિસીને લગાડવી અને પાટાપિંડ કરવા છતાંયે એમના પ્રત્યે જરા પણુ ઘૃણા ઉપજવી જોઇએ નહિં-તિરસ્કાર થવો ન જોઇએ. એ કામ કાંઇ નાનુંસુનું નથી. એટલા માટે તો વૈયાવચ્ચ ગુણુને અપ્રતિપાતી કહ્યો છે.'

બસ એ જ ક્ષણે શ્રી નંદિષેણે દીક્ષા અંગીકાર કરી અને એણે તો શાસ્ત્રો અને યમ-નિયમોના અભ્યાસ કરતાંયે, વૈયાવચ્ચ-માંદાઓની માવજત-સુશ્રૂષાને મહત્વનું ધર્મકાર્ય ગણ્યું. પછી એણે એવું વ્રત અંગીકાર કર્યું કે જીવનમાં મારે વધુમાં વધુ (જેટલા વધુની બને તેટલી) માંદા સાધુઓની સેવા કરવી. છેવટે દરરોજ એક મુનિની વૈયાવચ્ચ તો મારે અવશ્ય કરવી જ અને વૈયાવચ્ચ વિનાના દિવસે મારે અનાજનો કણુ સરખોએ મોંમાં મૂકવો નહિં. પછી તો લોકોનેય નંદિષેણુના આ સેવા વ્રતની ખબર પડી જેથી કોઇ દુઃખી રોગીષ્ટ સાધુ યા તો માનવી જે લોકની નજરે ચડે તે તેને કહે કે પેલા નંદિષેણુ પાસે જાવ, એ તમારી સેવા સારી રીતે કરશે.

કોઇ પણુ રોગીષ્ટ-દર્દથી પીડાતા માનવી (સાધુ અથવા સંસારી) નંદિષેણ પાસે આવે તો તેઓ આવનારનું વિનયપૂર્વક સ્વાગત (યથાશક્તિ) કરતા અને તેની સેવા-સુશ્રૂષા કરીને તેઓને શાન્તિ પમાડતા અને પોતાની જાતને કૃતાર્થ માનતા.

એક દહાડો ઉનાળાનો ધોમ ધખ્યો હતો. ચારે બાજુ કાળી લૂ વરસી રહી હતી. ધરતી સૂરજના પ્રચંડ તાપથી ધખી રહી હતી અને પશુ-પક્ષીઓ ઝાડને છાંયે વિસામો લઈ રહ્યા હતા અને શ્રમજીવીઓ જરા પોતાના ઝૂંપડાંમાં એ ખરા મધ્યાહ્નટાણે પોતાની કાયાને આરામ આપવા જમીન ઉપર જરા આડે પડખે પડ્યા હતા. એવે સમયે શ્રી નંદિષેણુ ગામમાંથી ગોચરી લઇને ઉપાશ્રયે આવ્યા. શરીર તો પસીનાથી રેબઝેબ થઇ રહ્યું છે. સ્હેજ પવનની લહરી આવવા લાગી જેથી જરા વિશ્રાંતિ લઇને (છઠ્ઠનું પારણું કરવા) સૂઝતો આહાર લાવેલા તે પાત્રામાં ખોલીને બેઠા અને એ આહારમાંથી પ્રથમ કોલિયો લઇને જ્યાં મોઢામાં મૂકવા જાય છે ત્યાં એક માણુસ સામે આવીને ઊભો રહ્યો અને તેણે રોષયુક્ત અવાજે કહ્યું.

'અરે ક્યાં મરી ગયો પેલો સાધુ! સેવાનો ઇજારો લઇ બેઠેલો તે નંદિષેણુ. વાતો તો બહુ મોટી મોટી કરે છે પણુ "ગજ ભરીને તસુએ વેતરતો નથી" કરવાનું છે એ તો કરતો નથી. પેલા માંદા દુઃખી અશરણુ સાધુ બિચારા કેટલા વખતથી હેરાન થાય છે, તેની તો કશીયે ખબર લેતો નથી! ક્યાં મરી ગયો છે એ દંભી?'

આવું સાંભળી તુરત જ શાન્તિથી એ કોળિયો પાત્રમાં પાછો મૂકીને એ આવનાર વ્યક્તિ સામે નમ્રભાવે હાથ જોડીને તે ઊભા રહ્યા અને કહે છે, મહાનુભાવ, હું એ જ નંદિષેણુ, હું હિણુભાગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપની ક્ષમા માગું છું. મારું દુર્ભાગ્ય કે કોણ માંદું છે અને આટલું તે દુ:ખી થઇ રહ્યું છે તે હું જાણી ન શકયો. ક્ષમા કરો. હું જ દોષિત છું, પણ કૃપા કરી કહો કે કોણ માંદું છે. હું જલદી તેઓની પાસે આવું અને ભૂલની ક્ષમા માગી યથાશક્તિ સેવા કરું.'

'અરે ભલા આદમી આવી તે બેદરકારી ચાલે? ગામ બહાર એક વૃદ્ધ સાધુ અતિસારની વેદના ભોગવી રહ્યા છે, અને તેને શરીરે રક્તપિતનો વ્યાધિ છે તેથી આવા ગરમીના દિવસોમાં એઓનો જીવ બહુ જ ગભરાય છે, અને ઘણી જ અશાતા અનુભવી રહ્યા છે તેની હજુ સુધી તને લેશ પણ ખબર પણ નથી, ચાલ હવે જલદી કર.'

'નંદિષેણુ પેલા માણસની સાથે ચાલવા લાગ્યો તેઓ બે ડગલાં જ ચાલ્યા હશે એટલામાં તો પેલી વ્યક્તિએ નંદિષેણુને કહ્યું; 'તું ખરેખર અક્કલ વિનાનો લાગે છે.'

'કેમ?'

'સાધુ મહારાજને અતિસાર થાય છે એટલે. ઉપરાઉપરી ઝાડા થવા જ કરે છે એ કારણે એનું શરીર બધું વિષ્ટાથી ખરડાઇ ગયેલું છે તે સાફ કરવા પાણી જોઇએ, તો તેં પ્રાસુક પાણીનો કાંઇ પ્રબંધ કર્યો નથી. અને થોડુંઘણું સાથે લેવું જોઇએ તે પણ તેં લીધું નથી, તો તું તેને શેનાથી સાફ કરીશ!'

'ઓહ! એ વાત તો હું સાવ ભૂલી જ ગયો. ખેર જે ભૂલ થવાની મારે નસીબે લખી હોય તે કેમ મટે? હવે એવી ભૂલ નહિં કરું. આપ જાવ. મહારાજ એકલા હશે, હું હમણાં જ જઇને પાણી લઇ આવું છું. નંદિષેણુ એવા બળતે બપોરે ભૂખ્યો ને તરસ્યો ગામમાં પાણી લેવા માટે ચારે બાજુ ફરી વળ્યો છે પણ બબ્બે કલાક રઝળવા છતાં (પગે તો ફોલ્લા પડી ગયા) પણ તેને પ્રાસુક પાણીનો જોગ ન થયો. પોતે તે સેવાના કામમાં થતાં વિલંબ માટે વિહ્વળ બની ગયા, દિલમાં તો બસ એક જ ભાવના હતી કે મને જો જલદી પાણી મળી જાય તો જલદી એ દર્દથી દુ:ખી થતા મુનિરાજની સેવામાં હાજર થઇ જાઉં. આ તો છેલ્લી જ કસોટી જાણે ન થઇ રહી હોય એ રીતે ખૂબ ખૂબ રઝળ્યા, હેરાન-પરેશાન થઇ ગયા બે ઉપવાસનું પારણું કરવા બેઠા હતા ત્યાં આ ફરજ આવી પડી. ત્રણ ત્રણ ઉપવાસી, કાળી લાય ઝરતો વૈશાખ મહિનાના બળતા બપોરનો તાપ વિગેરે અસહ્ય દુ:ખનો સામનો કરતો એ પવિત્ર આત્મા તો ભાવાવેશમાં ચડી ગયો અને એક શ્રાવકના ઘેરથી પ્રાસુક જળના બે ઘડા ભરી બે હાથમાં લઇને એ તો જલદી દોડ્યા અને એ પાણી લઇને સાધુ પાસે આવી પહોંચ્યા.

"પેલી બોલાવવા આવેલ વ્યકિત ત્યાં નહોતી પેલા સાધુ તો ક્રોધથી ધમધમી રહ્યા હતા. નંદિષેણુ તેઓની પાસે આવતાં જ તે તાડૂકીને બોલી ઉઠયા. 'કોણુ નંદિષેણુ તું જ.'

'જી, હા મહારાજ, હું જ એ આપનો ચરણુ-કિંકર નંદિષેણુ.'

'દુષ્ટ! તેં સેવાને નામે ઠીક ઢોંગ મચાવ્યો છે, બડો બગ ભગત લાગે છે. તું તો સેવાને નામે દુનિયાને બનાવા નિકળ્યો લાગે છે; તારા ધતિંગ બધાં મેં આજે જોઇ લીધા.'

'ક્ષમાશ્રમણ! મહારાજ ક્ષમા કરો. મને પાણી લઇને આવતાં વિલંબ થઇ ગયો મહારાજ! હું કમનસીબ એટલો કે મને જલદી પ્રાસુક પાણી ન મળ્યું'

'એવી વાહિયાત વાતો કરીને મને બનાવ નહિં. આઠ-આઠ કલાકથી હું અહિં હેરાન થાઉં છું. તને ખબર હોવા છતાં પણ આવ્યો નહિં અને હવે તને બોલાવતાં તું અહીં આવ્યો ત્યારે ખોટાં બહાના કાઢે છે? હવે તો મારો જીવ જાય છે. શું કહું તને' તને કયાં મારી જેવા દુ:ખી આત્માની કાંઇ પડી છે? લે હવે જલદી કર. મારું શરીર તથા આ લોહી પરુ સાફ કર મને બહુ જ વેદના થાય છે.'

'કૃપાળુ' હું હવે ઘડીનો પણ વિલંબ કર્યા વિના આપના શરીર તથા આત્માની શાન્તિ માટે મારાથી જે બનશે તે કરીશ.'

'શું? મારાથી બનશે તે એટલે તું શું કહેવા માગે છે? શું મારું દુ:ખ નિવારવા તું અશક્ત છો, તને મારું શરીર જોઇને ઘૃણા ઉપજે છે?'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'નહિં મહારાજ ! મને તો આપની સેવાનો અણમોલ લાભ મળ્યો એમાં મારું સદ્‌ભાગ્ય સમજું છું.'

'ઠીક લે ત્યારે હવે ઢીલ ના કર. તું તો વાતો કરે છે અને મારો તો જીવ જાય છે.' નંદિષેણે સાધુનું શરીર ઝાડા-પેશાબથી ખરડાયેલું દુર્ગંધ મારતું આનંદપૂર્વક સાફ કર્યું તેમજ શરીર ઉપરના વ્રણો કે જેમાંથી લોહી-પરુ વહી રહ્યા હતા તે જયણાપૂર્વક વિવેક જાળવીને સાફ કર્યા અને તે ઉપર પોતાનું પહેરેલું કપડું હતું તેમાંથી ફાડીને પાટાપિંડ કર્યા. પછી નંદિષેણે મુનિમહારાજને કહ્યું, ગુરુજી ! મારી એક નમ્ર અરજ છે.'

'શી ?'

'કૃપા કરી આપ મારી સાથે ઉપાશ્રયમાં પધારો. ત્યાં હું આપની દરેક પ્રકારની સેવા-સુશ્રૂષા કરીશ અને જેમ શાતા રહેશે તેમ રાખીશ.'

'તું તો કોઇ ગમાર જેવો લાગે છે. જોતો નથી કે હું એક ડગલું પણ ચાલી શકું એમ નથી.' એમ કહીને એ સાધુ તો સુઇ ગયા અને બૂમો પાડવા લાગ્યા: 'ઓ ભગવાન ? મને આ દુઃખમાંથી મુક્ત કરો, મને આ લુચ્ચો દંભી, પાપી હજુ પણ દુઃખ આપવા માંગે છે.'

'મહારાજ ! મારાથી કાંઇ પણ સામાન્ય અથવા વિશેષ પ્રકારે ભૂલ થઇ હોય તો તે માટે હું મિચ્છામિ દુક્કડં માગું છું. આપની વૈયાવચ્ચ હજુ સુધી હું નિર્ભાગી કાંઇ કરી શકયો નથી. એ બાબતનું આપને દુઃખ થાય તે સ્વાભાવિક જ છે પણ મહારાજ ! મારી વિનંતી છે કે-આપ મારી પીઠ ઉપર બેસો. હું આપને જરા ય તકલીફ નહિં પડે એ રીતે ઉપાશ્રયે લઇ જઇશ.'

'હં, તો તો મને વાંધો નથી. ધીમેથી ઉપાડજે હો ?' નંદિષેણે મુનિને આસ્તેથી પોતાની પીઠ ઉપર ઉંચકી લીધા. અને તે ઉપાશ્રય તરફ જવા માટે ચાલ્યો. તેના મનમાં તો આજે આનંદનો અર્ણવ ઉછળી રહ્યો છે. આવો સેવાનો લ્હાવ એ પોતાના જીવનનું સાફલ્ય માનતો. તે ચાલ્યો જાય છે ત્યાં રસ્તામાં એક નાનો ખાડો આવ્યો તેમાં તેનો પગ સ્હેજ લચક્યો જેથી પીઠ ઉપર બેઠેલા એ સાધુના શરીરને સ્હેજ આંચકો લાગ્યો.

'અરે દુષ્ટ, જરા સંભાળીને ચાલ. તું શું મારી સેવા કરવાને માટે મને લઈ જાય છે કે મને રસ્તામાં જ મારી નાંખવો છે ? આવી રીતે તે સેવા થતી હશે ? મને તો આમાં તારો કોઇ દુષ્ટ હેતુ લાગે છે.'

'મહારાજ, ક્ષમા કરો. હવે એમ નહિં બને સ્હેજ ખાડામાં પગ મુકાઇ ગયો તેથી આપને દુઃખી થવું પડ્યું છે. પ્રભુ ! મારી ભૂલને માટે મને ક્ષમા કરો.' આમ નંદિષેણ કહે છે ત્યાં તો પીઠ ઉપર બેઠેલા મુનિએ ઝાડો કર્યો એ વિષ્ટાથી નંદિષેણનું આખું શરીર ખરડાઇ ગયું. એવી ભયંકર દુર્ગંધ (માથું ફાડી નાખે એવી) પ્રસરી રહી પણ નંદિષેણે એ પ્રત્યે જરાયે લક્ષ ન આપતાં એ મુનિમહારાજ પ્રત્યે દિલમાં વધુ ભાવના પ્રગટી અને તેના એ દર્દ માટે દિલમાં દુઃખી થતો ચાલ્યો જાય છે.

પણ એટલામાં તો એક ચમત્કાર થયો જણાયો. નંદિષેણને પોતાની પીઠ ઉપરનો ભાર એકદમ હલકો થઇ ગયો જણાયો જેથી તેણે પોતાની પીઠ પર હાથ ફેરવ્યો તો મુનિરાજ અલોપ થઇ ગયા હતા. અરે ! આ શું ? આવો પ્રશ્ન તેના દિલમાંથી ઊભો થયો ત્યાં તો તેની સામે જ એ સાધુ દેવસ્વરૂપે પ્રગટ થયા અને બે હાથ જોડીને નંદિષેણને નમન કરતા કહે છે : ધન્ય છે નંદિષેણ ? તારી સેવાવૃત્તિ અને તારું તપ કે જે હજારો વર્ષોના અનશન કરતાં પણ અધિક છે. 'માગ, તું માગે તે આપું.'

'નંદિષેણ કહે છે મહારાજ, મારું શેષ રહેલું આયુષ્ય હું મારા એ વૈયાવચ્ચના કાર્યમાં જ નિર્વિઘ્ને પૂરું કરું અને આગામી ભવે હું "સ્ત્રીવલ્લભ" થાઉં.

દેવ તથાસ્તુ કહીને અંતર્ધાન થઇ ગયા.

નંદિષેણે ૧૨૦૦૦ વર્ષ તપશ્ચર્યા કરીને કાળધર્મ પામી મહાશુક્ર દેવલોકમાં દેવ થઇ, વાસુદેવ થયા. તે ભવમાં તેને બોંતેર હજાર સ્ત્રીઓ થઇ.

શ્રી નંદિષેણે આત્મશક્તિરૂપ આત્મશ્રદ્ધાથી સેવાવ્રત-વૈયાવચ્ચનો માર્ગ ગ્રહણ કરી અનિર્વચનીય સુખ પ્રાપ્ત કર્યું એવી યથાશક્તિ સેવાવૃત્તિ સૌના દિલમાં જાગે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

( પુસ્તક ત્રેપનમું )

( સં. ૨૦૧૧ ના શ્રાવણ માસથી સં. ૨૦૧૨ ના અશાડ માસ સુધીની )

## વાર્ષિક વિષયાનુક્રમણિકા.

### ૧. પદ્ય વિભાગ.


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી પર્યુષણ પર્વ | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧ |
| ૨ | સ્વ૦ શ્રી વલ્લભદાસ ગાંધીને અંજલિ | ( અમરચંદ માવજી શાહ ) | ૨૦ |
| ૩ | વલ્લભવિરહ કાવ્ય | ( કવિ દુર્લભજી ગુલાબચંદ મહેતા ) | ૨૪ |
| ૪ | નિજાત્માનું સામર્થ્ય | ( પાદરાકર ) | ૨૫ |
| ૫ | શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન | ( અમરચંદ માવજી શાહ ) | ૩૭ |
| ૬ | યોગી અને યોગ | ( પાદરાકર ) | ૪૯ |
| ૭ | શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ સ્તવન | ( શ્રી રજનીકાંત બાલચંદ ) | ૫૦, ૬૪ |
| ૮ | લઘુતાનું ભાન | ( પાદરાકર ) | ૬૫ |
| ૯ | જાગો જોગી | ( પાદરાકર ) | ૮૧ |
| ૧૦ | સંતોની રાત્રિ | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૮૨ |
| ૧૧ | સમકિત સ્વરૂપની યાચના | ( પાદરાકર ) | ૯૭ |
| ૧૨ | અંતરાત્મ હોરીખેલન | ( પાદરાકર ) | ૧૧૩ |
| ૧૩ | જન્મદિનની શુભેચ્છા | ( અમરચંદ માવજી શાહ ) | ૧૧૬ |
| ૧૪ | નિજાત્મ હંસલને | ( પાદરાકર ) | ૧૨૯ |
| ૧૫ | શ્રી વિમલ જિન સ્તવન | ( પાદરાકર ) | ૧૬૧ |
| ૧૬ | કાગળનાં ફૂલ | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૧૭૬ |


### ૨. ગદ્ય વિભાગ.


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષમાં પ્રવેશ પ્રસંગે | ( શ્રી હરિલાલ દેવચંદ શેઠ ) | ૨ |
| ૨ | આત્મમસ્ત શ્રી આનંદઘનજીની અમર સંતવાણી | ( પ્રો. જયંતિલાલ ભાઇશંકર ) | ૧૩ |
| ૩ | સ્નેહી શ્રી વલ્લભદાસભાઇ | ( શ્રી ફતેચંદ ઝવેરભાઇ ) | ૧૭ |
| ૪ | સાહિત્યોપાસક શ્રી વલ્લભદાસભાઇ | ( શ્રી હરિલાલ દેવચંદ શેઠ ) | ૨૧ |
| ૫ | શ્રી વલ્લભદાસભાઇ અને ગુરુકુલનું ઘડતર | ( શ્રી ફૂલચંદ હરિચંદ દોશી ) | ૨૫ |
| ૬ | 'શ્રેયાંસ' વિષે વિચારણા | ( શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા ) | ૩૪ |
| ૭ | અનાથી મુનિ ! | ( બાપુલાલ કાળિદાસ સંઘાણી ) | ૩૮ |
| ૮ | આધુનિક યુગમાં અહિંસાનું તાત્પર્ય | ( શ્રી જમનાદાસ ગો. શાહ ) | ૪૧ |
| ૯ | અભેદ પ્રેમ | ( અમરચંદ માવજી શાહ ) | ૪૪ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧૦ | સત્ય સુખનો ઉપાય | ( મુનિશ્રી મહાપ્રભવિજયજી ) | ૪૭ |
| ૧૧ | જૈન શાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન | ( આ. શ્રી વિજયજંબૂસૂરિજી મહારાજ ) | ૫૧ |
| ૧૨ | દીપોત્સવીનું પર્વ | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૫૪ |
| ૧૩ | કૌશામ્બીની રાણી મૃગાવતી | ( શ્રી મોહનલાલ દી. ચોકસી ) | ૫૬, ૮૫, ૧૧૯ |
| ૧૪ | શાન્તિ | ( અમરચંદ માવજી શાહ ) | ૫૯ |
| ૧૫ | તીર્થંકરોનાં લાંછન | ( શ્રી હીરાલાલ ર. કાપડિયા ) | ૬૭ |
| ૧૬ | સમ્યક્ ચરિત્ર એટલે સ્વરૂપરમણતા | ( શ્રી વલ્લભદાસ નેણશીભાઈ ) | ૭૨ |
| ૧૭ | પ્રાચીન ફાગુ સંગ્રહ ( સમાલોચના ) | ( શિ. ગુ. જેસલપુરા ) | ૭૫ |
| ૧૮ | જે વીતરાગ છે તેમના નામસ્મરણથી લાભ કેમ સંભવે ? | ( હરિલાલ ડી. શાહ ) | ૭૭ |
| ૧૯ | નંદિષેણ મુનિ | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૮૩ |
| ૨૦ | સમતા | ( અમરચંદ માવજી શાહ ) | ૮૮ |
| ૨૧ | પાલ્હનપુર અને પલ્હવિહાર કયારે અને કોણે સ્થાપ્યા ? | ( વૈદ્ય વિશ્વબંધુ ) | ૯૧, ૧૦૫ |
| ૨૨ | શ્રી નવપદજીનું પ્રાચીન ચૈત્યવંદન-સાર્થ | ( પં. શ્રી રામવિજયજી ગણિ ) | ૯૪ |
| ૨૩ | આનંદપ્રાપ્તિનાં માર્ગો | ( અનુ૦ શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૯૫, ૧૧૦ |
| ૨૪ | 'મેચક' તે શું ? | ( શ્રી હીરાલાલ ર. કાપડિયા ) | ૯૮ |
| ૨૫ | ...તો જૈન સંસ્કૃતિનો સુંદર પ્રચાર થાય | ( હરિલાલ દેવચંદ શેઠ ) | ૧૦૦ |
| ૨૬ | વિશ્વાસ રાખો | ( અમરચંદ માવજી શાહ ) | ૧૦૭ |
| ૨૭ | જૈન મુનિવરો અને અજૈન ચિત્ર-કવિઓ | ( શ્રી હીરાલાલ ર. કાપડિયા ) | ૧૧૪ |
| ૨૮ | નમિરાજર્ષિ | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી ) | ૧૧૭ |
| ૨૯ | જીવન અને આનંદ | ( શ્રી બચુભાઈ વાડીલાલ શાહ ) | ૧૨૩ |
| ૩૦ | જીવન-સૌન્દર્ય | ( અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૧૨૪, ૧૭૪ |
| ૩૧ | દૂતિપલાસ ચૈત્યનો એક પ્રસંગ | ( શ્રી મોહનલાલ દી. ચોકસી ) | ૧૩૦ |
| ૩૨ | જીવનની દીવાદાંડી | ( શ્રી પ્રાણજીવનદાસ હરગોવીંદદાસ ગાંધી ) | ૧૩૩ |
| ૩૩ | ભગવાન મહાવીરનો દીક્ષા મહોત્સવ | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૧૩૬ |
| ૩૪ | અંધ હસ્તિ-ન્યાયનું જૈન-બૌદ્ધદૃષ્ટિએ નિરૂપણ | ( જયંતિલાલ ભાઈશંકર દવે ) | ૧૪૦ |
| ૩૫ | શ્રી વીરની સાથે થોડી કડવી-મીઠી | ( ન. અ. કપાસી ) | ૧૪૨ |
| ૩૬ | જગતવત્સલ ભગવાન મહાવીર | ( શ્રી ફુલચંદ હરિચંદ "મહુવાકર" ) | ૧૪૫ |
| ૩૭ | 'નયચક્ર' ની નવી હસ્તપ્રત : શ્રુતભક્તિનો અપૂર્વ નમૂનો | ( રતિલાલ દીપચંદ દેસાઈ ) | ૧૪૭ |
| ૩૮ | સમાનતાવાદ | ( મુનિ દર્શનવિજય ) | ૧૫૧ |
| ૩૯ | "નિંદા કરનાર" નું પણ સન્માન કરો | ( ભવાનભાઈ પ્રાગજી સંઘવી ) | ૧૫૪ |
| ૪૦ | કામવાસનાનો દારુણ અંજામ | ( મુનિશ્રી મહાપ્રભવિજયજી ) | ૧૬૨ |
| ૪૧ | નવનિધાન નવ સ્તવનો | ( શ્રી હીરાલાલ ર. કાપડીયા ) | ૧૬૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૨ સમાજ સ્વપ્નની આગાહી | ( શ્રી પ્રાણજીવન હ. ગાંધી ) | ૧૬૭ |
| ૪૩ જીવન | ( અમરચંદ માવજી શાહ ) | ૧૭૧ |
| ૪૪ ધર્મવીર કુમારપાળ | ( કાંતિલાલ જ. દોશી ) | ૧૭૭ |
| ૪૫ સેવાવ્રત | ( ભવાનભાઇ પ્રાગજી સંઘવી ) | ૧૯૦ |

૩ પ્રકીર્ણ

| | |
|---|---|
| ૧ વલ્લભદાસભાઇ સેવા–સન્માન ફંડ | ૨૬ |
| ૨ સંસ્થાઓનો શોક–સૂર | ૨૮ |
| ૩ અખબારોની અંજલિ | ૩૦ |
| ૪ શુભેચ્છકોની સહૃદયતા | ૩૨ |
| ૫ વર્તમાન સમાચાર | ૬૨, માગશર ટા. પે. ૨, ૯૬, મહા ટા. પે. ૩ ફાગણ ટા. પે. ૩ |
| ૬ સ્વીકાર–સમાલોચના | ૬૨, માગશર ટા. પે. ૩, પોષ ટા. પે. ૩, ૧૨૬, ૧૬૦, ૧૯૨ |
| ૭ આનંદજનક સમાચાર | ફાગણ |
| ૮ જ્ઞાની અને અજ્ઞાની | પોષ ટા. પે. ૪ |
| ૯ નિર્ભય બનો, ઊઠો અને મુક્ત થાઓ | ફાગણ ટા. પે. ૪ |
| ૧૦ લઘુ અને ગુરુ | ચૈત્ર–વૈશાખ ટા. પે. ૪ |
| ૧૧ ઉદ્દાત સંસ્કાર પ્રેમી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી | ૧૮૭ |
| ૧૨ ઉંમરને ભૂલી જાવ | જ્યેષ્ઠ–અષાડ ટા. પે. ૪ |


# પુસ્તકોની પહોંચ

**૧ વંદન પ્રતિક્રમણ અવચૂરિ** ( પ્રતાકાર ) પૃષ્ઠ ૬૦ આશરે, મૂલ્ય રૂા. દોઢ ર. **શ્રી દશ૦ વૈકાલિક સૂત્ર,** ( વૃત્તિ સહિત, પ્રતાકાર ) પૃષ્ઠ ૨૫૦ આશરે, મૂલ્ય રૂા. ત્રણ. **૩. અલ્પપરિચિત સૈદ્ધાન્તિક શબ્દકોષ** ( પ્રથમવિભાગ, સ્વરમાત્ર ) ( પુસ્તકાકાર ) પૃષ્ઠ ૨૫૦ આશરે, મૂલ્ય રૂપિયા છ.

ઉપરના ત્રણે પુસ્તકો શેઠ દેવચંદ લાલભાઇ જૈનપુસ્તકોદ્ધાર ફંડમાંથી પ્રગટ થયા છે અને તેમના ટ્રસ્ટી મંડળ તરફથી સભાને ભેટ તરીકે મળ્યા છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

**૪ શ્રી અમૃત ગહુંલી સંગ્રહ,** આશરે પૃષ્ઠ ૧૦૦, મૂલ્ય બાર આના, સંપા. મુનિરાજશ્રી જિનેંદ્રવિજયજી. ૫. શ્રી **લેખામૃત સંગ્રહ** ભાગ પાંચમો, આશરે પૃષ્ઠ ૧૨૦, મૂલ્ય બાર આના. ૬ **શ્રી લેખામૃત સંગ્રહ** ભાગ છઠ્ઠો, આશરે પૃષ્ઠ ૧૫૦, મૂલ્ય બાર આના.

ઉપરના ત્રણે પુસ્તકો શ્રી હર્ષામૃત જૈન ગ્રંથમાળા–લાખાબાવળ ( સૌરાષ્ટ્ર ) તરફથી ભેટ મળ્યા છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

**૭ નિર્ગ્રંથ શ્રમણ ભગવાન મહાવીર**–લેખક જયભિખ્ખુ. પ્રકાશક–શ્રી ગૂર્જરગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૩૦૦, મૂલ્ય ચાર રૂપિયા.

ઉપરના બધા પુસ્તકોનો "રિવ્યુ" કાર્તિક માસના અંકમાં વિસ્તારથી લેવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખેદકારક સ્વર્ગવાસ.

## ૧. મુનિરાજશ્રી વિશુદ્ધવિજયજી મહારાજ.

મુનિરાજશ્રી વિશુદ્ધવિજયજી મહારાજનું સંસારી અવસ્થાનું નામ ખજાનચીલાલ હતું. તેમનો જન્મ વિ. સં. ૧૯૪૯ ના પોષ શુદિ ૧૧ના રોજ પંજાબ-જંડીયાલાગુરુમાં થયો હતો. જાતે ઓશવાલ હતા. જન્મથી જ તેમનામાં સેવા-ભાવના અને વૈયાવચ્ચનો સારો ગુણ હતો. સ્વ. આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો તેમને પરિચય થતાં તેમની ધર્મશ્રદ્ધા વૃદ્ધિ પામી હતી. વિશેષ અભ્યાસ કરતાં તેઓ વૈરાગ્યવાસિત બન્યા હતા અને સં. ૧૯૮૩ ના જેઠ વદિ ૩ ના રોજ પરમપાવની ભાગવતી દીક્ષા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી પાસે સ્વીકારી તેમના શિષ્ય બન્યા હતા.

સાધુ-અવસ્થામાં સંયમનું સારી રીતે પાલન કર્યું હતું. વિહાર કરતાં કરતાં તેઓશ્રી જામનગર પધાર્યા હતા, જ્યાં કઇંક તેમની તબીયત અસ્વસ્થ બની હતી. સં. ૨૦૧૨ ના જેઠ વદ ૧૦ ના રોજ સવારના તેઓશ્રી જામનગર-દેવબાગખાતે સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા. તેમની શ્મશાનયાત્રામાં જામનગરના સર્વ ગચ્છો, સંપ્રદાયો તેમજ જૈનેતર સમૂહે ભાગ લઇ સ્વર્ગસ્થને ભાવાંજલિ અર્પી હતી.

સ્વર્ગસ્થ સ્વભાવે મિલનસાર અને ક્રિયાનુષ્ઠાનમાં રક્ત રહેતા હતા. અમો સ્વર્ગસ્થના આત્માની પૂર્ણ શાન્તિ ઇચ્છીએ છીએ.

## ૨. શ્રી કેશવજી નેમચંદ શેઠ-કલકત્તા

માંગરોળનિવાસી શેઠશ્રી કેશવજી નેમચંદ ૭૮ વર્ષની વયે સં. ૨૦૧૨ ના જેઠ શુદિ ૧૦ ને સોમવારના રોજ કલકત્તાખાતે, પોતાના નિવાસસ્થાને સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા છે. માંગરોળથી વર્ષો પૂર્વે તેઓ કલકત્તા ગયા હતા અને આપબળે આગળ વધી સારી સંપત્તિ પ્રાપ્ત કરી હતી. તેઓ કલકત્તાના ગુજરાતી શ્વેતાંબર તપગચ્છ જૈન સંઘના કેટલાય વર્ષોથી પ્રમુખ હતા અને ૯૬ કેનીંગમાં સ્ટ્રીટમાં નવા બંધાયેલ શિખરબંધ ભવ્ય જિનાલય વીરવિક્રમપ્રાસાદ તેમજ નવીન ઉપાશ્રય તેમની જહેમત અને પ્રયાસને આભારી છે.

સ્વર્ગસ્થની શ્મશાનયાત્રામાં કલકત્તાના વિશાળ જનસમૂહે ભાગ લીધો હતો. સદ્ગત સ્વભાવે મિલનસાર અને નિરભિમાની હતા. દેવ-ગુરુભક્તિના રસીયા હતા અને લક્ષ્મીનો સદુપયોગ કરતા હતા. તેઓ ઘણાં વર્ષોથી આપણી સભાના લાઇફ મેમ્બર હતા અને સભાના ઉત્કર્ષના કાર્યમાં ભાગ લઇ સલાહ-સૂચના આપતા. તેમના સ્વર્ગસ્થ થવાથી સભાને એક લાયક સભાસદની ખામી પડી છે. અમો સ્વર્ગસ્થના બહોળા કુટુંબ પ્રત્યે દિલસોજી દર્શાવી સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

## ૩. વકીલ વૃજલાલ બકોરદાસ-ભાવનગર.

ભાવનગરખાતે વૈશાખ શુદી ૬ ના રોજ ૫૬ વર્ષની ઉમરે વકીલ વૃજલાલભાઇનું અવસાન થયું છે. તેઓ બાહોશ વકીલ હતા. આપણી સભાના વર્ષોથી લાઇફ મેમ્બર હતા અને સભાના કાર્યમાં રસ લેતા હતા. તેમના અવસાનથી સભાને લાયક સભાસદની ખોટ પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના આપ્તજનો પર આવી પડેલ આપત્તિ પરત્વે હમદર્દી દર્શાવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

# ઉંમરને ભૂલી જાવ

શ્રેયઃસાધક

કેટલાક લોકો પોતાને કેટલાં વરસ થયાં છે એની યાદી રાખ્યા કરે છે. આવી યાદીથી લોકો પોતાને નુકસાન કરી રહ્યા છે તેનું ભાન તેને હોતું નથી. જેમ જેમ ઉમર વધતી જાય છે તેમ તેમ કાર્ય કરવાનો ઉત્સાહ ઓછો થાય છે.

મન પર અસર રહે છે કે હું હવે ઉંમરલાયક થયો છું એટલે મારાથી વધુ પરિશ્રમ થઇ શકે નહિ. કોઈ નવું સાહસ કરવાની ઇચ્છા થાય નહિ. આવા આવા બીજા કેટલાક ગેરલાભો થાય છે અને પ્રગતિને રૂંધી નાખે છે.

જે માણસમાં ગમે ત્યારે કાર્ય કરવાનો ઉત્સાહ છે, આખો દિવસ પ્રવૃત્તિમય રહે છે, નવું નવું વિચારવાની કલ્પનાશક્તિ છે તે હંમેશાં પોતાની ઉંમરને નજર સામે આવવા દેતો નથી. ઉંમર યાદ રાખવી એટલે વૃદ્ધાવસ્થાને નોતરવી.

વિશ્વવિખ્યાત નિસર્ગોપચારક સ્વ૦ શ્રી બર્નાર મેકફેડન જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી પોતાની જાતને જુવાન સમજતા હતા. તેઓ યુવાન કરતા વધારે શક્તિશાળી, મહત્ત્વાકાંક્ષી અને પુરુષાર્થી હતા. એઓ ૮૭ વર્ષની ઉંમરે અવસાન પામ્યા. પૂજ્ય મહાત્મા ગાંધીજી જીવનની આખર ઘડી સુધી જુવાન જેટલું કાર્ય કરતા હતા. તેઓ પોતાને યુવાન સમજતા હતા.

પંડિત જવાહર નેહરૂ પોતાની જાતને હંમેશાં યુવાન ગણે છે. એમની કાર્ય કરવાની શક્તિ અદ્ભુત છે. આટલી ઉંમરે પણ કાર્ય કરતા થાકતા નથી. એમનો ઉત્સાહ અને સ્ફુર્તિ આજના યુવાનો કરતા અનેકગણા વધારે છે.

શ્રમ કરવામાં કદી પાછા પડશો નહિ. ખેલ-કૂદમાં ભાગ લેવાનું ચૂકશો નહિ. ગંભીરતાને સ્પર્શતા નહિ. હમેશાં હાસ્ય સાથે દોસ્તી રાખો. ભૂતકાળની વાતોને યાદ કરશો નહિ. આજની વાતો કરવાની ટેવ રાખો. મુખ પર કંટાળો જણાવા દેશો નહીં. નિરાશાને તમારી પાસે આવવાની કોઇ તક આપશો નહિ. નિયમિત કોઇ પણ વ્યાયામ કરીને શરીરને અને મનને તાજગીભર્યું બનાવજો. નિત્ય નવું શીખવાનું અને વિચારવાનું રાખો, જેથી તમે તમારી ઉંમરને ભૂલી જશો. જે દિવસે તમે તમારી ઉંમરને નજર સામે રાખશો તે દિવસથી તમારો કાર્ય કરવાનો ઉત્સાહ મંદ થશે. ઘડપણ તમારી સામે ડોકિયા કરતું આવી ઊભું રહેશે. મહત્ત્વાકાંક્ષી બનો. પહેરવેશ સ્વચ્છ અને આકર્ષક હોવો જોઇએ. વાણીમાં, વર્તનમાં કે બીજી કોઇ પણ પ્રવૃત્તિમાં નિરુત્સાહ દેખાવા દેશો નહિ. ક્યાંયે નબળાઇ પ્રવેશવા દેશો નહિ. માનસિક જડતાને દૂર કરજો, આટલું થશે એટલે તમે હંમેશાં ઉંમરને ભૂલી જશો અને તમારું જીવન પ્રગતિમય બની રહેશે.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only